રાજાઓ અને પ્રબોધકો

THE KINGS
AND
THE PROPHETS

BY

THE REV. GEORGE STEVEN, D. D.

Re. 0–10–0

THE KINGS

AND

THE PROPHETS

BY

THE REV. GEORGE STEVEN, D. D.

Re. 0-10-0

THE KINGS

AND

THE PROPHETS

BY

THE REV. GEORGE STEVEN, D. D.

PRINTED AND PUBLISHED FOR

THE PUBLICATION FUND OF THE I. P. MISSION

BY REV. R. S. DICKEY, AT THE MISSION PRESS, SURAT.

Published with the kind permission of the Committee on Publications of Church of Scotland, Edinburgh

1940

1st Edition] [*500 Copies*

રાજાઓ અને પ્રબોધકો

ભાષાંતરકર્તા :

વડીલ મિ. જેમ્સ ભીકાભાઈ,

અમદાવાદ.

પ્રથમાવૃત્તિ] [પ્રત ૫૦૦

કિંમત ૧૦ આના

અનુક્રમણિકા

રાજાઓ અને પ્રબોધકો

પ્રકરણ ૧લું

ઈસ્રાએલીઓનો બળવો

(૧ રાજા. ૧૨.)

ઇ. સ. પૂર્વે ૯૩૭માં એટલે સુમારે ૩૦૦૦ વર્ષ ઉપર ઈસ્રાએલપુત્રોના પ્રતિનિધિઓની એક મહાસભા શખેમમાં એકઠી મળી હતી. તેઓ સુલેમાનની જગાએ રાજાની વરણી કરવા સારૂ દેશના બધા ભાગોમાંથી હાજર થયા હતા. એ જમાનામાં ગાદીનો વારસ વંશપરંપરા ઊતરતો ન હતો. જો કે રહાબઆમને યહૂદાહના લોકોએ રાજા તરીકે સ્વીકાર્યો હતો ખરો, તોપણ ઉત્તર પાલેસ્ટાઈનના લોકોને હજી તેની પસંદગી કરવાની બાકી હતી. આ વરણીનું પરિણામ બહુ જ અચોક્કસ હતું, કારણ કે ઉત્તર પાલેસ્ટાઈનના લોકો સુલેમાનની રાજનીતિ વિરુદ્ધ ઘણો જ બડબડાટ કરતા હતા, અને તેઓએ એવો ઠરાવ કર્યો હતો, કે નવા રાજા પાસે અસંતોષનાં કારણ નાબૂદ કરાવવાં. અલબત, રાજ્યની શરૂઆતથી જ ઉત્તર અને દક્ષિણ પાલેસ્ટાઈનના લોકો વચ્ચે અદેખાઈ તો ચાલી જ આવતી હતી. યહૂદાહને માનમરતબાનું સ્થાન મળેલું હોવાથી ઉત્તરના લોકો નાખુશ થયા હતા. વળી તે ઉપરાંત યરૂશાલેમમાં જ યહોવાહનું ભજનસ્થાન કેંદ્રિત કરવાનો પ્રયત્ન કરીને તેમજ વિદેશી દેવોનું ત્યાં ભજન કરવાની પરવાનગી આપીને સુલેમાન રાજાએ તેમને વધુ ઠોકરનું કારણ આપ્યું હતું. એ સર્વ ઉપરાંત તેણે તેમના પર કરવેરા તથા વેઠ લાદીને તેમને જમીનદોસ્ત કરી નાખ્યા હતા. એ સાધનો વડે તે રાજમહાલય અને મંદિરો બાંધીને યરૂશાલેમને શણગારતો હતો. હવે લોકોએ ઠરાવ કર્યો હતો, કે આ બાબતનો અંત આવવો જ જોઈએ.

ઉત્તર પાલેસ્ટાઇનના લોકોના સુલેમાનની સરકાર સામેના આ બળવામાં નબાટનો મહાબળીઓ પુત્ર નામે યરોબઆમ જે ઉત્તરનો વતની હતો તે તેઓનો નેતા હતો. તે સુલેમાનના ચાકરોમાંનો એક હતો. તે એટલો બધો હોશિયાર માલૂમ પડયો હતો કે તેને મંદિરને માટે પર્વતોમાં પથ્થર ઘડનાર તથા ઇમારતી લાકડાં કાપનાર માણસોની ટોળીનો મુકાદમ ઠરાવવામાં આવ્યો હતો. ત્યાં પોતાના સાથી વતનીઓ પર લાદવામાં આવેલા વેઠના બોજાનો ખ્યાલ તેને આવ્યો હોય, અને તેઓ પર ગુજરતા જુલમની વિરુદ્ધ તેઓ પ્રત્યે નેણે સહાનુભૂતિ દર્શાવી હોય એમ લાગે છે. તેના પરિણામે તેને પોતાનો જીવ બચાવવા સારૂ મિસરના રાજા શિશાકને આશરે નાસી જવું પડયું હતું. ત્યાંથી સુલેમાનના મૃત્યુ પછી તે પોતાના વતનમાં પાછો ફર્યો હતો, અને રાજ્યસુધારણાનો નેતા બન્યો હતો.

બહુ જ આશા અને સ્વાભિમાનભર્યો યરોબઆમ ઉત્તરથી શખેમ આવ્યો; વળી તેને ખાતરી હતી, કે તે બધા લોકોની વફાદારી મેળવી શકશે; વળી તેના પિતાનું ગૌરવ પણ ધારી અસર નીપજાવવામાં નિષ્ફળ ન નીવડે એવું હતું. તે તેના પિતાના સલાહકારો પર વિશ્વાસ રાખતો આવતો એક જુવાન પુરુષ હતો. તે સલાહકારોને તે પોતાની સાથે શખેમ લાવ્યો હતો. તેના જુવાન મિત્રો પણ સ્વાભાવિક રીતે જ તેની સાથે આવ્યા હતા. તેઓને તથા તેને લાગ્યું કે ભવિષ્ય આશાજનક અને આનંદદાયી છે. છેવટે સભાનો દિવસ આવી પહોંચ્યો. યરોબઆમે લોકોની વતી અરજ અને દલીલ રજૂ કરી: "તારા બાપે અમારા પર ભારે ઝૂંસરી નાખી હતી: તો હવે તારા બાપની સખત વેઠ તથા અમારા પર મૂકેલી તેની ભારે ઝૂંસરી તું હલકી કર, તો અમે તારે તાબે રહીશું." આ તો વાજબી માગણી હતી, પરંતુ એનો અર્થ એ થતો હતો, કે કરવેરાની નવેસરથી વ્યવસ્થા કરવી, અને રાજનીતિમાં પૂરેપૂરો ફેરફાર કરવો. રાજાએ એ વિષે વિચાર કરવા ત્રણ દિવસની મહેતલ માગી. પછી તરત જ તેણે તે સુધારણાના પ્રશ્ન વિષે પોતાના વયોવૃદ્ધ જ્ઞાનની સલાહકારોની સલાહ પૂછી. તેઓ તો તેના પિતાના પણ સલાહકાર હતા, અને તે રાજનીતિજ્ઞ પુરુષોએ પ્રજાના મહાત્મ્યના

ઘડતરમાં ઘણો ફાળો આપ્યો હતો. એ અરજનો અર્થ, તેમાં રહેલું ડહાપણ, તેનું મૂળરૂપ દુ:ખ, અને જે માણસોએ તે અરજ તેના ચરણે ધરી હતી તેમનો સ્વભાવ તેઓ સમજી ગયા હતા. તેથી તેઓએ રાજાને એ અરજ સ્વીકારવા ભારપૂર્વક સમજાવ્યો. તેઓએ તે અને દરેક જમાનાને બંધ બેસે એવા સૌથી અગાધ રાજકીય ડહાપણભર્યાં શબ્દોમાં પોતાના રાજાને સલાહ આપી, કે "જો તું આજે આ લોકોનો સેવક થઇશ, તેઓની સેવા કરીશ, તેઓને ઉત્તર આપીશ, ને તેઓને સારાં વચનો કહીશ, તો તેઓ સદા તારા સેવક થઇ રહેશે." ક્યારે નમતું જોખવું એ જાણવું એ રાજકર્તાઓને માટે એક મહાકળા છે. પરંતુ રહાબઆમ નમતું જોખવા માગતો ન હતો. તેનામાં મહત્ત્વાકાંક્ષા અને અહંકાર હતાં. જો તેણે નમતું જોખ્યું હોત તો તેનાં મહત્ત્વાકાંક્ષા અને અભિમાનનો નાશ થવાનો હતો. પછી તેના સ્વભાવ પ્રમાણે તેણે તેની સાથે ઉછરેલા જુવાન માણસોની સલાહ લીધી. તે એમ ધારતો હતો, કે નવી પરિસ્થિતિ તો કોઇ પણ વૃદ્ધ માણસ કરતાં તેઓ જ સારી પેઠે સમજતા હતા. તેઓએ તેને બળવાની સામે થવાની અને રાજા હું છું અને તમે નથી એવી ખબર પાડવાની સલાહ આપી. ત્રણ દિવસ પછી રાજાનો જવાબ સાંભળવા સભા ફરી મળી. તે દિવસે તેણે કહ્યું, "મારા બાપે તમારી ઝૂંસરી ભારે કરી, પણ હું તો તમારી ઝૂંસરી વધારે ભારે કરીશ; મારો બાપ તમને ચાબખાથી શિક્ષા કરતો, પણ હું તો તમને જેરબંધથી શિક્ષા કરીશ."

પ્રજાના દુ:ખની આ પાયમાલી કરનાર અવગણનાભર્યો જવાબ સાંભળીને શબવત્ મૌન પ્રસરી ગયું હશે એ આપણે સહજ કલ્પી શકીએ છીએ, પણ એ મૌન તો ક્ષણિક જ હતું. એ પછી તરત જ નવી પ્રજાએ એકત્ર પડકાર કર્યો, કે "દાઊદમાં અમારો શો ભાગ છે? યિશાઈના પુત્રમાં અમારો વારસો નથી; હે ઈસ્રાએલ, તમારે ઘેર જાઓ; હવે, હે દાઊદ, તારું ઘર તું સંભાળી લે." આમ માત્ર એક જ જુવાન માણસની મૂર્ખાઇને લીધે દાઊદ અને સુલેમાનના રાજ્યના બે ભાગ પડી ગયા.

માત્ર એક જ કુળના રાજા તરીકે રહાબઆમ યરૂશાલેમ પાછો ફર્યો. તે નમ્રતાથી પોતાનો ભાગ ભજવવા તૈયાર ન હતો, તેથી તેણે બળવો દબાવી દેવા

તાકીદે એક લશ્કર તૈયાર કર્યું. (રાજા તેઓને બેશક બળવાખોર ગણતો હતો). પરંતુ ઈશ્વરના એક પ્રબોધકે તેને તેમ કરવા મના કરી એથી નહિ, પરંતુ યરોબઆમના મળતિયા શિશાકે તેના પર ચઢાઈ કરી તેથી તેનો ઈરાદો બર આવ્યો નહિ. હવે મિસરના રાજાની સામે બચાવ કરવા માટે યહૂદાહનાં દક્ષિણનાં શહેરોની કિલ્લેબંધી કરવાની રહાબઆમને અગત્ય લાગી. છતાં શિશાકે તો તેમાંનાં ઘણાં શહેરો જીતી લીધાં અને તે યરૂશાલેમ સુધી જઈ પહોંચ્યો. વળી તેણે મંદિર તેમજ રાજમહાલયના ખજાનાનો મોટો ભાગ લૂંટી લીધો. તેના પાછા ગયા પછી રહાબઆમના મનમાં જૂનો વિચાર તાજો થયો. "તેઓની વચ્ચે લડાઇ કાયમ ચાલ્યા કરી." સીમા નક્કી કરવા માટે એ લડાઈ ૪૦ વર્ષ સુધી ચાલી. એ સમય યહૂદાહને માટે શોકજનક હતો, કારણ કે કચરાઈ મરેલા અને હૃદયભંગિત લોકોને એમ લાગ્યું, કે યહોવાહ તેમને મદદ કરવા પૂરતો સમર્થ નથી, એવા અવિશ્વાસને લીધે તેઓ મૂર્તિપૂજા તરફ વળ્યા: "તેઓએ ઉચ્ચસ્થાનો બાંધ્યાં, વેદી બાંધી અને દરેક ઉંચા પહાડ પર તથા લીલા વૃક્ષ નીચે અશેરાહ મૂર્તિ સ્થાપી."

આ વાંચીને સામાન્ય વાચકને યહૂદાહ પ્રત્યે સહાનુભૂતિ થશે. તેઓ ધારશે કે ઈસ્રાએલીઓએ પોતાના કાયદેસર રાજા સામે બળવો કર્યો એ ઠીક કર્યું નહિ. પરંતુ તે જમાનાના પ્રબોધકો દ્વારા પવિત્ર શાસ્ત્ર રાજ્યના આ ભાગલાને યથાર્થ ઠરાવે છે. તેઓ તો વેઠ કરતા મજૂરોની તરફેણમાં અને જુલમ ગુજારતા રાજાની વિરુદ્ધ હતા (૧ રાજા. ૧૧; ૨૯–૩૯: ૧૨; ૨૧–૨૪).

પ્રકરણ ૨જું

યરોબઆમ

(૧ રાજા. ૧૨; ૨૫-૩૩: ૧૩: ૧૪; ૧-૨૦)

ઇસ્રાએલપુત્રોનો મહાબળવો સફળ નીવડયો હતો, અને રક્તપાત થયા સિવાય તેઓએ સ્વાતંત્ર્ય પાછું મેળવીને પોતાના નેતા યરોબઆમને રાજા નીમ્યો. યરોબઆમ પોતાના રાજકારભારનું જે એક ખાસ જોખમ સમજી ગયો તે એ હતું કે તેને યરૂશાલેમના મંદિરના નિકટ સંબંધનો તથા તેમાં થતા ભજનનો સામનો કરવાનું હતું. એ જોખમને પહોંચી વળવા માટે તેણે ઉત્તરની લોકપ્રિય ધર્મિક લાગણીઓને આકર્ષવાનો તથા ઉત્તરની વસ્તીને તેમનાં સ્થાનિક સભાસ્થાનોમાં ભક્તિ કરવા ઉત્તેજિત કરવાનો નિશ્ચય કર્યો. તેઓમાં બેથેલ અને દાન તેમના ધાર્મિક જીવનનાં ભાવિ કેંદ્રો તરીકે પસંદ કરવામાં આવ્યાં. કાપણીની મોસમ યહૂદાહ કરતાં ઉત્તરમાં કંઇક મોડી આવતી, તેથી તેણે કાપણી માટે ઉપકાર-સ્તુતિનો દિવસ પાછલા મહિનામાં નક્કી કર્યો. વળી તેણે સામાન્ય જનતામાંથી યાજકો નીમીને યાજકપદ લોકપ્રિય બનાવ્યું. આ ફેરફાર તે જમાનાના ધાર્મિક લોકમતને અનુસરતો હતો એમ લાગે છે. પરંતુ યરોબઆમ ધાર્મિક પ્રશ્નો કરતાં રાજકીય પ્રશ્નોમાં વધારે રસ લેતો હતો, તેથી જેમ તે વખતથી આજ સુધી ઘણા રાજાઓ અને અધિકારીઓ કરતા આવ્યા છે તેમ યરોબઆમને પણ લોકોની ધાર્મિક લાગણીઓને રાજકીય હેતુ સાધવામાં વાપરવાનું પરીક્ષણ થયું. યરૂશાલેમમાં યહૂદીઓનું મંદિર હતું. તેમાં પવિત્ર અને ઐતિહાસિક કરારકોશ હતો, તેમાં દ્રવ્ય હતું અને ત્યાં ભભકાબેર ભજનવિધિઓ થતી હતી. ત્યાં ઉત્તરની વસ્તીને અર્પણ ચઢાવવા જવા દેવાથી તેઓ પરદેશી રાજાને તાબે થઇ જાય એવો સંભવ હતો. વખત જતાં તેઓ સ્વાતંત્ર્યને લગતી તેમની લડત ભુલી જાય, અને યહોવાહની ખાતર પોતાના અસલ રાજાને તાબે થવાની ઇચ્છાસહિત ઘેર આવે એવો સંભવ હતો. આ કારણથી યરોબઆમે

યરૂશાલેમ કરતાંએ બેથેલ તથા દાનમાં યહોવાહનું ભજન વધારે આકર્ષક બનાવવાનો નિશ્ચય કર્યો. લોકોની હલકી વૃત્તિઓને અસર કરે—તેઓના દૃશ્ય પૂજ્ય ચિહ્ન પરના પ્રેમને સંતોષે, અને કુદરતનાં પરાક્રમની તેમને લાગતી બીકને ઉત્તેજે માટે તેણે આ બે મુખ્ય સ્થળ—બેથેલ અને દાનમાં સોનાનો એકેક વાછરડો ઊભો કર્યો. આ તો યહોવાહ વિષે વિચાર કરવા માટે મગજને મદદરૂપ થાય માટે કરવામાં આવ્યું હતું; પરંતુ મૂર્તિઓ અદૃશ્ય ઈશ્વરને કદી પણ દર્શાવી શકતી નથી, એટલું જ નહિ પણ તે માણસોનાં મન કાયમને માટે ઈશ્વરને હાજરીમાં રાખી શકતી જ નથી. આવી રીતે તેણે બીજી આજ્ઞામાં મુસાએ દર્શાવેલો ઉચ્ચતર વિચાર તજી દીધો, અને ઈસ્રાએલ પાસે પાપ કરાવ્યું. આ ભયંકર દોષારોપણ તેની વિરુદ્ધ ચાલુ જ હતું. આ કામ તેણે રાજકીય હેતુ સાધવા કર્યું હતું, પરંતુ છેલ્લે સરવાળે સ્થાપેલા રાજ્યની તેણે પાયમાલી કરી. જેમ આપણે આ ઇતિહાસના અભ્યાસથી જોઇએ છીએ તેમ જ્યારે માણસો ઈશ્વરનો મહિમા વધારવા સિવાય બીજા કોઇ પણ હેતુને અર્થે ધર્મના ઉપયોગ કરે છે ત્યારે તેઓ પોતાને હલકા પાડે છે, અને પોતાના લોકોને ગુલામીની દશામાં લાવી મૂકે છે.

આ પહેલાં પ્રબોધકો યરોબઆમના પક્ષમાં હતા; પરંતુ સોનાના વાછરડા ઊભા કરવાનું ભયંકર પગલું તેણે ભર્યા પછી તેઓનો ક્રોધ સળગી ઊઠયો—આને લગતાં બે જાણવા જેવાં ઉદાહરણ આપેલાં છે. તેમાંનું જે પહેલું તે તો વીરત્વ અને કરુણારસ મિશ્રિત એક વાર્તા છે. એ અરસામાં શરદ્ ઋતુના તહેવાર ચાલતા હતા; દેશના દરેક ભાગમાંથી લોકો એકઠા મળ્યા હતા, અને યરોબઆમ પોતે બેથેલમાં વેદી પર અર્પણ ચઢાવતો હતો. એટલામાં એક અજાણ્યો માણસ એટલે "યહૂદાહમાંથી એક ઈશ્વરભક્ત" લોકસમૂહમાં માર્ગ કરી આગળ આવતો દેખાયો. છેવટે તે વેદી પાસે પહોંચ્યો, અને રાજાની હજૂરમાં ઊભા રહીને તેણે મોટે સાદે પોકાર્યું, કે "હે વેદી! વેદી! યહોવાહ કહે છે, કે જો, દાઊદના કુટુંબમાં યોશીયાહ નામે એક પુત્ર જન્મશે; અને તે તારા પર ધૂપ બાળનાર ઉચ્ચસ્થાનના યાજકોનો યજ્ઞ તારી જ ઉપર કરશે, ને લોકો તારા પર માણસનાં હાડકાં બાળશે.

તેજ દિવસે તેણે ચિહ્ન આપીને કહ્યું, કે યહોવાહે જે ચિહ્ન આપ્યું છે તે આ છે, કે વેદી ફાટી જશે, ને તે પરની રાખ વેરાઇ જશે." આ ઇશ્વરભક્તની આજુબાજુ સેંકડો માણસો તેને મારી નાખવા તૈયાર હતા, છતાં આ વચનો બહાદુરીથી અને જીવના જોખમે કહેવામાં આવ્યાં હતાં. યરોબઆમ તેને પકડી લેવાનો પ્રયત્ન કરતાં પોકારી ઊઠયો, કે "એને પકડો," પરંતુ એજ વખતે તેનો હાથ સુકાઇ ગયો, તેથી તે તે પાછો ખેંચી શકયો નહિ. એ આફતમાં રાજાએ ઇશ્વરની પ્રાર્થના કરવા તે ઇશ્વરભક્તને અરજ કરી, તે તેણે સ્વીકારી અને તે સાજો થયો. રાજાએ આભારી અંતઃકરણે ઇશ્વરભક્તને પોતાને મહેલે પધારવા આમંત્રણ આપ્યું. તે પોતા પ્રત્યે દર્શાવવામાં આવેલી કૃપાનો કંઇક બદલો વાળવા ચહાતો હતો, પરંતુ તે પ્રબોધકે કહ્યું, કે મને ઇશ્વરની સખત મનાઇ છે, કે મારે આ જગાએ રોટલી ખાવી નહિ કે પાણી પીવું નહિ, કે આવ્યો હતો તે રસ્તે પાછા ઘેર જવું નહિ. સોનાના વાછરડાનો પવિત્ર વાડો તજીને તે જેટલી ઉતાવળથી આવ્યો હતો તેટલી જ ઉતાવળથી યહૂદાહ પાછો જવા નીકળી પડયો. આ બનાવના સમાચાર સારા શહેરમાં પસરી ગયા. બેથેલનો એક વૃદ્ધ પ્રબોધક કે જેના પુત્રોમાંનો એક આ પ્રસંગે હાજર હતો તેણે આ વાત સાંભળીને યહૂદાહના ઇશ્વરભક્તને ઠગવાનો તથા તેનો સંદેશો રદ કરવાનો વિચાર કર્યો. તે જે રસ્તે ગયો હતો તેની તપાસ કરીને તે પોતાના ગધેડા પર સવાર થયો, તેની પાછળ પડયો અને તેને પકડી પાડયો. તેણે તેને કહ્યું, કે "મારી સાથે ઘેર ચાલ ને રોટલી ખા. હું પણ તારી માફક પ્રબોધક છું; યહોવાહના કહેવાથી એક દૂતે મને કહ્યું, કે એને તારી સાથે તારે ઘેર પાછો તેડી લાવ, કે તે રોટલી ખાય ને પાણી પીએ. પણ તે એને જૂઠું કહેતો હતો." યહૂદાહના આ બહાદુર પ્રબોધકને બે સંદેશા મળ્યા. એક તો ઇશ્વરનાં વચનો દ્વારે તેના પોતાના અંતઃકરણમાં કહેવામાં આવ્યો હતો. અને બીજો તો પહેલા સંદેશાથી તદન ઊલટો અને એક તદન અજાણ્યા માણસના મુખથી સાંભળ્યો હતો. એ બેમાંના કયા સંદેશા પ્રમાણે તેણે કરવું જોઇતું હતું? તે યહૂદાહ તરફથી પાછો ફર્યો, ઇશ્વરથી વિમુખ થયો અને જે માણસ તેને કલંક લગાડવા ચહાતો હતો તેના સંદેશાને તે અનુસર્યો!

સાંજે વાળુ કરતી વખતે તે જૂઠા પ્રબોધકે (પોતાના સાથી સેવકને છેતરવાના દુઃખના માર્યા) ઈશ્વરના સંદેશાને એક જ વાર આધીન થઈને તેના પરોણાને કહ્યું, કે પોતાની પ્રેરકબુદ્ધિ સિવાય બીજો સંદેશો સાંભળવાથી તું તારૂં ઘર ફરીથી જોવા પામશે નહિ. તે પછી યહૂદાહનો તે ઈશ્વરભક્ત ભાગ્યે જ બેથેલથી નીકળ્યો હશે, એટલામાં એક સિંહે તેના પર હુમલો કરીને તેને ફાડી નાખ્યો. આ પરથી આપણે શીખીએ છીએ કે આપણે આપણી પ્રેરકબુદ્ધિની વિરુદ્ધના કોઈ પણ સંદેશાને અનુસરવાની ધૃષ્ટતા કરવી નહિ, પછી તે ભલે પ્રબોધકનો હોય કે બીજા ગમે તેનો હોય.

બીજું ઉદાહરણ તો યરોબઆમનું પાપ તેને પોતાને આંગણે વિપત્તિ કેવી રીતે લાવ્યું તે આપણને બતાવે છે. તેનો પુત્ર ભયંકર માંદગીમાં સપડાયો. તેના વિષે તેના જૂના મિત્ર અહીયાહનો શો અભિપ્રાય છે તે જાણવા તે ચિંતાતુર હતો. પરંતુ કદાપ તે પોતા પર ગુસ્સે થાય એવી બીકથી તેણે પોતાની સ્ત્રીને છૂપા વેશમાં પૂછપરછ કરવા મોકલી. જો કે પ્રબોધક આંધળો હતો, તોપણ તેની આંતરિક ચક્ષુઓ બહાર એમાંનું કશું જ ન હતું. તેણે કહ્યું, કે "યરોબઆમની સ્ત્રી, તું અંદર આવ; તું શા માટે બીજી કોઈ સ્ત્રી હોવાનો ડોળ કરે છે? તને દુઃખદાયક ખબર કહેવા માટે મને તારી પાસે મોકલવામાં આવ્યો છે." તે પછી તેણે તે દુઃખી સ્ત્રીને તેના પતિના ઘર પર વરસનાર આફતો કહેવા માંડી: માંદો બાળક એકલો જ કબરમાં દટાવા પામશે, અને તું નગરમાં પગ મૂકશે કે તરત જ તે મરણ પામશે. એ કરતાં અધિક શાપ તેનો પતિ તે ભૂમિ પર લાવ્યો હતો તે દર્શાવતાં તેણે કહ્યું, કે "જેમ બરુ પાણીમાં આમતેમ ઝોલા ખાય છે, તેમ યહોવાહ ઇસ્રાએલને મારશે; અને આ સારો દેશ જે તેણે ઇસ્રાએલના પિતૃઓને આપ્યો હતો તેમાંથી તેઓને નિર્મૂળ કરીને નદીને પેલે પાર વિખેરી નાખશે." એક મહત્ત્વાકાંક્ષી અને ઈશ્વરહીન માણસ પોતાના દેશ પર એવી જ ભયંકર વિપત્તિ લાવે એ નિર્વિવાદ છે.

પવિત્ર શાસ્ત્રમાં ધાર્મિક રસ ખરેખર, પ્રાધાન્ય ભોગવે છે. પરંતુ આ અને બીજાં રાજ્યોમાં એ કરતાં ઓછા મહત્ત્વની બાબતો પ્રત્યે આપણે દુર્લક્ષ રાખવું નહિ. યરોબઆમ તો એક રાજનીતિજ્ઞ પુરુષ હતો, અને પોતાના રાજ્યની

શરૂઆતથી જ તેણે સરહદનાં શહેરોની કિલ્લેબંદી કરાવવા કાળજી રાખી. તેણે શખેમને પાટનગર બનાવ્યું, તોપણ તે પોતાની કચેરી તિર્સાહમાં ભરતો હતો. એમ લાગે છે કે તેના કોઈ કાવતરાને લીધે શિશાકે યહૂદાહ પર સવારી કરી હોય એ સંભવિત છે. તેણે બેથેલ તથા દાનમાં કર્મક્રિયામાં જે ફેરફાર કર્યા તે ખરેખર આપણને ઠોકરરૂપ લાગે છે, કારણ કે તે ઈસ્રાએલના વિધિઓની બહુવિધ વિરુદ્ધ ખરા, પરંતુ જાહેર લોકમતને અનુસરતા હતા, અને પ્રબોધકોને પણ તે સ્વીકાર્ય લાગ્યા. સનાતન ઈશ્વરની પ્રતિમા તરીકે સોનાના બે વાછરડા ઊભા કરવા એ પ્રબોધકોની દૃષ્ટિએ અસહ્ય હતું.

અહીયાહની ભવિષ્યવાણીએ તરત જ મૂર્ત સ્વરૂપ લીધું. યરોબઆમના પુત્ર નાદાબે માત્ર ટૂંક મુદ્દત જ રાજ કર્યું. શારોનના મેદાનની એક કોરે આવેલાં શહેરોમાંના એક શહેરના ઘેરા વખતે પલિસ્તીઓ સામેની લડાઈમાં બાઅશાએ તેને ઠાર કર્યો, તે તેની ગાદી પચાવી પડયો અને તેના કુટુંબનું નિકંદન કર્યું.

પ્રકરણ ૩જું

ઈસ્રાએલમાં અરાજકતા

(૧ રાજા. ૧૫ : ૧૬ ; ૧-૨૮)

આપણે જોઇ ગયા તેમ પાલેસ્ટાઇનમાં બે રાજ્ય સ્થાપન થયાં હતાં. થોડી વાર સુધી એ રાજ્યોનો ઇતિહાસ બાજુએ મૂકી તેઓની આજુ-બાજુની પ્રજાઓ સાથે તેમનો સંબંધ કેવો હતો એ જોવું આવશ્યક છે. યરદન નદીની પૂર્વપશ્ચિમે આવેલો આખો પાલેસ્ટાઇન સુમારે કચ્છ જેવડો હતો, અને દક્ષિણે આવેલું યહૂદાહ રાજ્ય તો તેના અર્ધા ભાગ કરતાં કંઇ વિશેષ મોટું ન હતું. એ તો પહાડી પ્રદેશ હતો. વળી તેનો અર્ધો ભાગ તો લગભગ અરણ્ય જેવો હતો. વસ્તી પહાડી લોકોની હતી. તેમનો મુખ્ય ધંધો ઢોર પાળવાનો હતો; દેશના ગરમ ભાગમાં તેઓ દ્રાક્ષાવાડીઓ અને ખીણના પ્રદેશોમાં અનાજનું વાવેતર કરતા. આધુનિક વિચાર પ્રમાણે તે એક નાની પ્રજા હતી, અને પાટનગર યરૂશાલેમની ચારે બાજુ વસી રહી હતી. આજુબાજુ આવેલાં ગામ તેના તથા એક બીજા પર આધાર રાખતાં હતાં. ઉત્તરનું રાજ્ય વધુ વિશાળ, સમૃદ્ધવાન, ફળદ્રુપ અને વસ્તીવાળું હતું. તે પણ પહાડી હતું. તેમાં આવેલી યિઝ્રએલ અથવા એસ્દ્રાલોનની ખીણ તેના વચ્ચેથી બે ભાગ પાડતી હતી. જો કે આ બે રાજ્ય નાનાં હતાં, તોપણ પ્રાચીન દુનિયાના ઇતિહાસમાં તે એક સૌથી અગત્યનું સ્થાન ધરાવતાં હતાં. જો આપણે નકશા તરફ દૃષ્ટિ કરીશું તો આપણને માલૂમ પડશે કે તે એશિયા તથા આફ્રિકા ખંડની વચ્ચે આવેલાં છે. વળી એ જમાનાની બે મહાન પ્રજા એસ્સી-રીઅન* અને મિસર વચ્ચેનો વ્યાપારી માર્ગ પાલેસ્ટાઇનમાં એટલે યિઝ્રએલની ખીણમાં થઇને જતો હતો. આ કારણથી એ ખીણ એ બે પ્રજાઓનું રણક્ષેત્ર બની ગઇ હતી, અને ઇસ્રાએલપુત્રો પર સ્વામીત્વ સ્થાપવાનો હેતુ એ હતો કે તેઓ દુનિયાનો વેપાર હાથ કરે.

---

* એટલે આશ્શૂર

આપણે અગાઉ કહી ગયા છીએ કે સરહદને માટે યહૂદાહ અને ઇસ્રાએલ ચાળીસેક વર્ષ પર્યંત લડ્યાં હતાં. એ તો ખરૂં જ છે કે યહૂદાહ તો દાઊદના વંશનું રાજ્ય છે એમ કબૂલ કરવા ઇસ્રાએલ રાજ્યના લોકો તૈયાર હતા, પરંતુ ઇસ્રાએલનું સ્વાતંત્ર્ય સ્વીકારવા યહૂદાહના લોકો ખુશી ન હતા. દાઊદ અને સુલેમાને દેશને પરાક્રમના ગૌરવી સ્થાને પહોંચાડ્યો હતો, ત્યાંથી તે આજે દુર્બળતાને પામ્યો હતો. એવા સંજોગોમાં ઇસ્રાએલ રાજ્યને વશ કરવા તથા દેશના ભાવિ ગૌરવને અર્થે એકત્ર કરવા પ્રેરાએલા યહૂદાહ રાજ્યના પુનઃ પુનઃ કરવામાં આવેલા પ્રયત્નો ગેરવાજબી ન હતા.

બાઅશાએ યરોબઆમના આખા કુટુંબનો નાશ કર્યો હતો. તે ઇસ્રાએલ પર રાજ કરતો હતો. રહાબઆમ પણ મરણ પામ્યો હતો, અને તેનો પૌત્ર આસા યહૂદાહમાં રાજ કરતો હતો. "યહૂદાહના રાજા આસા તથા ઇસ્રાએલના રાજા બાઅશાની વચ્ચે તેમની આખી કારકિર્દી દરમિયાન વિગ્રહ ચાલતો હતો, અને બાઅશા તથા ઇસ્રાએલ રાજ્યના લોકોએ આસા અને યહૂદાહના લોકો પર જય મેળવ્યો હતો." સીમાને માટે ચાલતી પ્રાચીન લડાઇ હજી પણ ચાલુ હતી. એ આપત્તિમાં આસાએ દમસ્કના રાજા બેન-હદાદ પહેલાની મદદ માગી. તેણે મંદિર તથા રાજમહાલયમાંથી એકઠાં કરેલાં નાણાંની એક મોટી રકમની ભેટ બેનહદાદને મોકલીને બાઅશાની સામે લડવા પોતાને સાથ આપવા વિનંતી કરી. એથી ખુશ થઇને બેન-હદાદે તરત જ ઇસ્રાએલની છેક ઉત્તરનાં શહેરોને ઘેરો ઘાલવા પોતાના સૈન્યને રવાના કર્યું. તેનો સામનો કરવા બાઅશા યહૂદાહ છોડી ગયો. આવી રીતે આસા ફરી વાર મુક્ત થયો. તેણે ખોએલાં સ્થળો પાછાં મેળવ્યાં અને ભાવિ હુમલા સામે બચાવ કરવા સારૂ સીમા પર આવેલાં શહેરોમાં કિલ્લેબંદી કરી.

ચોવીસ વર્ષ રાજ કર્યાં પછી બાઅશા મરણ પામ્યો. તેની પછી તેનો પુત્ર એલાહ ગાદીએ આવ્યો. હવે આપણે ઉત્તરના રાજ્યના ઇતિહાસના સૌથી અંધકારમય સમયમાંના એકમાં પ્રવેશ કરીએ છીએ. એકબે વર્ષ સુધી તો કેવળ અરાજકતા વર્તી રહી હતી, અને ગાદી

મેળવવા એક સૈનિક બીજા સૈનિક સાથે લડી રહ્યો હતો, એલાહે પલિસ્તીઓ સાથે યુદ્ધ પુનઃ શરૂ કર્યું હતું. તેના સેનાપતિમાંના એક ઓમ્રીએ ગિબ્બથોનને ઘેરો ઘાલ્યો હતો, અને એક બીજો સેનાપતિ નામે ઝીમ્રી તિર્સાહમાં હતો. યુદ્ધસ્થળે રહેવાને બદલે એલાહ તો "આર્સા નામે તેના એક ખાનગી કારભારીના ઘરમાં પીને નિશામાં ચકચૂર થયો હતો." ઝીમ્રીએ એ તકનો લાભ લીધો, અને ઘરમાં પેસીને તેણે એલાહને મારી નાખ્યો અને પોતે રાજા બન્યો. ગાદી માટે એકે પ્રતિસ્પર્ધી રહે નહિ માટે તેણે બાઅશાના આખા કુટુંબનો નાશ કર્યો, અને એકે નરવારસ જીવતો રહેવા દીધો નહિ. પરંતુ જ્યારે ખૂન કરીને ગાદી મેળવવામાં આવે છે ત્યારે ઘણા પ્રતિસ્પર્ધીઓ ઊભા થયા વગર રહેતા નથી. ઝીમ્રીએ રાજાનું ખૂન કર્યાના અને પોતે રાજ્ય પચાવી પડયાના સમાચાર જ્યારે ગિબ્બથોન પહોંચ્યા ત્યારે લશ્કરનો ક્રોધ ભભૂકી ઊઠયો, અને તેણે પોતાના સેનાપતિ ઓમ્રીને રાજા તરીકે જાહેર કર્યો. તત્કાળ જ ઓમ્રીએ તિર્સાહ તરફ કૂચ કરી, તે જીતી લીધું અને ઝીમ્રીને કિલ્લામાં ઘેરી લીધો. જ્યારે ઝીમ્રીએ જોયું કે ઉગરવાનો એકે આરો રહ્યો નથી, ત્યારે તેણે કિલ્લો સળગાવી દીધો અને તેની ભભુકતી જ્વાળામાં તે પણ ભસ્મીભૂત થઇ ગયો! તેણે માત્ર સાત દિવસ રાજ કર્યું! એટલામાં આ આંતર વિગ્રહનો અંત આવ્યો નહિ. હવે જેઓ ઝીમ્રીના પક્ષકાર હતા તેઓએ ગીનાથના દીકરા તિબ્નીને ગાદીવારસ તરીકે ઊભો કર્યો. ત્રાસજનક ચાર વર્ષો પર્યંત વિગ્રહ ચાલ્યો. છેવટે ઓમ્રીનો જય થયો અને તિબ્ની પણ મરણ પામ્યો. ઓમ્રી વિષે ઝાઝું કહેવા જેવું નથી. "તેણે શેમેર પાસેનો સમરૂન પર્વત બે તાલંત રૂપું આપીને ખરીદ કર્યો," અને તે પર એક નગર વસાવ્યું. તે લાંબી મુદત સુધી નામીચું હતું. આમ છતાં ઇસ્રાએલ રાજ્યના લોકોને તે ખરેખરી મદદ કરી શકયો નહિ.

યરોબઆમના મૃત્યુથી ઓમ્રીના મૃત્યુ સુધીમાં સુમારે ૩૬ વર્ષ વીતી ગયાં. એ દરમિયાન ૬ રાજા થયા: બેનાં ખૂન થયાં; એકે સાત દિવસ રાજ કર્યા પછી આત્મહત્યા કરી; બે જણ તેમના પિતાના મૃત્યુ બાદ કાયદેસર ગાદીએ આવ્યા હતા; અને બે જણને તો લશ્કરે ગાદીએ બેસાડ્યા હતા. આ બધું જ્યારે

આપણે વાંચીએ છીએ ત્યારે સામાન્ય જનતાની કંગાલિયત આપણે સહેજે સમજી શકીએ છીએ. આવા અંધકારમય યુગમાં તેમને જ વિશેષ ભોગવવું પડે છે. તેમના હિતાર્થે, તેમની સહીસલામતી અને ઉત્ક્રાંતિ માટે જ રાજાઓનું અસ્તિત્વ હોવું જોઈએ. વળી એવા જમાનામાં ઈશ્વર તથા તેના ધર્મનું શું? તેની સેવા કરવા અને તેનામાં સુખાનુભવ કરવા માટે જ પ્રજાઓનું અસ્તિત્વ હોવું જોઈએ. તેમ છતાં આ રાજાઓએ તો પોતાના સ્વાર્થી હેતુ બર લાવવા માટે ઈશ્વરને એક સાધન તરીકે માન્યો હોય એમ લાગે છે. પરંતુ ઈશ્વર કે જગતની સેવા કરવાનો સૌથી મુખ્ય પ્રશ્ન વહેલો ઉપસ્થિત થવાનો હતો. વળી એ બાબતમાં સર્વ સમયની પ્રજા તથા પેઢીઓને પ્રકાશિત કરવા સારૂ આ બારેમાં બારે ઝગડો વહેલો ફાટી નીકળવાનો હતો.

પ્રકરણ ૪ થું

યહોવાહ કે બઆલ

(૧ રાજા. ૧૭ : ૧૮ ; ૧-૧૯)

હવે અહીં આપણે એક બાજુએ ઈશ્વર, માણસ અને દુનિયાને અંગે આત્મિક મત તથા બીજી બાજુએ તેમને અંગે કુદરતી મત વચ્ચેનો જીવનમરણનો ઝગડો જોઈશું. આ ઝગડાનો અંત તો જ્યારે ઇસ્રાએલી પ્રજાનો નાશ થશે ત્યારે જ આવશે. આ અરસામાં તે ઝગડો કેવી રીતે ઉપસ્થિત થયો તે વિષે સમજવા આપણે હમણાં પ્રયત્ન કરવો જોઈએ.

જ્યારે ઇસ્રાએલપુત્રોએ કનાનમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાંના વતનીઓ બઆલ નામે ઓળખાતા તેઓના દેવોની પૂજા કરતા હતા. કનાનીઓની દૃષ્ટિએ તો આ જગતમાં જે સૌથી અજાયબ જેવી બાબત લાગતી તે તો જીવન વિષે હતી; એટલે છોડવા તથા ઝાડમાંથી ઊપજતાં ફળ ; પૃથ્વીમાંથી ઊપજતાં ફળ ; જીવજંતુઓ તથા જનાવરોનાં ફળવાન જીવન ; અને બાળકોનો જન્મ તથા આનંદ, તેમજ જ્યારે સૂર્ય પૂર્વ દિશામાં આકાશમાં ઊંચે ને ઊંચે ચઢતો જતો ત્યારે પૃથ્વીનું સૌંદર્ય અને તેની ફળદ્રુપતા ખીલી નીકળતી. વળી જ્યારે શરીરમાંનું લોહી ગરમ થતું, અને આશાઓ તથા ઇચ્છાઓને નવો આવેગ મળતો ત્યારે માણસો પોતાને સહજ પૂછતાં કે એ બધાનો અર્થ શો હશે અને તે ક્યાંથી આવ્યાં હશે? તેનો જવાબ તેઓ એવો આપતા કે એ જીવન તો બઆલે આપેલું એક દાન છે, અને તે પોતે જ દેવી છે. પોતાનાં ખેતરોને પાણી પૂરું પાડનાર વહેળા, સૂર્યની ગરમી, જુવાની તથા તેનો આનંદ, એ બધું બઆલે આપ્યું છે. આવી માન્યતાથી તેઓએ તેની વેદીઓ બાંધી, અને સંકટના સમયે તેને હાંક મારી; વળી તેઓએ એમ ધાર્યું, કે અંતઃકરણમાં ઉદ્‌ભવતી જીવનની દરેક વૃત્તિમાં બઆલને આધીન થવાથી અમે તેની સેવા કરીએ છીએ, તેઓએ બઆલના પ્રબોધકો તથા યાજકો નીમ્યા હતા, અને તેને અર્પણો ચઢાવવામાં આવતાં હતાં : દરેક પર્વતના

શિખર પર તથા દરેક લીલા વૃક્ષ નીચે બઆલની મુલાકાત અને તેનું ભજન થઇ શકે છે એમ તેઓ માનતા હતા.

હવે ધાર્મિક યહૂદીઓની દૃષ્ટિએ આ તો ખાસ કરીને ધિક્કારપાત્ર લાગતું હતું. તેમના દેવે ઈસ્રાએલપુત્રોને પોતાની સેવા કરવા સારૂ પસંદ કર્યા હતા. તેણે તેમને મિસરમાંથી છોડાવી લાવીને કનાનમાં વસાવ્યા હતા, તે એટલા માટે કે તેઓ તેને એકલાને જ આજ્ઞાંકિત રહે. હવે ઈશ્વર પ્રત્યેનું આજ્ઞાંકિતપણું તો નીતિવિષયક આજ્ઞાંકિતપણું હતું. તેઓએ નિર્દોષ અને ન્યાયી હોવું જ જોઇએ, ગરીબ અને નિરાધાર માણસોનો પક્ષ લેવો જ જોઇએ; તેઓ અરસપરસના વ્યવહારમાં પ્રામાણિક અને સાચા હોવા જ જોઇએ; અને વળી બધી જ બાબતોમાં તેઓના પોતાના દેવ પ્રત્યે વિશ્વાસુ હોવા જ જોઇએ, કારણ કે તે તો આસ્થાધારી દેવ છે. યહોવાહ એકલો જ સાચો દેવ છે અને મુસા તેનો પ્રબોધક છે. એજ દેવને તેઓ વેદીઓ પર અર્પણ ચઢાવતા હતા; સંકટને સમયે તેના જ પર તેઓ આધાર રાખતા હતા, તેનો જ ઉપકાર માનતા હતા અને લડાઇના સમયમાં તેને જ માટે લડતા હતા. યહોવાહના પણ પ્રબોધકો હતા. તેઓ વિષે આપણે ક્યારનુંએ થોડુંઘણું સાંભળ્યું છે. વળી જેમ જેમ વર્ષો વીતશે તેમ તેમ આપણે તેમના વિષે વધુ ને વધુ જાણીશું. છેવટે તેઓ જ દેશના સૌથી મહાન શિક્ષકો તથા રાજનીતિજ્ઞ પુરુષો થવાના હતા. ખરેખર, તેઓને જ લીધે ઇસ્રાએલ-પુત્રોનો ઇતિહાસ દુનિયાને આટલો બધો અગત્યનો થઇ પડ્યો છે. હવે જેણે આત્મિક ધર્મને માટે યુદ્ધ આરંભ્યું એવા ઇશ્વરના એક પ્રબોધક-ના પરિચયમાં આપણે આવીશું. એ યુદ્ધ તો જ્યાં સુધી પ્રભુ ઈસુ ખ્રિસ્ત જીત પામશે નહિ ત્યાં સુધી કદી જ અટકવાનું નથી.

ઓમ્રી પછી તેનો પુત્ર આહાબ ઇસ્રાએલની ગાદીએ આવ્યો. તે સીદોનીઓના રાજા એથ્બઆલની દીકરી ઇઝેબેલ સાથે પરણ્યો હતો. હવે આપણા વિચાર પ્રમાણે તો તેના પોતાના ઘરમાં તેના દેવનું ભજન તેને કરવા દેવું એ વિવેકનું કામ ગણાય. તેનો દેવ તો મેલ્કાર્થ નામે ઓળખાતો તુરનો બઆલ હતો. પરંતુ આહાબ તો એ કરતાં આગળ

વધ્યો, અને તેને માટે સમારીઆમાં તેણે એક મંદિર બંધાવ્યું, તથા તેમાં એક વેદી ઊભી કરીને અશેરાહ મૂર્તિની સ્થાપના કરી! આમ કરવાથી તેણે જે ખાસ ગુનો કર્યો તે એ હતો, કે જે અતિશય ભૂંડાઇ દેશમાં પ્રબળ થતી ગઇ તેને તેણે ઉત્તેજન આપ્યું. માણસો પોતાના અધમ આવેગ અને પોતાની પ્રેરકબુદ્ધિ એ બંનેની સેવા એકી સાથે કરી શકતા નથી એ વાત ભૂલી જઇને ઇસ્રાએલપુત્રો પવિત્ર દેવ યહોવાહ અને કુદરતરૂપી દેવ બઆલની પૂજા કરવા લાગ્યા હતા. એથી આવી અધમ રીતે કરવામાં આવતા ઇશ્વરભજનને ઉત્તેજન આપીને રાજા તેમને મદદ કરી રહ્યો હતો. વળી તેણે આ ખોટા ધર્મ પ્રત્યે એટલી હદ સુધી ઉદારતા દર્શાવી હતી કે તેણે રાણી ઇઝેબેલને યહોવાહના અનુયાયીઓની સતાવણી પણ કરવા દીધી હતી. વળી તે કામમાં તે એટલે સુધી આગળ વધી હતી કે બાહ્ય દૃષ્ટિએ તો એમજ લાગતું કે તેણે તેમનું નિકંદન કરી નાખ્યું છે. સામાન્ય જનતાનાં હજારો માણસો તેનાથી એટલાં બધાં ચોંકી ઊઠયાં હતાં, કે પોતાનો જીવ બચાવવા માટે ઇશ્વર પરનો તેમનો વિશ્વાસ ડગી ગયો હતો; વળી બીજાં કેટલાંક તો રાજીખુશીથી દરેક બાબતમાં રાજારાણીને અનુસરતાં હતાં. વળી કેટલાંક તો કદાપિ એમ પણ ધારતાં કે રાણીના ધર્મમાં કેટલુંક સત્ય તો સમાએલું છે! તોએ એ પણ નિર્વિવાદ છે, કે યહોવાહને ગુપ્તમાં ભજનારાં પણ હતાં એ આપણે જોઇશું, પરંતુ બધા બાહ્ય દેખાવમાં તો એમજ લાગતું હતું કે તેણીએ ઇસ્રાએલપુત્રોમાંથી સાચા વિશ્વાસનાં મૂળ ઉખેડી નાખ્યાં હતાં.

હવે એકાએક વાતાવરણ બદલાય છે. એક વખતે જ્યારે રાજા તથા તેના દરબારીઓ વાર્તાલાપ કરતા હતા ત્યારે બહુ દૂર પૂર્વનો એક ઉદ્ધત જેવો લાગતો રહીશ એકાએક તેઓની હજૂરમાં આવી ઊભો અને બોલ્યો "ઇસ્રાએલના દેવ યહોવાહની સંમુખ હું ઊભો રહું છું, ને તેના જીવન સમ [ખાઇને કહું છું], કે હવેનાં વરસોમાં ઓસ તથા વરસાદ કેવળ માર કહેવા પ્રમાણે જ પડશે." તે પછી એ એકાએક અલોપ થઇ ગયો અને ક્યાં ગયો તેની ખબર કોઇને પડી નહિ. દિવસો વીતી ગયા પણ વરસાદ વરસ્યો નહિ. દિવસો પછી સપ્તાહ અને સપ્તાહ પછી મહિના વીતી ગયા ત્યારે લોકોને ખાતરી થઇ કે જેણે એ વાત કહી હતી તે તો એ

પ્રબોધક હતો. પૂર્વના દેશમાં વરસાદની તાણુથી સર્વ ઝરણુ સુકાઇ જાય છે, અને તેના પરિણામે પાયમાલી અને દુકાળ સિવાય બીજું કશું જ જોવામાં આવતું નથી. નદીનાળાં અને કૂવાનાં પાણી સુકાઇ જાય છે અને જનાવરો માટે પાણી અને ઘાસચારો મળતાં નથી. વળી ગરીબ માણસો પણ ખોરાકપાણી વગર હેરાન થાય છે. દુકાળનું દુઃખ ચોતરફ ફેલાઇ ગયું હતું. આને લગતાં બે દૃષ્ટાંત એલીયાહના જીવનમાંથી અહીં મળી આવે છે, અને એજ એલીયાહ ઉપર્યુક્ત જણાવેલ પ્રબોધક હશે. આહાબ પાસેથી નીકળ્યા પછી ઇશ્વરે તેને યરદનની પૂર્વમાં આવેલી ઉજ્જડ જગાઓમાંની એક વાડી જેવી જગાએ મોકલ્યો. ત્યાં કાગડાઓએ તેનું પોષણ કર્યું, અને સુકાઇ જતા કરીથ નાળાનું તેણે પાણી પીધું હતું. ત્યાં જ્યારે જીવન નીભાવવું અશક્ય લાગ્યું ત્યારે તેને દેશ પાર ઇઝેબેલના વતનમાં મોકલવામાં આવ્યો. ત્યાં એક ક્ષુધાતુર વિધવાએ તેને આશરો આપ્યો, અને માટલીમાંના મેંદા અને કૂંડીમાંના તેલમાંથી તેને ખોરાક આપ્યો. ઇશ્વરના પ્રીતિમય પરાક્રમથી માટલીમાંનો મેંદો અને કૂંડીમાંનું તેલ ખૂટી ગયાં નહિ.

છેવટે દુકાળે એવું ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું કે રાજા તથા તેના કુટુંબ પર પણ તેની ભારે અસર થયા વિના રહી નહિ. ઘોડા તથા ખચ્ચરને માટે ઘાસચારો મેળવવા સારૂ તેમને ઘણી જ તકલીફ પડતી, એટલે સુધી કે રાજા પોતે પણ પોતાના એક સૌથી વિશ્વાસુ ચાકરની સાથે ઘાસચારો શોધવા નીકળી પડયો હતો. આહાબ અને ઇઝેબેલ તો કુદરતરૂપી દેવ પર વિશ્વાસ રાખતાં હતાં, પણ કુદરત તો તેમને મોતના મોંમાં ધકેલી રહી હતી! તેઓ તો ધારતાં હતાં કે જીવન તો દુનિયામાં મહા બળવાન પરાક્રમ છે, પરંતુ એવાં જીવન તો તેમની ચારેબાજુએ નાશ પામતાં હતાં! આવી રીતે ઇશ્વર હવે પછી થવાના યુદ્ધને સારૂ માણસોનાં મન તૈયાર કરતો હતો. ઓબાદ્યાહ નામે આહાબનો એક વિશ્વાસુ સેવક ઘાસચારાની શોધમાં નીકળેલો હતો. તેની આગળ એલીયાહ ઓચિંતો ખડો થયો, અને તેને રાજાને તેડી લાવવા કહ્યું. ઓબાદ્યાહ સન્માનપૂર્વક તેના પગે પડયો, અને તેને કહ્યું, કે હું તો યહોવાહના પક્ષનો છું અને શિક્ષાપાત્ર નથી. તેણે કહ્યું, કે "હમણાં હું તારી પાસેથી જાઉં ને કદાચ તરત

એમ બને, કે યહોવાહનો આત્મા હું ન જાણું ત્યાં તને લઇ જાય; ને હું જઇને આહાબને ખબર આપું, ને તું તેને ન મળે, એટલે તે મને મારી નાખે." ઓબાદ્યાહ તો પ્રબોધકનો મિત્ર હતો, તેની તેણે તેને ખાતરી કરી આપી, કારણ કે તેણે એ ભયકારક સમયમાં યહોવાહના સો પ્રબોધકોનું રક્ષણ કર્યું હતું, તથા તેમને ખોરાક પૂરો પાડયો હતો. એલીયાહે તેને વચન આપ્યું કે તું પાછો આવશે ત્યાં સુધી હું અહીં જ થોભીશ.

દેશ પર જે આપત્તિ આવી પડી હતી, તેનો દોષ આહાબ તો એલીયાહને શિર મૂકતો હતો; પરંતુ તે એકલો જ દુકાળના કારણભુત હતો. તેની પેઠે જ માણસો હમેશાં જેઓ તેઓનાં પાપ તરફ આંગળી ચીંધે છે તેમને ધિક્કારે છે તથા દોષ દે છે! આથી જ્યારે તેણે સાંભળ્યું, કે એલીયાહ આવ્યો છે ત્યારે તે તેને મળવા ધાયો. જ્યારે તેનો અવાજ કર્ણગોચર થાય એટલે સુધી તે આવી પહોંચ્યો ત્યારે તેણે મોટેથી પૂછ્યું, કે "હે ઇસ્રાએલને દુઃખ દેનાર, એ શું તું છે?" એલીયાહે જવાબ દીધો, કે "મેં તો ઇસ્રાએલને દુઃખ દીધું નથી; પણ તેં તથા તારા બાપના કુટુંબે [તો દીધું છે], કેમકે તમે યહોવાહની આજ્ઞાઓ પાળી નથી; ને બઆલીમની ઉપાસના કીધી છે." પ્રબોધક એક ખાસ હેતુને લીધે રાજાની પાસે આવ્યો હતો. ખરા અને ખોટા દેવની પરીક્ષા કરવાનો સમય હવે આવી પહોંચ્યો હતો, તેથી ખરો દેવ કોણ છે તેનો નિર્ણય હમેશને માટે કરવામાં આવે તે સારૂ એકત્ર થએલી ઇસ્રાએલી કોમની આગળ કાર્મેલ પહાડ પર બઆલના તથા અશેરાહના પ્રબોધકો તેને મળે એવું તેણે રાજાને કહ્યું. એ બાબતમાં સંમત થઇને તેઓ ત્યાંથી છૂટા પડ્યા.

શાસ્ત્રના વધુ અભ્યાસીઓએ આહાબ સાથે એલીયાહની આ એકલે હાથે કરેલી લડાઈની સરખામણી જોન નોક્ષ અને સ્કૉટ લોકોની રાણી મેરી સાથે કરવી. કહેવત છે કે જેના પક્ષમાં ઈશ્વર છે તેની બહુમતી છે.

પ્રકરણ ૫ મું

કાર્મેલ પર એક મોટો મેળાવડો

(૧ રાજા. ૧૮; ૨૦—૪૬)

સમસ્ત ઈસ્રાએલપુત્રોની એક મહાસભા યહોવાહ તથા બઆલ વચ્ચેના ઝગડાનો ફડચો જોવા માટે એકત્ર થઇ હતી. કાર્મેલ તો સમુદ્રથી અગ્નિ ખૂણા તરફ આગળ વધતી એક ગિરિમાળા છે, અને દેશમાં તે બારતેર માઇલ સુધી ફેલાએલી છે. તેની ઉત્તરે યિઝ્રએલની ખીણ આવેલી છે, અને તેમાં થઇને કિશોન નદી વહે છે. જે જગાએ કરવામાં આવેલા અર્પણ વિષે હમણાં આપણે વિચારવાના છીએ તે જગા તો ગિરિમાળાના પૂર્વ છેડે આવેલી છે. હજારોહજાર ઈસ્રાએલપુત્રો પર્વતના ઢોળાવ પર ઊભા હતા. વેદીની ચોમેર બઆલના સેંકડો પ્રબોધકો અને યાજકો ઊભા હતા. તેઓની નજીક હોવા છતાં તેઓથી જુદો યહોવાહનો સેવક એકલો ઊભો હતો. વળી આહાબ રાજા પણ ત્યાં ઊભો હતો. ત્યાં એલીયાહે લોકોને કહ્યું, કે "ક્યાં સુધી તમે બે મતની વચ્ચે ઢચુપચુ રહેશો? જો યહોવાહ દેવ હોય તો એને અનુસરો; ને જો બઆલ [દેવ હોય] તો એને અનુસરો." પરંતુ લોકો કશુંજ બોલ્યા નહિ. એક બાજુ ચારસો પચાસ પ્રબોધકો હતા અને બીજી બાજુ તે એકલો હતો, છતાં તેણે કહ્યું કે તેમને શરૂ કરવા દો; તેઓ પોતાને સારૂ એક ગોધો પસંદ કરીને એના કાપીને ટુકડા કરે, ને તેને લાકડા પર મૂકે, ને તેની તળે આગ ન મૂકે. હું બીજો ગોધો તૈયાર કરીને તેને લાકડાં ઉપર મૂકું, અને નીચે આગ નહિ મૂકું. તમે તમારા દેવને વિનંતી કરજો ને હું યહોવાહને વિનંતી કરીશ; જે દેવ અગ્નિદ્વારા ઉત્તર આપે તેનેજ દેવ માનવો." આ યોજના બઆલના પક્ષમાં લાભકારક નીવડશે એમ સમજીને બધા જ લોકોએ તેને સંમતિ આપી. હવે બઆલના પ્રબોધકોએ શરૂઆત કરી. સવારથી બપોર સુધી તેઓએ પ્રાર્થના કરતાં પોકાર્યું, કે "હે બઆલ અમને ઉત્તર આપ"; પણ "કંઇ વાણી થઇ નહિ; ને ઉત્તર આપનાર

કોઇ ન હતો." બઆલની કૃપા માટે ધાર્મિક નાચ કરતાં કરતાં તેઓ વેદીની આસપાસ કૂદ્યા, પરંતુ કંઇજ પ્રત્યુત્તર મળ્યો નહિ. મધ્યાહ્ને જ્યારે સૂર્ય તેની પૂરેપૂરી ગરમી વરસાવી રહ્યો હતો ત્યારે જેમ ઘણાખરા આશા રાખતા હતા તેમ એલીયાહે તેમની ભારે મશ્કરી કરતાં કહ્યું, કે "મોટેથી પોકારો, કેમકે તે દેવ છે; તે તો વિચારોમાં ગૂંથાએલો હશે, કે એકાંતમાં હશે, કે મુસાફરીમાં હશે, કે કદાપિ ઊંઘતો હશે, માટે તેને જગાડવો જોઇએ." આ બધું સર્વ લોકોના સાંભળતાં કહેવામાં આવ્યું. તે સાંભળીને બઆલના યાજકો જાણે ગાંડા જેવા બન્યા અને તેઓનું લોહી તેમના દેવની કૃપા પ્રાપ્ત કરાવશે એમ સમજીને છરીથી પોતાને ઘાયલ કરવા લાગ્યા! આ જંગલી જુસ્સો સાંજના અર્પણના સમય સુધી આખો દિવસ ચાલુ રહ્યો, પણ "કંઇ વાણી થઈ નહિ, તેમજ ઉત્તર આપનાર કે ગણકારનાર કોઇ ન હતું."

હવે એલીયાહને તક મળી. જે બને તે લોકો બરાબર જોઇ શકે માટે તેઓને તેણે પોતાની નજીક બોલાવ્યા. ત્યાં તેણે યહોવાહની એક પુરાણી અને પડી ગએલી વેદી હતી તે સમારી. તેની આજુબાજુ તેણે એક વિશાળ ખાઇ ખોદી, વેદી પર લાકડાં સિંચ્યાં, અને તે પર ગોધાના કકડા મૂકયા. તે પછી જ્યાં સુધી ખાઇ ભરાઇ ગઇ ત્યાં સુધી તેણે વારંવાર લાકડાં તથા વેદી પર પાણી રેડાવ્યું. હવે સાંજ પડી ગઇ હતી, અને સૂર્યનું બળ ઘટી ગયું હતું. એલીયાહ વેદીની છેક પાસે આવ્યો અને તેણે પ્રાર્થના કરી, કે "હે ઈબ્રાહીમ, ઇસહાક તથા ઈસ્રાએલના દેવ યહોવાહ, તુંજ ઇસ્રાએલમાં દેવ છે, ને હું તારો સેવક છું, ને મેં તારા કહેવાથી આ સઘળું કાર્ય કર્યું છે એમ આજ જણાવ. હે યહોવાહ, મારૂં સાંભળ; મારૂં સાંભળ, હે યહોવાહ, તું દેવ છે, ને તેં તેઓનાં હૃદય પાછાં ફેરવ્યાં છે એમ આ લોકો જાણે." તત્કાળ યહોવાહના અગ્નિએ આકાશથી પડીને લાકડાં, પથ્થર તથા ધૂળસહિત અર્પણ ભસ્મ કીધું, અને ખાઇમાંનું પાણી શોષી લીધું. એ જોઈને વેદીની આજુબાજુ એકત્ર મળેલો લોકસમૂહ ભયભીત થયો, અને તેઓએ જમીન પર ઊંધા પડીને કહ્યું, કે "યહોવાહ એજ દેવ છે, યહોવાહ એજ દેવ છે." પરંતુ એલીયાહે બઆલના પ્રબોધકોનો નિકાલ હજી કર્યો ન હતો. લોકલાગણીમાં એકાએક થએલા

પલટાનો લાભ લઈને તેણે દેશમાં એક વાર ફરીથી યહોવાહનો ધર્મ સ્થાપિત કરવામાં મદદ કરવા લોકોને આહ્વાન કરતાં કહ્યું, કે "બઆલના પ્રબોધકોને પકડો; તેઓમાંથી એકને નાસી જવા દેશો નહિ." યહોવાહના પ્રબોધકે તથા લોકસમૂહે બઆલના સાડી ચારસો પ્રબોધકોને પકડીને તેમને કાર્મેલના ઢોળાવ પરથી કિશોન નાળા આગળ આણ્યા, અને ત્યાં તેમને મારી નાખ્યા. એ તો એક લડાયક કૃત્ય હતું, અને માત્ર લડાઇ તરીકેજ લોકોના એક ઘાતકી શત્રુની સામે આ તો બચાવ કરવાનો હતો.

હવે તો મામલાનું સંપૂર્ણ સ્વરૂપ બદલાઇ ગયું, અને એલીયાહ જેમ કોઇ મિત્રની સાથે વાત કરી શકે તેમ રાજાની સાથે વાતચીત કરી શકયો. તેણે નાળા પાસેથી પર્વતની એક પડખે આવેલા તંબુ તરફ જવાની રાજાને આજીજી કરી. તેને તાજગી મળે માટે તેને સારૂ ત્યાં ખોરાક તૈયાર હતો. છેવટે ત્યાં તેને ખોરાક ખાવાની ફુરસદ મળી, કારણ કે દુકાળની બીક હવે ટળી ગઇ હતી. પોતાના ચાકરોને પહાડ પર ચઢી તથા સમુદ્ર તરફ વરસાદના ચિહ્નની નિરીક્ષા કરવાનું ફરમાવીને પ્રબોધકે વરસાદ વરસાવવા ઈશ્વરની પ્રાર્થના કરી. ચાકર છ વખત પર્વત પર ચઢયો, પરંતુ તેને વરસાદનાં કાંઇ ચિહ્ન જણાયાં નહિ. છેવટે તે સાતમી વખતે પ્રબોધક પાસે એવી બાતમી લાવવા શક્તિમાન થયો, કે "જો, માણસની હથેલી જેવડો એક નાનો મેઘ સમુદ્રમાંથી ઉપર ચઢે છે." વરસાદ વરસીને રોકે તે પહેલાં ઉતાવળથી ઘેર જવાની એલીયાહે આહાબને વિનંતી કરી, અને તેના રથની આગળ તે યિઝ્રએલના દરવાજા સુધી ૧૮ માઇલ દોડયો!

એકલે હાથે પ્રજાની પ્રેરકબુદ્ધિને જાગૃત કરવાનાં અને તેને ન્યાયીપણા તથા ઈશ્વર પ્રત્યે વાળવાનાં ઘણાં દૃષ્ટાંત ઈતિહાસમાં મળી આવે છે. જર્મની તથા સ્કૉટલન્ડમાં આનાં સૌથી ઉત્તમ ઉદાહરણ ધર્મસુધારણાના સમયમાં મળી આવ્યાં છે. પોતાનો સાથી ભયભીત થઈ ગયો છતાં માર્ટિન લુથરે ભ્રષ્ટ થએલી મંડળીની સત્તાને હચમચાવી નાખી વળી જ્યારે બહાદુર પુરુષ અસ્થિર મનના બની ગયા હતા ત્યારે જોન નૉક્ષે સ્કૉટ લોકોની રાણી મેરીને ઠેકાણે આણી હતી.

જે સર્વોચ્ચ વિચાર અને હેતુઓ સર્વ માણસોમાં હોય છે, તેમને જ્યારે જ્યારે આહ્વાન કરવામાં આવે છે ત્યારે ત્યારે વહેલા કે મોડા વ્યક્તિગત માણસ અને પ્રજાઓ પણ જાગૃત થયા વગર રહેતાં જ નથી. એમ વિજય તો છેવટે પ્રેરક-બુદ્ધિનો જ થાય છે.

પ્રકરણ ૬ઠ્ઠું

જીવનપ્રયાસમાંથી એલીયાહની નાસભાગ

(૧ રાજા. ૧૯)

તે દિવસની જાગૃતિ જોઇને એલીયાહે બેશક, એવું ધાર્યું કે ઇસ્રાએલપુત્રો ફરી પાછા યહોવાહને તાબે થયા છે. પરંતુ એવા લાગણીપ્રધાન સમયમાં જેમ ઘણી વાર બને છે તેમ લોકોને પ્રત્યાઘાત થયો. કાર્મેલ પહાડ પરનાં ઉત્સાહ તથા લાગણીને લીધે લોકોમાં ઇશ્વર પ્રત્યેની નવી ભક્તિનાં કંઇ જ ચિહ્ન દેખાયાં નહિ. જોરજુલમથી કશું જ સારૂં પરિણામ આવ્યું નહિ.

કાર્મેલ પહાડ પરની જીતના સમાચાર ચારે તરફથી દૂર સુધી ફેલાઇ ગયા. આહાબે એ સમાચાર રાણીથી છુપાવવા ઇચ્છયું હોત, તોપણ તેમ બનવું અશક્ય હતું. આહાબ કદાપિ એ બનાવથી અસ્થિર બન્યો હોય, પરંતુ ઇઝેબેલ તો તેની માન્યતામા અડગ હતી. તત્કાળ તેણે એલીયાહને એવો સંદેશો કહાવ્યો કે મારા પ્રબોધકોના મૃત્યુનો બદલો હું તારી પાસેથી બીજા દિવસના સૂર્યાસ્ત પહેલાં લઇશ. તે તરત જ સમજી ગયો કે સહીસલામતી માટે ત્યાંથી નાસી ગયા વિના છૂટકો નથી. તે પોતાના ચાકરને સાથે લઇને બેરશેબા નાસી ગયો. તે યહૂદાહની છેક દક્ષિણે આવેલું હતું, અને ત્યાં તે રાણીના ક્રોધથી બચી જઈ શકે એમ હતું. ત્યાં નોકરને પડતો મૂકીને તે એક દિવસની મજલ જેટલે દૂર અરણ્યમાં ગયો. તે શરીરે થકી ગએલો અને આત્મામાં નિર્ગત થઇ ગએલો હતો, તેથી ત્યાં એક રોતેમ છોડ તળે તેણે આશરો લીધો. ત્યાં તેણે ફરીથી કદી જ જાગૃત ન થવાય એવી ઊંઘની પ્રાર્થના કરી: "હે યહોવાહ, મારો જીવ લઇ લે; કેમકે હું મારા પિતૃઓ કરતાં સારો નથી." ઇશ્વરના પક્ષમાં અડગપણે લડતા આવા યોદ્ધાને આપણે દોષ દેવાની જરૂર નથી. બીજા અનેક બહાદુર સૈનિકોની પેઠે તે પણ

લડતાં થાકી ગયો હતો, અને હવે પછી તે વધુ સારી રીતે લડી શકે માટે તેને આરામની અતિશય અગત્ય હતી. તે બે વખતે નિદ્રાધીન થયો, અને ઈશ્વરના દૂતે તેને બે વાર જાગૃત કર્યો. વળી તેણે તેને ખાવાનું આપતાં કહ્યું, કે "ઊઠીને ખા, કેમકે તારે લાંબી મજલ [કાપવાની] છે." હોરેબના અરણ્યમાં થઇને તેણે મુસાફરી શરૂ કરી. તેને ૨૦૦ કરતાં વધારે માઇલનું અંતર કાપવાનું હતું. હોરેબ પહોંચીને તેણે એક પર્વતની એક થંડી ગુફામાં નિવાસ કીધો. અહીં તેને ઈશ્વર વિષેનાં સર્વ સત્યોમાંનાં બે સૌથી મહાન સત્ય શીખવાનાં હતાં, એટલે ઈશ્વરનું આત્મિક સ્વરૂપ અને ફરજ અદા કરવા માટે સનાતન તેડું. એક ભયંકર તોફાન થવા લાગ્યું હતું અને એલીયાહ તે જોવા માટે આત્માના બળ વડે બહાર ઊભો રહ્યો. એક ભયંકર અને જોરાવર વાયુ પર્વતોને ફાડતો તથા ખડકોના ટુકડેટુકડા કરતો વાવા લાગ્યો, પરંતુ તેમાં પ્રબોધકને માટે ઈશ્વરનો કંઇ સંદેશો ન હતો. પછી ધરતીકંપે પર્વતને હચમચાવી નાખ્યો, પરંતુ તેમાં પણ કંઇ સંદેશો ન હતો. તે પછી મેઘગર્જના તથા વીજળીના ચમકારા થયા, પરંતુ તેમાં પણ કંઇ સંદેશો ન હતો. તેમાંના એકેમાં યહોવાહ ન હતો. છેવટે એક કોમળ અને ઝીણો સાદ પ્રબોધકને કાને પડયો, ત્યારે તેણે પોતાનું મુખ પોતાના ઝભ્ભાથી સંતાડયું, અને ગુફાના દ્વાર આગળ ઊભો રહીને તે ઈશ્વરની વાણી સાંભળવા લાગ્યો. તે કોમળ સાદે પૂછ્યું, કે "એલીયાહ, તું અહીં શું કરે છે?" શું તને આ જગાએ રહેવા તેડવામાં આવ્યો છે? જે ઈશ્વરને માટે એલીયાહ બહાદુરીથી લડતો આવ્યો હતો તેની આગળ તે પોતાનો બચાવ આવી રીતે કરવા લાગ્યો: "તેણે કહ્યું, કે મને સૈન્યોના દેવ યહોવાહને માટે ઘણું જ લાગી આવ્યું છે; કેમકે ઈસ્રાએલપુત્રોએ તારા કરારનો ભંગ કીધો છે, તારી વેદીઓને પાડી નાખી છે, ને તારા પ્રબોધકોને તરવારથી મારી નાખ્યા છે; હું, હા, હું એકલો જ બચી ગયો છું, ને તેઓ મારો પણ જીવ લેવા ચાહે છે." આ તો નિરાશાજનક તથા પોતાના જીવને માટે બીકભરી દલીલ છે. હવે ઈશ્વરના જવાબનો વિચાર તો કરો: "અરણ્યને માર્ગે થઇને પાછો જા, ને તું ત્યાં પહોંચે ત્યારે હઝાએલનો અભિષેક કરીને તેને અરામનો રાજા ઠરાવજે......તોપણ હું મારે માટે

ઇસ્રાએલમાં એવા સાત હજારને બચાવીશ કે જેઓનાં ઘૂંટણ બઆલની આગળ કદી નમ્યાં નથી, ને જેઓમાંના કોઇના મૂખે તેને ચુંબન કીધું નથી." આ કોમળ સાદ ઇસ્રાએલના આ બહાદુર પ્રબોધકને ફરજ બજાવવાના સ્થળે ફરીથી હાજર થવા ફરમાવે છે. વળી કહે છે કે જેમ તું ધારે છે તેમ આ પ્રસંગ આશાહીન નથી, અને વળી યહોવાહના અનુયાયીઓ પણ સંખ્યામાં કંઇ થોડા નથી. ઈશ્વરના ન્યાયીકરણના વખત પછી પણ જેમણે બઆલની આગળ ઘૂંટણ ટેકવ્યા નહિ હોય એવા સાત હજાર બચાવી રાખવામાં આવ્યા છે. વળી તારા સિવાય બીજા સમર્થ કામદારો ઘડાઇ રહ્યા છે. હવે તું દમસ્ક પાછો જા, અને રસ્તે મારા કામને અર્થે હઝાએલ, યેહૂ અને એલીશાને તૈયાર કર ; "હઝાએલની તરવારથી જે બચી જશે તેને યેહૂ મારી નાખશે, ને યેહૂની તરવારથી જે બચી જશે તેને એલીશા મારી નાખશે." ઇશ્વરના સમર્થ પ્રબોધકોની જાણ બહાર પણ હોય એવાં ઘણાં બળ આપણા દેવના રાજ્યને માટે કામ કરી રહ્યાં છે ; કારણ કે તેના લોકોના શત્રુઓ તેમજ તેના પ્રબોધકો તેના વિજયને માટે જાણે-અજાણ્યે કામ કરી રહેલા છે. માણસે પોતાને માટે ઠરાવેલા સ્થળે હાજર રહી પોતપોતાની ફરજ બજાવવાની છે, પછી ભલે તેઓ હારે કે જીતે પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તનું રાજ્ય તો પ્રગતિ કરે છે જ.

પછી એલીયાહ વિદાય થયો, એટલે પોતાની દૈનિક ફરજ અદા કરતો—હળ ખેડતો એલીશા તેને મળ્યો. તેણે પોતાનો ઝભ્ભો તેના પર નાખ્યો. આ ક્રિયાનો અર્થ સારી પેઠે સમજીને એલીશાએ તેના તેડાને આધીન થયા પહેલાં પોતાનાં માબાપને ચુંબન કરવા જવાની રજા માગી. જ્યારે તેને એ પરવાનગી મળી ત્યારે તે પોતાના ઘેર ગયો અને તેણે જે વડે તે ખેડતો હતો તે બળદની એક જોડ લઇને તથા તેમનો વધ કરીને તેણે પોતાના ઘરકુટુંબ માટે ઉજાણી કરી. "પછી તે ઊઠીને એલીયાહની પાછળ ગયો, ને એની સેવાચાકરી કીધી."

માણસોએ જોખમને સ્થળે હાજર રહેવું કે જીવ બચાવવા નાસી જવું એ પ્રશ્નના નિકાલનો આધાર સંજોગો પર રહેલો છે. જોન નૉક્ષ કંઈ નામર્દ ન હતો, છતાં તે જીવ બચાવવા સ્કૉટલંડથી નાસી ગયો હતો. વળી આપણો પ્રભુ ઈસુ ખ્રિસ્ત જો કે પાપી માણસો માટે જીવ આપી દેવા આવ્યો હતો તોપણ જ્યારે

ચોકાએ તેને મારી નાખવા ઇચ્છયું ત્યારે નાઝારેથથી તે પણ જતો રહ્યો હતો. ઉપરાંત ઘણી વાર બહાદુર પુરુષો હૃદયભંગિત થાય અને ફરજ અદા કરતાં મૂંઝાઈ જાય એમ પણ બને. વૉર્મની સભા આગળ માર્ટિન લુથરને હાજર થવાનું હતું ત્યારે તેણે આ પ્રમાણે પ્રાર્થના કરી હતી: “ઓ દેવ, ઓ દેવ, ઓ મારા દેવ, આ દુનિયાના સમસ્ત ડહાપણની સામે થવા મને સહાય થા. તું એમ કર, એ તો તારે એકલાએ જ કરવાનું છે, કારણ કે આ કામ તારું જ છે, અને મારું નથી.....મારા દેવ, શું તું મૃત્યુ પામ્યો છે? ના, તું મૃત્યુ પામી શકતો જ નથી. તું માત્ર છૂપો રહી શકે છે. ત્યારે હવે બહાર આવ, અને ઓ દેવ, તારું કામ કર.”

પ્રકરણ ૭ મું

નાબોથની દ્રાક્ષાવાડી

(૧ રાજા. ૨૧.)

આહાબની ધાર્મિક નીતિની અસર ઇસ્રાએલપુત્રો પર એટલી બધી થએલી હતી, કે તે પ્રજાને કેવા જોખમ તરફ ઘસડી જતો હતો એની ખબર તેમને એક સર્વસત્તાધીશે જાગૃત ન કર્યાં ત્યાં સુધી પડી જ નહિ. તે આ પ્રમાણે બન્યું. યિઝ્રએલ કસ્બામાં આહાબને ઉનાળામાં રહેવા માટે એક મહેલ હતો. તે ઇસ્દ્રાલોનની ફળદ્રુપ ખીણ પર આવેલો હતો. તે મહેલની પાડોશમાં નાબોથની વાડી આવેલી હતી. રાજાએ પોતાનું ઉદ્યાન વધારવા તથા તેને વધારે સુંદર બનાવવા માટે તેના પાડોશીની જમીન ખરીદવાની માગણી કરી, અથવા તેની મરજી હોય તો તેને બદલે તેને બીજે સ્થળે વધારે સુંદર વાડી આપવાની ઇચ્છા બતાવી. આ તો વાજબી માગણી કરી કહેવાય, પરંતુ નાબોથે તેની માગણી સ્વીકારી નહિ. તેણે જક્કીપણાને લીધે નહિ, પરંતુ પોતાના વારસોની ભુમિ બીજાને નામે ચઢાવવી નહિ એવી ધાર્મિક ખાતરી થવાને લીધે જમીન આપવાની હિંમત કરી નહિ. યહૂદીઓમા એક એવી જૂની માન્યતા ચાલતી હતી કે જમીન તો યહોવાહની છે, તેણે તે તેમને હમેશને માટે આપેલી છે. એવી રીતે તેમની મિલ્કત તો એક પવિત્ર વારસો હતો, અને તે લાંબી મુદ્દતથી તેમના વંશમા ઊતરી આવતો હતો, તેથી તેમની ફરજ હતી કે તેમણે તે વારસો અણીશુદ્ધ પોતાના વંશજોને સોંપવો જોઇએ. એ જમીનમાં તેના બાપદાદાઓને દફનાવવામાં આવ્યા હતા, તેઓ પણ ત્યાં જ દટાવાના હતા, તેથી તેઓમાંના ઘણાને એમ લાગતું હતું, કે એ જમીન વેચવી એ તો પવિત્ર વાનાને ભ્રષ્ટ કરવા જેવું છે. એ ઉપરાંત કેટલાક લોકોના મનમાં એવી ભારે લાગણી હતી, કે શ્રીમંત માણસો પોતાની મિલકત વધારીને ગરીબ માણસોને વધુ ગરીબ બનાવતા હતા, તેથી તેમને જમીન વેચવી જ નહિ. હવે પછી

આપણે જોઈશું કે પ્રબોધકો અને તેમના અનુયાયીઓ આ ગરીબ માણસોને વધુ ગરીબ બનાવવાના વલણની સામે પડયા હતા.

નાબોથે ના પાડવાનું કારણ આહાબ તરત જ સમજી ગયો, અને એ તેના છેવટના નિર્ણય તરીકે તેણે માની લીધું. તોએ એ નિર્ણય તો તેને ભારે પીડાકારક નિરાશા થઇ પડી. તેને એટલું બધું દુઃખ થયું, કે તે ઉદાસ થઇ ગયો, અને પોતાના પલંગ પર પડીને તેણે પોતાનું મોં ભીંત તરફ ફેરવ્યું, અને રોટલી ખાવાની પણ ના પાડી. પરંતુ ઇઝેબેલ કંઇ એવી સ્ત્રી ન હતી કે તે આમ ઉદાસ થઇ જાય. જ્યારે તેણે રાજાની ઉદાસીનું કારણ જાણ્યું ત્યારે તેણે તત્કાળ એક યોજના ઘડી કાઢી. તેણે રાજાને તિરસ્કારમાં પૂછ્યું, કે "તું હાલ ઇસ્રાએલ પર રાજ કરે છે કે નહિ? ઊઠ, ને રોટલી ખા, ને મનમાં મગ્ન થા; હું તને યિઝ્રએલી નાબોથની દ્રાક્ષાવાડી અપાવીશ" મહાસત્તાની પ્રાપ્તિ પુરુષો તથા સ્ત્રીઓને નિર્દય બનાવે છે—આડે માર્ગે દોરે છે. એ પ્રમાણે ઇઝેબેલ અનીતિથી બીએ એવી ન હતી, અને આડે રસ્તે જતાં આંચકો ખાય એવી પણ ન હતી. તેની યોજના તો સાદી હતી. તે તો રાજા પ્રત્યે બેવફાઇ અને દેવનિંદા માટે નાબોથની તપાસ કરવાને લગતી હતી; રાણીને ખુશ કરવા માટે જૂઠા સોગન ખાય એવા બે અધમ માણસો ઊભા કરવાના હતા; એમ નાબોથને દૂષિત ઠરાવીને તરત જ પથ્થરે મારીને મારી નંખાવવો હતો. આ વાર્તામાં નવાઈ પમાડે એવી બાબત એ છે કે યિઝ્રએલના વડીલો—સ્વતંત્ર નાગરિકો—રાણીના હુકમથી પણ પોતાના એક સાથી નાગરિકનું ખૂન કરવા ખુશી હતા! એ પરથી સ્પષ્ટ માલૂમ પડે છે, કે પ્રજામાં સત્તાએ કેવાં ઊંડાં મૂળ ઘાલ્યાં હતાં! વળી એલીયાહના સુધારાની પણ કેટલી બધી અગત્ય હતી તે પણ માલૂમ પડયા વગર રહેતું નથી. તેઓએ રાણીનો હુકમ માન્યો; નાબોથની તપાસ કરવામાં આવી, તેને દૂષિત ઠરાવવામાં આવ્યો અને તેને તથા તેના દીકરાઓને પથ્થરે મારીને મારી નાખવામાં આવ્યા! પછી રાજભુવનમાં સંદેશો પાઠવવામાં આવ્યો, કે "નાબોથને પથ્થરે માર્યો છે, ને તે મરી ગયો છે." પોતાની યોજનામાં ફતેહ થએલી ઇઝેબેલ રાજા પાસે ગઈ. તેણે તેને શુભ સમાચારથી નવાજ્યો, કે "ઊઠ, ને યિઝ્રએલી

નાબોથની દ્રાક્ષાવાડી, જે તે પૈસા લઈને આપવાની ના પાડતો હતો તેનો કબજો લે; કેમકે નાબોથ જીવતો નથી, પણ મરણ પામ્યો છે." કાંઇ પણ તપાસ કર્યા વગર તે તેની નવી મિલકત જોવા તથા તેને શાકવાડી બનાવવાની વ્યવસ્થા કરવા ત્યાં ગયો. ભલે તેણે પોતે દ્રાક્ષાવાડીને ખાતર દેશબંધુને મારી નાખ્યો ન હોય, પરંતુ કોઇ બીજાએ તેને મારી નાખ્યો ત્યારે તેની દ્રાક્ષાવાડીનો ભોગવટો કરતાં તેને કશો આચકો આવ્યો નહિ, તે વખતે તો તે એલીયાહને વિસરી જ ગયો હતો—આ કેવી પ્રાણઘાતક ભૂલ કહેવાય!

ઇઝેબેલે આહાબને નાબોથની વાડીમાં મોકલ્યો તેજ વખતે યહોવાહે તેને મળવા માટે એલીયાહને ત્યાં મોકલ્યો, અને તેને સંદેશો કહાવ્યો, કે "તેં ખૂન કરીને કબજો પણ લીધો છે? જે જગાએ કૂતરાંએ નાબોથનું રક્ત ચાટયું તેજ જગાએ કૂતરાં તારૂં, હા, તારૂં જ રકત ચાટશે." તેઓ દ્રાક્ષાવાડીમાં મળ્યા કે તત્કાળ રાજાની પ્રેરકબુદ્ધિએ તેને પોતાને તેના ગુનાનું ભાન કરાવ્યું. હવે પોતાનો બચાવ કરવા સારૂ તે પ્રબોધક તરફ ફરે છે, અને હવે તેને "ઇસ્રાએલને દુઃખ દેનાર" તરીકે નહિ, પરંતુ પોતાના અંગત દુશ્મન તરીકે લેખીને તેને કહે છે, કે "હે મારા શત્રુ, શું તેં મને શોધી કાઢયો છે?" તેનો પ્રત્યુત્તર તો કોઈ એકલાઅટૂલા માણસે બીજા માણસને કરેલાં સૌથી ભયંકર નિવેદનોમાંનું એક છે: "હા, મેં તને શોધી કાઢયો છે, કારણ કે યહોવાહની દૃષ્ટિમાં જે ભૂંડું છે તે કરવા સારૂ તેં પોતાને વેચ્યો છે." એવી રીતે શરૂઆત કરીને તેણે તેના પર તથા તેના કુટુંબ પર ઊતરનાર સર્વ આફતોનું વર્ણન કર્યું. તેના દરેક પુત્રને કૂતરા અને વાયુચર પક્ષીઓ ખાશે તે વિષે તથા યિઝ્રએલના કોટ પાસે કૂતરાં ઇઝેબેલનું લોહી ચાટશે તે વિષે કહી સંભળાવ્યું. આ ભયંકર શાસન વિષે સાંભળીને આહાબ તો નરમ ઘેંસ જેવો થઈ ગયો એમાં આપણને કશી જ નવાઈ લાગતી નથી: "તેણે પોતાનાં વસ્ત્ર ફાડીને તથા પોતાના અંગ પર તાટ પહેરીને ઉપવાસ કીધો, ને તાટ ઓઢીને સૂતો તથા દીન બનીને ચાલવા લાગ્યો." ઈશ્વર પ્રત્યેની આ નમ્રતાને લીધે પ્રબોધકે તેને ખાતરીથી કહ્યું કે આ સજા તેના જીવનકાળમાં થશે નહિ.

નાઝીઓના સંબંધમાં બન્યું તેમ આબાદી ધર્મની નિર્ધનતાનું ચિહ્ન કેવી રીતે બને છે. અમુક ગણ્યાગાંઠયા માણસોના હાથમાં પૂતળાની પેઠે નાચતા લોકોથી પ્રજામાં કેવો સડો પેસે છે તેનો વિચાર કરવો એ વધુ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને બહુ રસદાયી થઈ પડશે, વળી તેમાં એક બીજું પણ જોખમ એ રહેલું છે કે અમુક માણસોના હાથમાં સત્તા અને દ્રવ્ય વધવાથી પ્રજાને ગુલામીમાં સબડાવાનો સંભવ છે. એક કે બે માણસોના હાથમાં અધિકાર સોંપી દેવામાં આવ્યો ન હોત તો ચિત્રૂએલના આગેવાનો આહું ખૂન કરીને દૂષિત થયા ન હોત. શ્રીમંત માણસોની આવી રીતે કરવામાં આવતી પૂજા તો સર્વ સમયે તથા વશવેલાને માટે માનવજાતનાં સૌથી ભયંકર જોખમોમાંનું એક છે. એવા માણસોના કૃપાપાત્ર બનવાની અથવા તેઓની સંગત કરવાની ઇચ્છા તો ઈશ્વર પ્રત્યેના સન્માનનો નાશ કરે છે, અને વળી આપણી નીતિવિષયક વૃત્તિઓને નબળી પાડી દે છે.

પ્રકરણ ૮મું

સીરીઆ સાથે યુદ્ધ

(૧ રાજા. ૨૦.)

સીરીઅન કે અરામીઓનો દેશ ઈસ્રાએલની લગોલગ ઇશાને આવેલો હતો. આ સીરીઅન લોકો જાતે તથા ધંધે યહૂદીઓ સાથે જોડાએલા હતા. વળી તેઓ વ્યાપારીઓ પણ હતા; કારણ કે તેઓના પાટનગર દમાસ્કસ તથા યુફ્રેટીસ નદીની ખીણમાં થઇ એક વેપારી માર્ગ ભુમધ્ય સમુદ્રને કાંઠે આવેલાં સીડન તથા ટાયર બંદરે જતો હતો, એટલું જ નહિ પણ તે દક્ષિણમાંની અગત્યની મિસરી પ્રજાના પ્રદેશમાં પણ જતો હતો. દમાસ્કસનો રસ્તો તો અરણ્યમાં થઇને જતો હતો. દરિયાઇ વેપાર માટે જેટલી મહત્તા બંદરની છે તેટલી જ અરણ્યના વેપાર માટે તેની હતી. ત્યાં વ્યાપારી બજાર હતાં, અને ત્યાંના વેપારીઓ શ્રીમંત અને સમર્થ બન્યા હતા. તેમના વિષે હેબ્રી ઇતિહાસમાં આપણે વખતોવખત વાંચીએ છીએ. દાઊદે તેમની સાથે યુદ્ધ કીધું હતું; સુલેમાને તેમની સાથે વેપાર ખેડયો હતો; યહૂદાહના રાજા આસાએ તેમને નાણું આપીને બાઅશા પર હુમલો કરવા બોલાવ્યા હતા; અને સમારીઆની શેરીઓમાં તેમને વેપાર કરવા દેવાની ઓમ્રીને ફરજ પડી હતી. જ્યાં સુધી વધુ શક્તિશાળી આશ્શૂરની સત્તાએ તેમને કબજે કર્યા નહિ ત્યાં સુધી તો વર્ષો સુધી તે અરામી લોકો ઇસ્રાએલપુત્રોને એક ત્રાસદાયક પ્રજા તરીકે માલૂમ પડયા હતા.

પવિત્ર શાસ્ત્રના જે ઇતિહાસકારે આ વાર્તા લખી છે તે કોઇ પણ જાતનો ખુલાસો કર્યા વગર આપણને આ લડાઇની વચ્ચે લાવી મૂકે છે. સીરીઅન લોકો સમારીઆને ઘેરો ઘાલતા હતા. તેનું કારણ રજૂ કરવામાં આવ્યું નથી, પરંતુ આપણે અનુમાન કરી શકીએ કે ઓમ્રીએ ઇસ્રાએલને જે બંધનમાં આણ્યા હતા, તેમાંથી આહાબે મુક્ત થવાનો પ્રયત્ન કર્યો હતો. વળી ઘણું કરીને તે લડાઇમાં હાર્યો હતો, અને તેને

તેની રાજધાની તરફ હાંકી કાઢવામાં આવ્યો હતો. સીરીઆના રાજા બેન-હદાદ પાસે બત્રીસ આશ્રિત રાજાઓની સત્તા નીચે એક મોટું લશ્કર હતું. તેણે આહાબ પાસે સંદેશિયા મોકલીને તેને સંપૂર્ણપણે તાબે થઈ જવા કહાવ્યું, કે "તારૂં રૂપું તથા સોનું મારૂં છે; તારી સ્ત્રીઓ તથા તારાં છોકરાં મારાં છે; એટલે તેઓમાંથી જે સૌથી શ્રેષ્ઠ હશે તે પણ મારાં છે." આહાબને કંઇ પસંદગી કરવાની ન હતી, તેણે તરત જ એ શરતોનો સ્વીકાર કર્યો. બેન-હદાદને તેથી સંતોષ થયો નહિ, તેથી તેણે વધારામાં અસાધારણ માગણી કરવા આહાબની પાસે માણસો મોકલ્યા. તે માગણી એ હતી કે તેના ચાકરોને રાજભુવન તથા આહાબના મિત્રોનાં ઘરની તપાસ કરવા દેવી, અને તેમને તેમાંથી જે ગમે તે લઇ જવા દેવું. આહાબ, વડીલો, અને એકત્ર થએલું શહેર આ અપમાનથી નાખુશ થયાં. તેમણે કહ્યું, કે "અમે એમ કરીશું નહિ." તેઓ પોતાનો બચાવ કરવા સામનો કરવાના છે એ વિચારને બેન-હદાદે હસી કાઢયો અને કહ્યું, કે હું શહેરનો ભૂકો કરી નાખીશ, અને તેને હથેલીઓમાં લઇ જઇશ. તેનો જવાબ વાળતાં આહાબે કહાવ્યું, કે "જે જણ [શસ્ત્ર] ધારણ કરે છે તેણે [અગાઉથી] [શસ્ત્ર] અંગ પરથી ઉતારનારની પેઠે ફુલાસ મારવી નહિ." એક પ્રબોધકની દોરવણી મુજબ પ્રાંતોના હાકેમોના ૨૩૨ ખાસ અનુયાયીઓએ સાત હજાર સૈનિકોસહિત સીરીઅન લોકો પર હુમલો કર્યો. બેન-હદાદને તો ખાતરીપૂર્વક એમ લાગ્યું હતું કે ઇસ્રાએલપુત્રો તો લાચાર છે, તેથી તથા તેના આશ્રિત બત્રીસ રાજાઓ પોતપોતાના તંબુમાં પીને મસ્ત થયા હતા. સમારીઆથી ઇસ્રાએલપુત્રો કૂચ કરી રહ્યા છે એવા સમાચાર જ્યારે તેને પહોંચાડવામાં આવ્યા ત્યારે એવો હુકમ આપવામાં આવ્યો કે તેઓ યુદ્ધ કરવા આવતા હોય કે શાંતિ શોધવા, તોપણ તેમને કેદી તરીકે પકડીને મારી પાસે લાવવા. પરંતુ જ્યારે એ જુવાન પુરુષો છાવણી નજીક પહોંચ્યા ત્યારે તેઓ સીરીઅન લોકો પર તૂટી પડયા, અને "તેઓમાંના પ્રત્યેક માણસે [સામા પક્ષના] એકેક માણસને માર્યો." અને તેઓને એવી હેબક ખવડાવી કે તેઓ ભારે મૂંઝવણમાં પડીને યરદન પાર નાસી ગયા, અને "ઇસ્રાએલના રાજાએ તેમની પાછળ પડીને તેઓના ઘોડા તથા રથોનો નાશ કીધો, ને ભારે કતલ કરીને અરામીઓનો

સંહાર કીધો." બહાદુર બેન-હદાદ પોતે પણ ધાસ્તીનો માર્યો ઘોડે-સ્વાર થઇને રણક્ષેત્રમાંથી નાસી છૂટયો.

પરંતુ જેમ પેલા મિત્રપ્રબોધકે રાજાને ચેતાવ્યો હતો તેમ ઇસ્રાએલપુત્રોનો આ આનંદજનક બચાવ તો માત્ર તે સમય પૂરતો જ હતો. સીરીઅન લોકોની હારનું શું કારણ હતું તે તેમણે પોતે જ તથા બેન-હદાદે નક્કી કરવાનું હતું. વળી તેનો ખુલાસો તો સરળ હતો. ઇસ્રાએલપુત્રોનો દેવ તો પહાડોનો દેવ હતો, અને તેમનો પોતાનો દેવ તો મેદાનનો દેવ હતો. પહાડોમાં ઇસ્રાએલપુત્રો સામે યુદ્ધ કરવું એ તો તેમની મૂર્ખાઇ હતી. વળી રાજાઓના હાથમાં સૈન્ય સોંપવું એ પણ હારનું એક કારણ હતું. તેને બદલે તેમણે દલીલ કરી કે શક્તિમાન સૈનિકોની નિમણૂક કરો અને આપણને જરૂર ફતેહ મળશે. બેન-હદાદના નેતૃત્વ નીચેના તથા સીરીઅન લશ્કરની અફેકમાં ગણતરી કરવામાં આવી. તે વડે દેશ ભરાઇ ગયો હતો. "ઇસ્રાએલપુત્રોએ તો તેમની આગળ લવારાંની બે નાની ટોળીઓની માફક છાવણી કીધી હતી. પ્રબોધકે એક વાર ફરીથી વિજયની ખાતરી આપ્યા પછી સાતમા દિવસે આહાબે યુદ્ધ શરૂ કર્યું, અને એક દિવસમાં અરામના એક લાખ પાયદળ સિપાઇઓને મારી નાખીને" શત્રુનો પૂરેપૂરો પરાજય કર્યો. બેન-હદાદ અફેક નાસી ગયો અને ત્યાં સંતાઇ ગયો. તેના ચાકરો ઇસ્રાએલના રાજા આહાબના દયાળુપણા વિષે સાંભળીને તેમના રાજાનો જીવ બચાવવાની વિનંતી કરવા તેની પાસે ગયા. આહાબે તેમનો માયાભર્યો આવકાર કર્યો. રાજાએ તેમને કહ્યું, કે "તમે જઇને તેને અહીં તેડી લાવો." જ્યારે તે આવ્યો ત્યારે તેણે તેને રથમાં બેસાડયો, અને તેની સાથે નવેનામે સંબંધ જોડયો, તેથી પોતાના બાપે લઇ લીધેલાં શહેરો પાછાં આપવાનું બેન-હદાદે વચન આપ્યું, તથા દમાસ્કસ વાપરવા દેવાની પરવાનગી જેમ ઓમ્રીએ સમારીઆમાં સીરીઅન લોકોને આપી હતી તેમ તેણે પણ તેમાં વેપાર કરવા અમુક સ્થળ યહૂદી લોકોને વાપરવા દેવાની પરવાનગી આપી.

હવે મૂર્તિપૂજક પ્રજા સાથે આવો સંબંધ બાંધવો એ તો પ્રબોધકોની ધાર્મિક દૃષ્ટિએ તેમજ યહોવાહના સર્વ સાચા ભજનારાઓની

દૃષ્ટિએ પણ સૌથી ભારે ગુનો હતો. આ તો કાંઈ છૂટછાટનો અથવા તો જોખમકારક શત્રુની જિંદગી બચાવવાનો પ્રશ્ન ન હતો; એ પ્રશ્ન તો તેમની દૃષ્ટિએ નર્યો ઈશ્વર તથા તેના ન્યાયીપણાને લગતો હતો. ઇસ્રાએલી પ્રજાની નીતિ તથા તેના સામાન્ય હિતની સહીસલામતી તો તેની આજુબાજુ વસતી મૂર્તિપૂજક પ્રજાથી તેના પૂરેપૂરા જુદાપણા પર રહેલી હતી, આ બાબત "પ્રબોધકોના પુત્રોમાંના અમુક માણસ" વિષેના દૃષ્ટાંતથી સારી રીતે સમજાવવામાં આવી છે. તેની પોતાની માગણીથી તેને રસ્તે મળેલા એક માણસે ઘાયલ કીધો હતો. પોતાને માથે પાટો બાંધીને જાણે લડાઇમાંથી આવતો હોય એવી રીતે તેણે રાજા પાસે દયાની યાચના કરી. તેણે કહ્યું, કે "તારો દાસ યુદ્ધમાં ગયો હતો, ને એક માણસે એક બાજુએથી આવીને મારી પાસે એક માણસને લાવીને કહ્યું, કે આ માણસને પકડી રાખ. જો કોઇ પણ રીતે તે જતો રહેશે તો તેના જીવને બદલે તારો જીવ જશે......તારો દાસ આડુંઅવળું જોતો હતો એટલામાં પેલો જતો રહ્યો." રાજાએ તેને કહ્યું, કે "તારો ન્યાય એજ પ્રમાણે થશે." પછી પ્રબોધકે પોતાના માથા પરનો પાટો કાઢી નાખ્યો. રાજાએ તેને પ્રબોધક તરીકે ઓળખ્યો. તેણે રાજાને તેના પોતાના જ શબ્દોમાં દૂષિત ઠરાવ્યો: "યહોવાહ કહે છે, કે જે માણસને મેં મરણને લાયક ઠરાવ્યો હતો, તેને તેં તારા હાથમાંથી જવા દીધો છે, માટે તેના જીવને બદલે તારો જીવ જશે, ને તેના લોકને બદલે તારા લોક [માર્યા જશે]."

આહાબે દર્શાવેલી રહેમદિલીનો ખુલાસો પવિત્ર શાસ્ત્રમાં આપવામાં આવ્યો નથી, પરંતુ એસ્સિરીઅન નોંધો પરથી તે સ્પષ્ટ થાય છે. વર્ષો થયાં એસ્સિરીઅન બળ વધતું જતું હતું, અને આ અરસામાં તો તે ભૂમધ્ય સમુદ્રની આજુબાજુ આવેલી પ્રજાને હરાવી તેમની સીમા તેઓ દબાવતા હતા. તેમના રાજા શાલ્મા-નેસેર બીજા બે છેક ઉત્તરે કાર્કેમિશના હિત્તિઓને વશ કર્યા હતા, હમાથ પર હલ્લો કર્યો હતો, અને હવે તે પાલેસ્ટાઈનમાં ઊતરવાનો હતો. આહાબ અને બેન-હદાદે એ સામાન્ય શત્રુથી ડરીને હમાથનો બચાવ કરવા તેનો સામનો કરવાનો સંપ કર્યો. સીરીઅન લોકો ૨૦,૦૦૦ સૈનિકો અને ઈસ્રાએલપુત્રો ઘણા રથ તથા ઘોડાસહિત ૧૦,૦૦૦ સૈનિકો સાથે એસ્સિરીઅન લશ્કરને ઈ. સ. પૂર્વે ૮૫૪માં કારકાર આગળ

ડયા, પરંતુ ભારે યુદ્ધ થયા પછી તેમનો પરાજય થયો. એસ્સિરીઅન લશ્કરે માથ જીતી લીધું. પછી તેઓ દમાસ્કસ પર ઊતર્યા (તે વખતે તે તેમને માટે ખુલ્લું કરવામાં આવ્યું હતું). આમ બીજી બાજુ જોખમથી બચવા સારૂ ઈસ્રાએલપુત્રોને દદ કરવા સીરીઅન લોકો અશક્ત નીવડ્યા; કારણ કે હાલમાં ઈસ્રાએલને યહૂદાહનું ાય હતું. યહોશાફાટના રાજ્યકાળમાં યહૂદાહે મોટું લશ્કરી બળ જમાવ્યું હતું. ગે ઈસ્રાએલની સરહદ પરનાં શહેરોમાં કિલ્લેબંદી કરી હતી, તેમાં સમર્થ લશ્કર ાક્યું હતું, લશ્કરી સરંજામ સંઘર્યો હતો, અને શક્તિમાન સેનાપતિઓની સરદારી ીચે યરૂશાલેમમાં સારૂં લશ્કર જમા કર્યું હતું, તેના પરિણામે તેની પાડોશી જાઓ તેનાથી ડરતી હતી. જે "રાજ્યો યહૂદાહની આજુબાજુ આવેલાં હતાં ઓને યહોવાહનું ભય લાગ્યું, તેથી તેમણે યહૂદાહની વિરુદ્ધ લડાઇ કરી નહિ." ા કારણથી યહૂદાહના રાજા યહોશાફાટ સાથે આહાબ સલાહ કરે એ આવશ્યક તું. એ પ્રમાણે કરવામાં આવ્યું. વળી આહાબની કુંવરી અથાલ્યાહને યહોશાફાટના ત્ર યહોરામ વેરે પરણાવીને એ સલાહને સુદ્દઢ કરવામાં આવી. સીરીઆ ને ઈસ્રાએલ વચ્ચેનો સંબંધ ત્રણ વર્ષ પર્યંત પહોંચ્યો.

પ્રકરણ ૯ મું

આહાબનું મૃત્યુ

(૧ રાજા. ૨૨.)

અફેક આગળ થએલા યુદ્ધને દિવસે થએલી સલાહની રૂએ બેન-હદાદે વચન આપ્યું હતું, કે તે તેના બાપે કબજે કરી લીધેલાં ઇસ્રાએલપુત્રોનાં નગરો પાછાં આપશે. તેમ છતાં તેમાંનું એક નામે રામોથ-ગિલઆદ પાછું આપવા તેણે ના પાડી. આહાબે તે બળજોરીથી કબજે કરવા તૈયારી કરી, અને પોતાના મળતિયા યહોશાફાટને લડાઇમાં મદદ કરવા તેડયો. યહૂદાહનો રાજા આવશ્યક તૈયારી કરવા સારૂ ઉત્તરે સમારીઆમાં આવ્યો. હવે બધું તૈયાર હતું, માત્ર એકજ બાબત કરવાની બાકી હતી. આ લડાઇ વિષે યહોવાહની મરજી શી છે તે જાણવાની યહોશાફાટની ઇચ્છા હતી. એ વિષે આહાબે કંઇ વિચાર કર્યો હોય એમ લાગતું નથી, પરંતુ તે તરત જ સંમત થયો, તેને તાબે ૪૦૦ પ્રબોધકો હતા. તેઓ આ બાબતમાં તેને ઇશ્વરને નામે સલાહ આપવા સારૂ એકત્ર થયા. "હું રામોથ–ગિલઆદ પર ચઢાઇ કરૂં કે નહિ" એ પ્રશ્નનો જવાબ તેમને દેવાનો હતો. તેઓએ એકે અવાજે જવાબ દીધો, કે "ચઢાઇ કર, કેમકે યહોવાહ તેને તારા હાથમાં સોંપશે." આ પ્રત્યુત્તર વિષે યહોશાફાટના મનમાં દેખીતી રીતે જ કંઇક શક હતો; કારણ કે તેણે તરત જ પુછયું, કે જેની તેઓ સલાહ લઇ શકે એવો યહોવાહનો બીજો કોઇ પ્રબોધક હાજર છે કે નહિ? ત્યાં યિમ્લાહનો દીકરો મીખાયાહ નામે પ્રબોધક રહેતો હતો. તેને આહાબે બોલાવ્યો ન હતો, તેના કારણ તરીકે તેણે એમ કહ્યું, કે તે હમેશાં તેની ઇચ્છાની વિરુદ્ધ થાય છે. આહાબે કહ્યું, કે "હું તેને ધિક્કારૂં છું; કેમકે તે મારે વિષે શુભ નહિ પણ અશુભ ભવિષ્ય કહે છે." તેમ છતાં આ પ્રબોધકને તેડાવવામાં આવ્યો. તેની પાસે જે સંદેશિયો મોકલવામાં આવ્યો હતો તેણે તેને રાજાની નીતિને ટેકો આપવા આજીજી કરી. તેણે તેને કહ્યું કે બીજા પ્રબોધકોએ પણ એકમતે રાજાને ચઢાઇ

કરવાની બાબતમાં ટેકો આપ્યો છે, અને હવે તેની વિરુદ્ધ પડવાને એકે સબળ કારણ નથી. યહોવાહને નામે સલાહ આપવાનું લોકપ્રિય દૃષ્ટિબિંદુ એવું હતું!! પરંતુ મીખાયાહે તો એ સંદેશિયાને યાદ કરાવ્યું કે સાચો પ્રબોધક તો કેવળ જે સત્ય જ હોય અને ઈશ્વર તેના હૃદયમાં જે કંઈ મૂકે તેજ બોલી શકે. જ્યારે મીખાયાહ ત્યાં પહોંચ્યો ત્યારે બંને રાજાઓ પ્રવેશદ્વાર આગળના ખુલ્લા મેદાનમાં પોતપોતાના આસને બિરાજેલા હતા, અને તેઓએ રાજપોષાક ધારણ કરેલો હતો. તેઓની ચોતરફ ચારસો પ્રબોધકો હતા. તેઓમાંના એકના માથા પર લોઢાનું શિંગ હતું તે કહેતો હતો, કે "અરામીઓનો નાશ થતાં સુધી તું આ વડે તેમને હડસેલી કાઢશે." તેની પાછળ બાકીના પ્રબોધકો મોટે અવાજે કહેતા હતા, કે "રામોથ-ગિલઆદ પર ચઢાઇ કરીને તું ફતેહ મેળવશે, ચઢાઇ કર અને ફતેહ મેળવ." મીખાયાહે પણ તે હોકારો ઝીલી લઇને તેમની સાથે પોકાર્યું, કે "ચઢાઇ કર અને ફતેહ મેળવ, કારણ કે ઈશ્વર તેને રાજાના હાથમા સોંપશે." એ તો એની એવી ખુલ્લે-ખુલ્લી મશ્કરી હતી કે સત્ય અભિપ્રાય આપવા મીખાયાહને આહાબે કાલાવાલા કીધા. તે પોતાના મનના જૂઠા અને ઈશ્વરે સૂચવેલા સત્ય અભિપ્રાયનો ભેદ દર્શાવવા બહુ જ અશક્ત હતો. છેવટે મીખાયાહ નિખાલસપણે સાચી વાત બોલ્યો, અને તેણે રાજાને કહ્યું, કે મેં દર્શનમાં ઇસ્રાએલપુત્રોરૂપી ટોળાને પર્વત પર પાળકરહિત વેરાઇ ગએલું જોયું. આહાબે તેને વચ્ચ જ રોકતાં યહોશાફાટને કહ્યું, કે "શું મેં તને નહોતું કહ્યું, કે એ મારા વિષે સારૂં નહિ પણ માઠું ભવિષ્ય કહેશે?" પરંતુ મીખાયાહે બીજું દર્શન કહેવા માંડયું કે યહોવાહ રાજ્યાસન પર બિરા-જેલો હતો, અને આહાબના પ્રબોધકો તેને ફોસલાવીને તેનો વિનાશ કરે માટે તેઓ પર જૂઠું બોલનાર આત્મા મોકલતાં જોયો. એ સાંભળીને આહાબે ક્રોધાવેશમાં મીખાયાહને સીધો બંદીખાને પૂર્યો, અને ફરમાવ્યું કે, "હું ફતેહ પામીને શાંતિએ [પાછો] આવું ત્યાં સુધી સૂકી રોટલીથી તથા પાણીથી એનો નિર્વાહ કરજો." પરંતુ મીખાયાહે શાંતિપૂર્વક કહ્યું, કે જો તું કદી પણ ફતેહ પામીને પાછો ફરવા પામે તો યહોવાહ મારી મારફતે બોલ્યો નથી [એમ સમજવું].

મિત્ર—રાજાઓ સાથે સાથે રામોથ—ગિલઆદ ગયા; પરંતુ મીખાયાહ-ના પ્રબોધની અસર આહાબ પર એટલી બધી થઇ હતી કે તે વેશ બદલીને લડાઇમાં ગયો. એવી રીતે તે વિનાશથી બચવા માગતો હતો! પરંતુ સીરીઅન લશ્કરના એક સૈનિકે હવામાં એક બાણ છોડયું, તે આહાબનો ન્યાય ચૂકવવા ભોગજોગે સીધું તેના બખ્તરના સાંધામાં થઇને તેને વાગ્યું. વાગતાંની સાથે જ આહાબને રણક્ષેત્ર તજી નાસી જવાની ઇચ્છા થઇ, પરંતુ યુદ્ધ એટલું બધું દારુણ હતું કે, ત્યાં તેની હાજરીની અનિવાર્ય આવશ્યકતા લાગી. તેના માણસોએ તેને સાંજ પડતાં સુધી તેના રથમાં ટટાર બેસાડી રાખ્યો. સાંજે તે મરણ પામ્યો, એ સમાચાર જોતજોતાંમાં ફેલાઇ ગયા, અને સૈનિકોમાં બૂમ પડી કે, "દરેક માણસે પોતપોતાના નગરમાં તથા પોતપોતાના દેશમાં [નાસી જવું]." જ્યારે તેઓ આહાબનો રથ સમારીઆ તરફ હાંકી જતા હતા ત્યારે ઘવાએલા રાજાના રકતથી ખરડાએલો રથ તેમણે સમારીઆના તળાવમાં ધોયો. તેની આસપાસ નગરનાં કૂતરાં એકઠાં થયાં અને જેમ પ્રબોધકે કહ્યું હતું તેમ તેમણે તે રકત ચાટયું.

જેઓ જૂના કરારના પ્રબોધનો અભ્યાસ કરે છે તેઓને માટે આ બનાવ સૌથી વધુ પ્રકાશ પાડનાર છે, આપણે જૂઠા પ્રબોધકોનું એક ટોળું અને ઈશ્વરનો એકજ સાચો પ્રબોધક જોઈએ છીએ. તેઓ વચ્ચે શો ફેર છે? જૂઠા પ્રબોધકો પોતા પર જ તેમજ ઈશ્વરે કહેલાં વચનો ઉચ્ચારવામાં પોતાના પરાક્રમ પર જ વિશ્વાસ રાખતા હતા, પણ તેઓ જૂઠું બોલતા હતા! તેઓના જૂઠાણાનું એક કારણ એ હતું કે તેઓ રાજાને ખુશ કરવા ઇચ્છતા હતા. જેમ આપણે જોયું તેમ તેના વિચારની વિરુદ્ધ પડવું એ કાંઈ સહેલું કામ ન હતું. લોકપ્રિય ન હોય એવા માણસના પક્ષે રહીને જેઓ પોતપોતાના માર્ગે વળી ગએલાં છે એવા રાજાને કે પ્રજાને સત્ય કહેવું એ કાંઈ જેવીતેવી વાત નથી. યશાયાહના જમાનામાં હતું તેમ આજે પણ માણસો તેમના શિક્ષકોને કહે છે, કે "તમે અમને સત્ય વાતો કહેશો નહિ, પણ અમારી આગળ મીઠી મીઠી વાતો બોલો" (યશા. ૩૦; ૧૦).

પ્રકરણ ૧૦ મું

યહોવાહની સેવામાં એલીયાહનું છેલ્લું કાર્ય

(૨ રાજા. ૧.)

અહાઝયાહ તેના પિતા આહાબની ગાદીએ આવ્યો હતો. તેનો રાજ્યકાળ ટૂંકો અને ભૂંડો હતો. તેનું રાજ્ય યહોવાહના ધર્મના બચાવમાં એલીયાહે કરેલા માત્ર એક કૃત્યથી જાણીતું થયું છે. રાજા રાજભુવનની બારીની એક જાળીમાંથી નીચે પડી ગયો હતો, અને જોખમકારક રીતે ઘવાયો હતો. પોતાનું ભાવિ જાણવા માટે તેણે પલિસ્તીઓના વ્યાધિનિવારક તરીકે પ્રખ્યાતિ પામેલા દેવ બઆલ-ઝબૂલની સલાહ પૂછવા સંદેશિયા મોકલ્યા. સત્યના શૂરવીર અને વયોવૃદ્ધ પ્રબોધક એલીયાહ પર યહોવાહનો આત્મા આવ્યો તેથી તે ઉતાવળથી પેલા સંદેશિયાઓને મળવા ગયો. તેણે તેઓને પૂછ્યું, કે "શું ઇસ્રાએલમાં દેવ નથી કે તમે એક્રોનના દેવ બઆલ-ઝબૂલને પૂછવા જાઓ છો? તમારા રાજાને કહો કે તે જરૂર મરણ પામશે." સંદેશિયાઓને વહેલા પાછા આવેલા જોઇ રાજા નવાઇ પામ્યો. તેનું કારણ પૂછતાં તેને માલૂમ પડ્યું કે રસ્તામાં એક માણસના કહેવાથી તેઓ પાછા વળ્યા હતા. તે માણસના વર્ણન પરથી તેણે તેને તિશ્બી એલીયાહ તરીકે ઓળખ્યો. છતાં અહાઝયાહ એવા કોઇ પણ રસ્તે પોતાનો હેતુ સાધતાં અટકે એવો ન હતો; તેથી તેણે એલીયાહને બોલાવી લાવવા માટે પચાસ સિપાઇ સાથે એક જમાદારને મોકલ્યો. તે તેને પહાડના શિખર પર બેઠેલો મળી આવ્યો. તેને તેણે કહ્યું, કે "હે ઇશ્વરભક્ત, રાજાએ કહ્યું છે કે તું નીચે ઊતર." એલીયાહ જાણતો હતો કે પોતે રાજા કરતાં પણ એક મહાન સત્તાને—ઇશ્વરને આધીન છે, તેથી તેણે જમાદારને જવાબ આપ્યો, કે "જો હું ઇશ્વરભક્ત હોઉં, તો આકાશમાંથી અગ્નિ ઊતરીને તને તથા તારા પચાસ સિપાઈઓને ભસ્મ કરી નાખો;" એટલે આકાશથી અગ્નિએ પડીને તેમને ભસ્મ કરી નાખ્યા. રાજાએ ફરીથી પચાસ સિપાઈઓ સાથે બીજા

જમાદારને એજ સંદેશો લઇને મોકલ્યો. તેઓનું પણ એમજ બન્યું— આકાશમાંથી અગ્નિએ પડીને તેમને ભસ્મીભૂત કીધા. ત્રીજી વખતે રાજાએ પોતાના માણસોને એલીયાહને નીચે બોલાવી લાવવા મોકલ્યા. ત્રીજો જમાદાર એલીયાહની પાસે જઇ તેના પગે પડયો, અને તેનો તથા તેના પચાસ સિપાઈઓના જીવ બચાવવા કૃપા કરવાની તેને વિનંતી કરી. ત્યારે "યહોવાહના દૂતે એલીયાહને કહ્યું, કે એની સાથે નીચે ઊતર, એનાથી બીતો નહિ." જ્યારે એલીયાહ અહાઝયાહની હજૂરમાં આવ્યો ત્યારે જમાદારો સાથે તેણે જે સંદેશો મોકલ્યો હતો તે તેણે તેને મોઢામોઢ કહ્યો. અહાઝયાહે ઇશ્વરની મદદની અવગણના કરી, અને તેની મદદ વગર તો તે જરૂર મરી જ જાય.

બે બાબતો ધ્યાનમાં રાખ્યા વિના પ્રબોધકના જીવનમાંનો આ બનાવ સમજવો અશક્ય છે. પહેલી બાબત એ છે, કે યહોવાહ તથા બઆલ વચ્ચેના એટલે જીવનમરણ વચ્ચેના યુદ્ધની એલીયાહને મન અનિવાર્ય અગત્ય હતી. તે વિના બીજા કશાની તે વખતે કાંઈ કિંમત ન હતી. બીજી બાબત એ છે કે તે જમાનામાં મનુષ્યજીવનની મુકાબલે ઓછી કિંમત આંકવામાં આવતી હતી. જનતાની પાયમાલી તથા તેને જેર કરતા એક માણસના મુકાબલે સો માણસોના જીવનનો ભોગ લેવો પડે એ ભારે વાત ન કહેવાય. ઘણાં માણસોના અભિપ્રાય પ્રમાણે આજે પણ એક બળવાખોર માણસને જેર કરવાના મુકાબલે હજારો સૈનિકોનો નાશ કરવો પડે એ મુકાબલે ભારે વાત ગણાતી નથી. જ્યાં સુધી આપણે આપણા મનમાંથી લડાઈની ભાવનાને નાબૂદ ન કરીએ ત્યાં સુધી એલીયાહના જમાનામાં કામમાં લેવાએલી લડાયક પદ્ધતિને દૂષિત ઠરાવી શકીએ નહિ.

એલીયાહના કામનો હવે અંત આવ્યો હતો. તે તથા તેનો સેવક એલીશા તેમના ઘેર ગિલ્ગાલમાં હતા. તે બેથેલની ઉત્તરે પહાડી પ્રદેશમાં આવેલું હતું. હવે મારો અંત પાસે છે એ જાણતાં એલીયાહ બેથેલ તરફની તેની છેલ્લી મુસાફરી એકલોજ કરવા ઇચ્છતો હતો. પરંતુ એલીશાએ પાછળ રહેવા ના પાડી. તેથી તેઓએ સાથે જ બેથેલ સુધી મુસાફરી કરી, પછી તેઓ સાથે સાથે યરેખો ગયા અને ત્યાંથી યરદન નદી સુધી પહોંચ્યા. એ દરેક સ્થળે પ્રબોધકોના પુત્રોએ એલીશાને ચેતવણી આપી કે તે દિવસે તે પોતાના ગુરુથી વિખુટો પડશે. તેઓને તેણે કહ્યું, કે હું જાણું છું, તમે છાના રહો. "પછી તેઓ બંને આગળ

ચાલ્યા." પ્રબોધકોના પુત્રોમાંના પચાસ જણે પહાડ પર ઊભા રહીને તે બે જણને યરદનને રસ્તે વિચરતા જોયા. જ્યારે તેઓ નદીતટે પહોંચ્યા ત્યારે એલીયાહે પોતાનો ઝભ્ભો લઇને તથા તે વીંટાળીને પાણી પર અફાળ્યો, "તેથી તેના આમનેમ બે ભાગ થઈ ગયા, એટલે તેઓ કોરી જમીન પર ચાલીને પાર ઊતર્યા." હવે તો તે બંનેને જુદા પડવાનું જ હતું, તેથી તેઓ બંને પોતાના વહાલા વતનમાં કરવાના અધૂરા રહેલા કામ વિષે વિચાર કરતા હતા. જુવાન પુરુષ પોતાની અગત્ય સારી પેઠે સમજતો હતો, તેથી જ્યારે વૃદ્ધ પ્રબોધકે તેને પૂછ્યું, કે હું તારે માટે શું કરૂં ? ત્યારે તેણે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર કહ્યું, કે મને પ્રથમજનિતનો હિસ્સો એટલે ભૂંડા દિવસોમાં જે આત્માએ વિજય અપાવ્યો હતો તે આત્માનો બમણો હિસ્સો મને મળે. એલીયાહે તેને કહ્યું, કે એ તો ઈશ્વર જ તને આપી શકે, પરંતુ જો ઈશ્વર કરે અને તું મને વિખૂટો પડતાં જોઇ શકે તો તારી ઇચ્છા પ્રમાણે થશે. "તેઓ વાત કરતા કરતા હજુ આગળ ચાલ્યા જતા હતા, એટલામાં અગ્નિરથ તથા અગ્નિઘોડા [દિખાયા], ને તેઓએ તે બંનેને જુદા પાડી દીધા ; એલીયાહ વંટોળીયામાં થઇને આકાશમાં ચઢી ગયો. તે જોઇને એલીશાએ બૂમ પાડી કે, મારા બાપ રે! મારા બાપ રે ! ! ઈસ્રાએલના રથો તથા તેમના સવારો ! ! !" એક ક્ષણભરમાં ઈસ્રાએલનાં સર્વ સૈન્યો કરતાં પણ જે વિશેષ હતો તે પસાર થઇ ગયો. તેના આત્માનો બમણો હિસ્સો મેળવીને, તથા ઉચ્ચ અને ઉમદા કામને અર્થે પોતાનું હમેશનું અર્પણ કરીને સત્ય ઇશ્વરના પક્ષમાં અને જૂઠા દેવોની સામે જેનો કદી અંત આવ્યો નહિ એવા પુરાણા યુદ્ધે ચઢવા એલીશા પોતાના ઘર તરફ પાછો વળ્યો.

પોતાને તેડવા આવેલા બે જમાદાર તથા માણસો પર આકાશથી અગ્નિ વરસાવવાની અરજને લગતા એલીયાહના કામ વિષે છેલ્લી ટીકા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તે કરી છે (લુક ૯; ૫૪). ગમે તે રીતે તે કૃત્યનો ખુલાસો આપણે કરીએ છીએ તો પણ તેનું સમર્થન કરવા એકે શબ્દ ઉચ્ચારવાની હિંમત આપણે કરતા નથી. ખ્રિસ્તી લોકોનો આત્મા એ કરતાં ભિન્ન છે, તેમ છતાં એલીયાહનો ન્યાય કરતાં પહેલાં આપણે પોતાને તેની જગાએ તથા તેના સમયમાં મૂકવા જોઈએ. વળી આપણે તે જમાનાનો જાહેર લોકમત તોળી જોવો જોઈએ, તથા એલીયાહ તથા

તેના સમકાલિન માણસો મનુષ્યજીવન વિષે શું ધારતા હતા તે વિષે આપણે વિચાર કરવો જોઈએ. વધુ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓએ જૂના કરારમાંની બીજી મુશ્કેલીઓનો નિકાલ એજ રીતે કરવો જોઈએ. જેમકે કનાનીઓનું નિકંદન કરવાની બાબત. જ્યારે આપણે એલીયાહના ઇતિહાસની કોઈ ખાસ બાબતનો વિચાર કરવાનો હોય; અને જેને મળતી બાબતો આપણા જમાનામાં મળી આવતી ન હોય ત્યારે નીચેના શબ્દો તરફ ધ્યાન આપવું જોઈએ.

"છ દહાડા પછી ઈસુ પીતરને તથા યાકૂબને તથા તેના ભાઈ યોહાનને સાથે લઈને તેમને એક ઊંચા પહાડ પર એકાંતમાં લઈ જાય છે; અને તેઓની આગળ તેનું રૂપાંતર થયું, એટલે તેનું મોં સૂરજના જેવું તેજસ્વી થયું, ને તેનાં લૂગડાં અજવાળાના જેવાં ઊજળાં થયાં. ત્યારે જુઓ, મુસા તથા એલીયાહ તેની જોડે વાત કરતા તેઓને દેખાયા." એલીયાહના આકાશગમન કરતાં તો એક વાત વિશેષ ગૌરવી દર્શન છે, તે જેમ એલીયાહે શિષ્યોને કહ્યું હતું તેમ તે આપણને પણ કહે છે, વધસ્તંભ પર વેઠેલું પ્રભુ ઈસુનું મૃત્યુ તો તેના સંતો તથા દૂતોની દૃષ્ટિએ વધુ ગૌરવી દર્શન છે.

પ્રકરણ ૧૧મું

મોઆબ પર ચઢાઈ

(૨ રાજા. ૩.)

હવે આપણે એલીશાના સમયમાં આવી પહોંચીએ છીએ. આપણે જોઇશું કે રાજાઓની નહિ, પરંતુ એલીશાની અસરને લીધે રાષ્ટ્રના ઇતિહાસની દિશા નક્કી કરવામાં આવી હતી. એને લગતી વાર્તો બરાબર કાળાનુક્રમે કહેવી એ સહેલું કામ નથી, કારણ કે પવિત્ર શાસ્ત્રમાં એલીશાના જીવનને લગતા બનાવો એક બીજી દૃષ્ટિએ ગોઠવવામાં આવ્યા છે. એ બનાવો તથા તેમનાં સામાન્ય લક્ષણ પરથી આપણે સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ, કે એલીશાની અસર વિશાળ અને હિતકારક હતી. યહોવાહના પક્ષમાં તેમજ ઈસ્રાએલપુત્રોના શત્રુઓ તથા બઆલના પૂજારીઓની વિરુદ્ધ તે અચળ તથા સુદૃઢ હોવા છતાં તેનું ખાનગી જીવન ઘણા જ દયાભાવથી ભરપૂર હતું. રીંછડીઓએ ફાડી નાખેલા છોકરાઓની વાર્તા વાચકોના મનમાં તેના કામ વિષે નઠારી અસર કરે એવી છે ખરી; પરંતુ તે પછીનું તેનું જીવન ભલાં કૃત્યોથી ભરપૂર છે. તેણે યરેખોનાં કડવાં પાણીને મીઠાં બનાવ્યાં; પ્રબોધકોના દીકરાઓમાંના એકની વિધવાનું તેલ વધારીને તેનું દેવું ભરી આપવામાં મદદ કરીને તેનાં છોકરાંને ગુલામગીરીથી બચાવ્યાં; તેણે શુનામી બાઇનું જીવન આનંદથી ભરપૂર કર્યું, અને જ્યારે તેનો પુત્ર મરણ પામ્યો ત્યારે તેણે તેને સજીવન કર્યો; અને જે વાર્તા વડે તે સર્વ જમાનાને રંજિત કરવામાં આવ્યો તે વાર્તા પ્રમાણે તેણે પોતાની દેશજાતિના ભયંકર શત્રુ સીરીઅન સૈન્યના સેનાપતિનો કોઢ મટાડયો. તેના ખાનગી જીવનના આ બધા અસરકારક છતાં પરિચિત બનાવો પરથી હવે આપણે રાષ્ટ્રના ભાવિ પર થતી તેની અસર તરફ વળીએ છીએ.

આહાબના મૃત્યુ પછી ઇસ્રાએલના ખંડિયા મોઆબના રાજા મેશાએ ધાર્યું, કે પરદેશી ધૂંસરી ફેંકી દેવાની આ સોનેરી તક આવી છે.

તેથી તેણે રીતસરની ખંડણી ભરવાની ના પાડી. અહાઝયાહ પછી ગાદીએ આવેલા તેના ભાઇ યહોરામે પોતાના મળતિયા યહોશાફાટને મોઆબ પર ચઢાઇ કરવા માટે બોલાવ્યો. તે તેમાં તરત જ સંમત થયો. અદોમનો રાજા પણ તેમાં ભળ્યો. એ મિત્રરાજ્યોનાં લશ્કરોએ તેના પ્રદેશમાં થઇ મૃત સમુદ્ર ફરી વળી કૂચ કરી, અને તેમણે દક્ષિણ દિશા તરફથી શત્રુના મુલકમાં પ્રવેશ કર્યો. તેઓએ આશા રાખી હતી, કે અમારાં સૈનિકો તથા જનાવરો માટે અમને પુષ્કળ પાણી મળશે, પરંતુ મોઆબની નદીઓ તો સુકાઇ ગઇ હતી. પાણી વગર તો તેઓ લાચાર બની ગયા—પર્વતો પરથી નિરીક્ષણ કરતા મોઆબીઓનો તેઓ સહેલાઇથી શિકાર થઇ પડે એવી પરિસ્થિતિમાં હતા. જાણે ઇશ્વર તેમને શત્રુઓના હાથમાં સોંપી દેવા અરણ્યમાં લાવ્યો ન હોય એમજ તેમને લાગ્યું! યહોશાફાટે પૂછ્યું, કે આપણે જેની સલાહ લઇ શકીએ એવો યહોવાહનો કોઇ પ્રબોધક અહીં છે કે કેમ? રાજાઓની જાણ બહાર એલીશા લશ્કરની સાથે આવ્યો હતો. તેના વિષે જ્યારે તેઓએ સાંભળ્યું ત્યારે તેઓ તેની મદદ લેવા ગયા. પરંતુ તેણે ઇસ્રાએલના રાજાને મદદ કરવા ના પાડી અને તેને કહ્યું, કે "તારા બાપના તથા તારી માના પ્રબોધકો પાસે જા." છેવટે દયાની તથા યહોશાફાટની ખાતર તે પોતાના દેવની સલાહ લેવા સંમત થયો. પછી તેણે તેમને સલાહ આપી, કે "આ ખીણમાં બધે ખાઇઓ ખોદો." જો કે પવન કે વરસાદ જણાશે નહિ તો પણ સવાર થતાં પહેલાં તે પાણીથી ભરાઇ જશે, અને રાતને સમયે પહાડો પર ભારે વરસાદ વરસ્યો. તેથી નાળાં પાણીથી ઊભરાઇ ગયાં, અને ખાઇઓ ભરાઇ ગઇ તેથી મિત્રરાજ્યોનાં સૈન્યનો બચાવ થયો, એટલુંજ નહિ પણ શત્રુનો તો નાશ જ થઇ ગયો. મોઆબી લોકો તેમની રાહ જોઇ રહ્યા હતા, અને જ્યારે સવારે વહેલા તેમણે બાલસૂર્ય ખાઇઓના પાણી પર પ્રકાશતો જોયો ત્યારે તેમાંનું પાણી તેમને લોહીવર્ણું દેખાયું. તેથી તેમણે ધાર્યું કે એ તો મિત્રરાજ્યોનાં સૈન્યો અરસપરસ લડીને નાશ પામ્યાં છે, તેમનું લોહી છે! તેઓએ કહ્યું કે "હે મોઆબીઓ, લૂંટવા માંડો." પછી પર્વત પરથી તેઓ ધસી ગયા અને મોતના મોંમાં ઊતરી ગયા. પછી ઇસ્રાએલપુત્રોએ મોઆબીઓને માર્યા અને તેમને તેમના શહેર કીર-હરેસેથ-

માં હાંકી કાઢયા. પરંતુ વિજયી યહૂદી સૈન્યે રસ્તે જતાં જે વર્તણૂક ચલાવી તે અર્વાચીન માણુસોને અસહ્ય લાગે છે. તેઓએ કોટબંધ નગરો તથા ગામોનો નાશ કર્યો; તેઓએ ખેડવા લાયક જમીનમાં પથ્થર વેરીને બગાડી મૂકી. જે ઝરા પર માણુસના જીવનનો આધાર હતો તેનો તેમણે નાશ કર્યો; તેઓએ ફળઝાડ કાપી નાખ્યાં; તેઓએ ત્યાં ઉજ્જડખંખ બનાવી દીધું, અને કહ્યું, કે આનું નામ શાંતિ! લડાઈની એ પદ્ધતિ હાલમાં તો જરૂર જંગલી ગણાય; છતાં જ્યારે શત્રુ પ્રત્યે દયાભાવ રાખવો એ જ્ઞાન ઘણું કરીને ન હતું ત્યારે એવી રીત તો સાર્વજનિક હતી. મોઆબના રાજાને તેના સૈન્યસહિત કીર-હરેસેથમાં ઘેરી લેવામાં આવ્યો હતો. ઘેરો એટલો બધો ભારે હતો કે તેમણે તેમાંથી રસ્તો કરીને પર્વતો પર નાસી જવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેમાં તો તે નિષ્ફળ નીવડયો. તે પછી રાજાએ નિરાશ થઇને પોતાના દેવ કમોશને મદદ કરવા કાલાવાલા કર્યા. તે પોતાના ગાદીવારસ જયેષ્ઠ પુત્રનો હાથ પકડીને શહેરના કોટ પર ચઢયો. પછી પોતાની સમસ્ત પ્રજા તથા પોતાના દુશ્મનોના દેખતાં તેણે તેનો વધ કર્યો. એ રીતે તેણે માણુસોનું ભાવિ નિર્માણ કરનાર અદશ્ય સત્તાને છેલ્લી અને પૂરેપૂરી વિનંતી કરી. ઘણું કરીને એ ભયંકર દશ્ય દષ્ટિગોચર થવાથી, અને વખતે આ રીતે ભજવામાં આવતો દેવ અમારા પર ભયંકર બદલો વાળશે એવી બીકથી ઇસ્રાએલપુત્રો દેશ છોડીને જતા રહ્યા.

પ્રાચીન ધાર્મિક જગતમાં એવી સામાન્ય માન્યતા હતી કે દરેક દેવનો પોતાનો ખાસ દેશ છે, અને તેથી દરેક દેશનો પોતાનો ખાસ દેવ છે. એક દેશ તજવો એનો અર્થ એ થતો કે તેના દેવને પણ પાછળ પડતો મૂકવો. આવા વિચાર પ્રમાણે દેશનિકાલ થતાં માણુસો પોતાનો દેશ જ નહિ પણ પોતાનો ધર્મ પણ પાછળ મૂકી જતા. પરદેશમાં તો જેને તેઓ ભજતાં નહિ તે દેવની સત્તા તળે હતાં. આ કારણથી દરેક લડાઈ એક રીતે જોતાં ધાર્મિક લડાઈ હતી. વળી દરેક જીત તે એક લશ્કરની બીજા લશ્કર પરની જ જીત નહિ પણ એક દેવની બીજા દેવ પરની જીત પણ હતી. મોઆબ દેશમાં ઈસ્રાએલપુત્રોને એમ લાગ્યું હતું કે તેઓ પોતાની વિરુદ્ધ હોય એવા દેવના હાથમાં હતા. વળી તેઓ એમ પણ માનતા કે તે દેવ અમારી વિરુદ્ધ અને અમારા શત્રુઓના પક્ષમાં

લડી રહ્યો છે. જ્યારે કમોશ દેવ પોતાના દેશનું રક્ષણ કરવા જાગૃત થશે ત્યારે પરદેશીઓને જરૂર સહન કર્યા વગર છૂટકો જ નથી. અને રાજાના જ્યેષ્ઠ પુત્રના કમોશને કરવામાં આવેલા અર્પણમાં (તેઓની માન્યતા પ્રમાણે) જરૂર અમારો નાશ પણ સમાએલો છે. પાછલા પ્રબોધકોના જમાનામાં ઈસ્રાએલપુત્રો પર બઆલ દેવ વિષેના વિચારની જે પ્રબળ સત્તા ચાલતી તેનું એક કારણ આ પણ હતું. દરેક કનાની માણસને મન બઆલ તે દેશનો દેવ હતો, અને તેને અર્થે બધી પુરાણી વેદીઓ ઊભી કરવામાં આવી હતી. જ્યારે જ્યારે કાંઈ માઠું બનતું ત્યારે ત્યારે ઘણાખરા ઈસ્રાએલપુત્રોના મનમાં વહેમભરેલી બીક રહેતી જ કે અમે તે મુલકના બઆલને નારાજ કીધો છે; તેને રીઝવવા સારૂ તેઓ તેને અને સાથે સાથે યહોવાહને પણ અર્પણો ચઢાવતા.

પ્રકરણ ૧૨મું

ઇસ્રાએલપુત્રો પર સીરીઅન લોકોની ચઢાઈ

(૨ રાજા. ૬ : ૭; ૧-૨૦.)

સીરીઆના રાજાને માલૂમ પડયું હતું કે યહોરામમાં આહાબના જેવી મહાન લશ્કરી શક્તિ નથી, તેથી તેને હવે તેનાથી બીવાનું કશું જ કારણ નથી. ત્યારે તેણે ઇસ્રાએલના રાજ્યને ફરીથી ખંડિયું રાજ્ય બનાવવાનો નિશ્ચય કર્યો. તેણે પોતાની યોજના પોતાના અમલદારો આગળ ગુપ્ત રીતે રજૂ કરી અને તેમની સલાહ લીધી. પરંતુ તે યોજના ગમે તે હોય પણ પ્રબોધક એલીશા ઇસ્રાએલપુત્રોના રાજાને બધી વાત કહી દઈને આ યોજનાને ઊંધી વાળતો હતો. આવી રીતે યહોરામ તથા તેના સૈનિકોને સીરીઅન જાળમાંથી એલીશાએ એકબે વાર નહિ પણ ઘણી વાર બચાવ્યા હતા. બેન-હદાદને શક આવ્યો કે મારા અમલદારોમાંથી કોઇ એક મારી ગુપ્ત યોજના ફોડી દે છે. પરંતુ તેઓમાંના એક જણે તેને ખાતરીથી કહ્યું, કે વાત ફૂટવાનું કારણ તેઓમાંના કોઇનો દગો નથી, પણ એલીશાનું પ્રાબોધિક જ્ઞાન છે. તેથી જો તેઓ સફળતા મેળવવા ઇચ્છતા હોય તો એલીશાને પકડી લેવાનું કામ તેમને આવશ્યક લાગ્યું. તપાસ કરતાં બેન-હદાદને માલૂમ પડયું કે એલીશા તો દોથાનમાં રહે છે તેથી તેણે રથો તથા ઘોડેસવારોનું એક મોટું સૈન્ય ત્યાં મોકલ્યું. તેણે રાતને વખતે તે ઘેરી લીધું. સવારે જ્યારે એલીશાનો ચાકર જાગ્યો અને તેણે શહેરને દુશ્મનોએ ઘેરેલું જોયું ત્યારે તે નાસીપાસ થઇ ગયો. પરંતુ પ્રબોધકે તેને નવેસરથી ખાતરી કરી આપીને કહ્યું, કે "બીતો નહિ, કેમકે જેઓ આપણી સાથે છે તેઓ તેમની સાથે જેઓ છે તેઓના કરતાં વિશેષ છે." પછી તેણે ઈશ્વરની પ્રાર્થના કરી, કે તે જુવાન પુરુષની આંખ ઉઘાડવામાં આવે. તેણે જોયું તો "જુઓ, એલીશાની આસ-પાસ અગ્નિઘોડાઓથી તથા અગ્નિરથોથી પર્વત ભરાઇ ગયો હતો." સીરીઅન લોકો આંધળા બની જાય એવી પ્રાર્થના કર્યા પછી તે તેઓની

પાસે નીચે ગયો, અને તેમના ભોમીઆ તરીકે તેમની સાથે રહેવા જણાવ્યું. તેણે તેમને કહ્યું, કે "તે માર્ગ આ નહિ, ને તે નગર પણ આ નહિ; મારી પાછળ ચાલો; તમે જે માણસને શોધો છો તેની પાસે હું તમને લઇ જઇશ;" તે તેમને સીધા ૧૦ માઇલ દૂર સમરૂનમાં લઇ ગયો. તેમને જોઇને રાજા હર્ષાવેશમાં આવી બોલી ઊઠયો, કે "હે મારા પિતાજી, હું તેમને મારૂં? હું તેમને મારૂં?" પરંતુ પ્રબોધકે તે બંદીવાનોને મારવા દીધા નહિ. તેણે તેને કહ્યું, કે "ના, તેમની આગળ રોટલી તથા પાણી મૂક, કે તેઓ ખાઇપીને સહીસલામત પોતાના ધણી પાસે પાછા જાય." એ સલાહ મુજબ કરવામાં આવ્યું. એ રહેમિયતભર્યા કામથી તે બંને રાજ્યો વચ્ચે મિત્રાચારી બંધાઇ, તેથી "ત્યાર પછી અરામી-સીરીઅન ધાડપાડુઓ ઇસ્રાએલ દેશમાં આવ્યા નહિ."

સમય વીતી જતાં મિત્રાચારીની લાગણી મરી ગઇ, અને પ્રાચીન સ્પર્ધા પુન: જાગૃત થઇ; કારણ કે જે વાકયનું અવતરણ આપણે કર્યું છે તે પછી કહેવામાં આવ્યું છે કે સીરીઆના રાજા બેન-હદાદે સમરૂનને ઘેરો ઘાલ્યો. ઘેરો લાંબી મુદત સુધી ચાલ્યો તેથી તેમાં ઘેરાએલાં માણસો ભૂખે મરવા લાગ્યાં. ઘેરાની ભયંકરતા આ વાર્તામાં આબેહૂબ વર્ણવવામાં આવી છે. ગામનો કચરો પણ વેચવામાં આવતો હતો; અને પોતાનાં અધમ જીવન નીભાવી રાખવા માટે સ્ત્રીઓ પોતાનાં છોકરાંને કાપીને ખાવાની વ્યવસ્થા અરસપરસ કરી રહી હતી! લોકો પૂછતા હતા કે એવા ભોગે પ્રાપ્ત કરવામાં આવતા સ્વાતંત્ર્યની કિંમત કેટલી? જ્યાં રાજા પણ સામેલ હતો એવો એક પક્ષ તો સીરીઅન લોકોને શરણે જવાની આજીજી કરતો હતો; પરંતુ પ્રબોધક એલીશાને એ વિચાર રુચતો ન હતો. તેણે તેઓને વચન આપ્યું કે ઇશ્વર આપણને છોડાવશે. આ પરિસ્થિતિમાં દુ:ખના માર્યા રાજાએ એલીશાનો જીવ લેવાની ધમકી આપી. પરંતુ જ્યારે તે પોતે પ્રબોધકની હજૂરમાં આવ્યો ત્યારે તેણે તે કૃત્ય કરવાનું માંડી વાળ્યું, અને તેણે માત્ર નિરાશાજનક પરિસ્થિતિ વિષે વાતચીત કરી. એલીશાએ તેને ખાતરી આપી કે બીજા સૂર્યોદય પહેલાં આખા શહેરને પૂરો પડે એટલો ખોરાક મળી રહેશે એ અવિશ્વસનીય લાગ્યું. જે સરદારના હાથ પર રાજા ટેકતો

હતો તેણે ઈશ્વરભક્તને ઉત્તર આપ્યો, કે ના, ના, યહોવાહ આકાશમાં બારીઓ કરે તોપણ એ વાત બની શકે શું?" એલીશાએ તેને ઉત્તર દીધો કે તે તું તારી આંખે જોશે, પણ તેમાંથી ખાવા પામશે નહિ.

જો કે એ વાત અવિશ્વસનીય જણાતી હતી ખરી, તોપણ બન્યું તો એમ જ. રાત્રી દરમિયાન સીરીઅન લોકો ધાસ્તીના માર્યા નાસી ગયા હતા. ચાર ક્ષુધાતુર કોઢિયા પુરુષો સમરૂનના દરવાજે બેઠા હતા. તેઓ એક બીજા સાથે ચર્ચા કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે જીવવાનો હવે એક જ માર્ગ છે. કદાપિ તેઓને સીરીઅન લોકો પાસેથી ખોરાક મળી શકે. અહીં બેસી રહેવાથી મરણ તો નિર્માણ છે જ. તો પછી સીરીઅનોની દયાની માગણી કરવી એમાં એ કરતાં વિશેષ જોખમભર્યું કશું જ નથી, છેવટે તેઓ તેમની છાવણીમાં ગયા તો તેમને તે ઉજ્જડ માલૂમ પડી દરેક તંબુ ખાલી હતો, ઘોડા તથા ગધેડાં જેમને તેમ બાંધેલાં હતાં. સોનુંરૂપું તથા વસ્ત્રો પડતાં મૂકવામાં આવ્યાં હતાં. કોઢિયાઓએ ખાધું તથા પીધું, અને પોતાના નગરમાં ભૂખે મરતાં સ્ત્રીપુરુષો વિષેના વિચાર ન આવ્યા ત્યાં સુધી તેમણે દ્રવ્ય સંતાડયું. જ્યારે શહેરમાં જઈને એ વાત રાજાને કાને પહોંચાડી ત્યારે તેણે કહ્યું કે એ તો આપણને સપડાવવા માટે સીરીઅન લોકોએ કાંઈ યુક્તિ કરી હશે. તેથી આજુબાજુના પ્રદેશમાં તપાસ કરવા સારૂ માણસો મોકલવામાં આવ્યા. તેઓ એવી ખબર લાવ્યા કે આખે રસ્તે સીરીઅન લોકોએ નાસી જવાની ઉતાવળમાં પોતાનાં વસ્ત્રો તથા વાસણો ફેંકી દીધાં છે, પછી લોકોને શહેર બહાર જવામાં સહીસલામતી લાગી; તેઓએ ભૂખના દુઃખથી ત્યાં પહોંચવા એટલી બધી ઉતાવળ કરી, કે તેઓએ એક બીજાને તેમજ આગલી રાત્રે મશ્કરી કરનાર સરદારને તેમના પગ નીચે કચડી માર્યો.

પ્રકરણ ૧૩મું

યેહૂ, ઇસ્રાએલપુત્રોને માટે એક કોરડો

(૨ રાજા. ૮; ૨૫-૨૯, ૯ અને ૧૦મો અધ્યાય)

હવે રાજ્યક્રાંતિનો સમય આવી પહોંચ્યો હતો. એલીશા પોતાનાં ઘણાં ભલાં કૃત્યો વડે લોકોને તૈયાર કરતો તથા તેમને પોતાના પક્ષનો કરી લેતો આવ્યો હતો. વળી પ્રબોધકો તો વાસ્તવિક રાષ્ટ્રિય આબાદીનો માર્ગ સૂચવે છે એવી ખાતરી તેમના મનમાં તે ઉપજાવતો આવ્યો હતો. રાજામાં ભૂંડાઇનું જે બળ કેંદ્રિત થયું હતું તે નાબૂદ કરવાની આવશ્યકતા હતી. હવે તેને એમ લાગ્યું કે લાંબા સમય પર એલીયાહે જે બળ વિષે કહ્યું હતું તે જાગૃત કરવાની ઘડી આવી પહોંચી છે, તેથી તેણે યહોવાહના પક્ષમાં સહાય્ય કરવા સારૂ યેહૂ તથા હઝાએલને તેડાવ્યા.

સીરીઅન અને ઇસ્રાએલપુત્રો વચ્ચે ફરીથી વિગ્રહ ફાટી નીકળ્યો હતો. ઇસ્રાએલપુત્રોના તાબાના રામોથ-ગિલઆદને સીરીઅન સૈન્યે ઘેરો ઘાલ્યો હતો. આહાબનો દીકરો રાજા યહોરામ રણક્ષેત્રમાં હતો, પરંતુ તે ઘવાએલો હોવાથી સાજો થવા માટે યિઝ્રએલ આવ્યો હતો. તેણે પોતાનું સૈન્ય તે સમયના પ્રખ્યાત સરદાર યેહૂના તાબામાં મૂક્યું હતું. એક દિવસે રામોથ-ગિલઆદમાં એક ઘરને આંગણે પરિસ્થિતિની ચર્ચા કરતા કેટલાક સરદારો બેઠા હતા, ત્યારે પ્રબોધકોમાંના પુત્રોમાંનો એક કમરબંધસહિત તેઓની હજૂરમાં હાજર થઇને બોલ્યો: "સરદાર, હું તારે સારૂ એક સંદેશો લાવ્યો છું." યેહૂએ કહ્યું, કે "અમારામાંના કોને માટે?" તેણે કહ્યું કે, "હે સરદાર, તારે માટે." તેને એલીશાએ મોકલ્યો હતો. તેઓ સાથે ઘરમાં પેઠા અને અંદરની ઓરડીમાં એકાંતે ગયા. ત્યાં તે જુવાન પ્રબોધકે ગુપ્તમાં યેહૂને માથે પવિત્ર તેલ રેડીને કહ્યું, કે "ઇસ્રાએલનો દેવ યહોવાહ કહે છે, કે મેં તને યહોવાહના

લોક ઉપર, એટલે ઇસ્રાએલ પર રાજા તરીકે અભિષિક્ત કીધો છે." પછી તેણે યેહૂને ભયંકર ફરમાન કર્યું કે ઇશ્વર તથા ઇસ્રાએલની વિરુદ્ધનાં પાપને લીધે તારે આહાબના કુટુંબનું નિકંદન કરવું. જે સંદેશો કહેવા તે આવ્યો હતો તે કહીને જેટલી ત્વરિત ગતિએ તે આવ્યો હતો તેટલી જ ત્વરિત ગતિએ દરવાજો ઉઘાડીને પાછો ચાલ્યો ગયો. દરવાજા પાસે બેઠેલા સરદારો બહુ હસી પડયા અને જ્યારે યેહૂ બહાર આવ્યો ત્યારે તેમણે તેને પૂછયું કે એ ઘેલો માણસ શું કરવા માગતો હતો? યેહૂએ તેમને કહ્યું, કે "એ માણસને તમે ઓળખો છો, તથા તે કેવી વાત કરે તે પણ તમે જાણો છો." તેઓએ તેને કહ્યું, કે "એ તો બધું ઠીક, પણ એમ ચાલશે નહિ; ખરી વાત અમને કહે." ત્યારે યેહૂએ તેમને કહ્યું, કે મને ઇસ્રાએલના રાજા તરીકે અભિષિક્ત કરવામાં આવ્યો છે. તરત જ તેઓએ એક રાજગાદી તૈયાર કરી, અને યેહૂની આગળ પોતાનાં વસ્ત્રો પાથરીને તથા રણશિંગડાં વગાડીને તેને રાજા તરીકે જાહેર કીધો. યેહૂને લાગ્યું કે જ્યાં સુધી હું યિઝ્રએલ પહોંચું નહિ ત્યાં સુધી રાજ્યક્રાંતિના આ સમાચાર ત્યાં પહોંચવા નજ જોઇએ. તેથી બધો પત્રવ્યવહાર બંધ રાખીને રાજાને પકડી લેવા માટે રથમાં બેસીને બનતી ઉતાવળે તે યિઝ્રએલ ગયો. ત્યાં વૈદો યહોરામની સારવાર કરતા હતા, અને તેના દુ:ખના દહાડામાં યહૂદાહનો રાજા અહાઝયાહ તેની મુલાકાતે આવ્યો હતો. તેઓ બંને રણક્ષેત્રના સમાચારની ચિંતામાં હતા. શહેરના ઊંચા બુરજ પર ઊભા રહીને પહેરેગીર ઉગમણી દિશામાં કોઇ આવતા સ્વારનું નિરીક્ષણ કરી રહ્યો હતો. તેણે નીચે બેઠેલા રાજાને મોટેથી કહ્યું, કે "મારા જોવામાં તો એક ટોળી આવે છે." એ સાંભળીને તરત જ રાજાએ એક સંદેશિયો સામે દોડાવ્યો, અને સમાચાર લઇને ઉતાવળથી તેને પાછા ફરવા કહ્યું. યેહૂની ટોળી ઘણે દૂર હતી અને જ્યારે પહેરેગીરે જોયું કે રાજાનો સંદેશિયો તેને મળ્યો ત્યારે તે તેની પાછળ પાછળ આવવા લાગ્યો. પછી બીજા સંદેશિયાને મોકલવામાં આવ્યો. તેણે પણ એમજ કર્યું. હવે તેઓ નજીક આવી પહોંચ્યા ત્યારે તેમને જોઇને પહેરેગીરે રાજાને કહ્યું, કે "સવારી કરવાની રીત તો નિમ્શીના દીકરા યેહૂના જેવી છે, કેમકે તે અતિ જોસભેર સવારી કરે છે." એ સાંભળીને યહોરામ તથા અહાઝયાહ પોતપોતાના રથમાં આરૂઢ

થયા અને સેનાપતિને મળવા તથા તેની પાસેથી યુદ્ધના સમાચાર સાંભળવા તેની સામે ગયા. તેઓ તેને યિઝ્રએલી નાબોથના વાંટામાં મળ્યા. રાજાએ ચિંતાતુરપણે પૂછ્યું, કે "યેહૂ, શું સલાહશાંતિ છે?" તેને જવાબ મળ્યો, કે "જ્યાં સુધી તારી મા ઇઝેબેલના વ્યભિચાર તથા એનાં જાદુકર્મ પુષ્કળ છે ત્યાં સુધી શી શાંતિ હોય!" "ઓ અહાઝ્યાહ, દગો!" એમ પોતાના ભાઇ પ્રત્યે પોકારીને રાજા યહોરામ પાછો વળીને નાઠો. યેહૂએ પોતાના પૂરા બળથી બાણ ખેંચીને તેને માર્યું તેથી તે મરણ પામ્યો. પછી તેણે તેના મૃતદેહને નાબોથના વાંટામાં ફેંકી દેવાનું ફરમાન કર્યું. અહાઝ્યાહ પણ નાઠો હતો, પરંતુ યેહૂ તથા તેના સૈન્યે તેની પૂઠ પકડીને તેને મારી નાખ્યો. "તેના ચાકરો તેને રથમાં નાખીને યરૂશાલેમ લઇ ગયા, ને તેઓએ તેને દાઊદનગરમાં તેના પિતૃઓની સાથે તેની કબરમાં દાટયો."

એ દરમિયાન બળવાના સમાચાર ઇઝેબેલને કાને પહોંચ્યા હતા. તે સુંદર વસ્ત્રો પરિધાન કરીને તથા રાજમહેલની બારી આગળ આવીને રાહ જોતી ઊભી હતી. યેહૂ યિઝ્રએલ પાછો આવ્યો, અને સવાર થઇ રાજમહેલના દ્વાર તરફ ગયો. રાણીએ તેને મશ્કરીમાં પૂછ્યું, કે "હે પોતાના ધણીનું ખૂન કરનાર બીજા ઝીમ્રી, શું શાંતિ છે?" યેહૂએ ઊંચે જોઇને રાજમહેલમાં જે કોઇ માણસ પોતાના પક્ષનો હોય તેને હાંક મારી. જ્યારે બારીમાંથી બેત્રણ ખોજાએ તેને ઇશારો કીધો ત્યારે તેણે તેમને ઇઝેબેલને બારીએથી નીચે ફેંકી દેવા ફરમાવ્યું. તરત જ ઇઝેબેલ જમીન પર પછડાઇ, અને તેના લોહીમાંનું કેટલુંક ભીંત પર છંટાયું. પછી તેઓએ તેને ઘોડાઓના પગ તળે કચરી નાખી. તે પછી તે દિવસના કામથી પરવારી આરામ લેવા માટે યેહૂ મહેલમાં પેઠો; પરંતુ રાણી યાદ આવતાં તેને દાટવા સારૂ તેણે માણસોને મોકલ્યા. જ્યારે તેઓ તે જ્યાં પડી હતી ત્યાં પહોંચ્યા, ત્યારે તેઓને માલૂમ પડયું કે શહેરનાં કૂતરાં તેનું માંસ ખાઇ ગયાં. એ સાંભળીને યેહૂએ કહ્યું, કે "એ તો યહોવાહના વચન પ્રમાણે થયું છે, તેણે પોતાના સેવક તિશ્બી એલીયાહદ્વારા એવું કહ્યું હતું."

આહાબના કુટુંબનો એકે પુરુષ હયાત હોય ત્યાં સુધી યેહૂની સહીસલામતી ન હતી, તેથી તેણે પોતે જ તેનું નિકંદન કરવા માંડયું. સમરૂનના નેતાઓએ તેને રાજા તરીકે સ્વીકાર્યો, અને તેના પ્રત્યેની વફાદારીની સાબિતી તરીકે તેમણે રાજાના વંશવારસોનાં માથાં એક પલીમ ભરીને તેના પર મોકલ્યાં. આ સર્વેના શિરચ્છેદને લીધે લોકોમાં રોષની લાગણી ઉદ્‌ભવી, પરંતુ યેહૂએ તેમને કહ્યું, કે આ તો યહોવાહે મૂર્તિપૂજાનો લીધેલો બદલો છે.

હજી યેહૂને બઆલના પૂજારીઓને જોઈ લેવાના હતા, તેમનું નિકંદન કરવા તેણે એક યુક્તિ રચી, તે તેઓમાંનો એક છે એમ તેણે જાહેર કર્યું, અને બધા પ્રબોધકો તથા યાજકોને પોતે એક મોટું અર્પણ ચઢાવવાનો છે એમ કહી તેમાં ભાગ લેવા નહોતર્યા, દેશના દરેક છેડેથી આવેલા બઆલના પ્રબોધકોથી મંદિર ભરાઈ ગયું હતું. તેઓમાં યહોવાહનો એકે પ્રબોધક હાજર નથી એવી ખાતરી કર્યા પછી યેહૂએ યાજકનો પોષાક ધારણ કર્યો અને પોતાને હાથે અર્પણ ચઢાવ્યું, તે પછી તેણે મંદિરમાંના દરેકને મારી નાખવાનો હુકમ કર્યો, મંદિર પણ લૂંટી લેવામાં તથા ઉજ્જડ કરી મૂકવામાં આવ્યું. "એવી રીતે યેહૂએ ઈસ્રાએલપુત્રોથી બઆલનો નાશ કર્યો," તેમ છતાં યહોવાહની જ પવિત્ર ભજનસેવા સ્થાપન કરવાનો તેનો હેતુ ન હોવાથી તેણે બેથેલ તથા દાનમાંના સોનાના વાછરડા રહેવા દીધા, અને એમ હજી પણ પ્રજામાં દુઃખનું કારણ ઊભું રાખ્યું.

આવી રીતે જે રાજવંશ સ્થાપવામાં આવ્યો તે ઈસ્રાએલના બીજા કોઈપણ રાજવંશ કરતાં વધુ મુદ્દત ટકવાનો હતો. ૧૧૫ વર્ષ સુધી તો તેમાં કશો જ ફેરફાર થયો નહિ. યેહૂએ પોતે ૨૮ વર્ષ રાજ કર્યું.

પ્રકરણ ૧૪મું

અથાલ્યાહ

(૨ રાજા. ૧૧.)

જ્યારે બઆલની પૂજાએ યહૂદાહમાં ઘર કર્યું ત્યારે તેના પર ઊતરેલી આફતોથી તેમાં રહેલું ભયંકર પાપ આપણે આબેહૂબ રીતે જોઇ શકીએ છીએ. એ કેવી રીતે બન્યું તે હવે આપણે જોઇશું. એ તો આપણે ક્યારનાએ જાણી ગયા છીએ કે આહાબ અને યહોશાફાટે એકબીજાને સાથ આપ્યો હતો. તે સંબંધને સુદૃઢ કરવા યહોશાફાટના પુત્રને આહાબની પુત્રી વેરે પરણાવવામાં આવ્યો હતો. તે પુત્રી અથાલ્યાહનાં કામ વિષે હવે આપણે સાંભળીશું. આચરણે તો તે તેની મા ઇઝેબેલના જેવી જ હતી, અને બઆલપૂજાના તેના જેવા જ ભક્તિભાવથી ભરપૂર હતી. યહૂદાહની રાણી તરીકે આવતાં તેણે તેના પતિને દેશનાં પહાડી શિખરો પર બઆલની પૂજા કરવા તેની વેદીઓ ઊભી કરવા સમજાવ્યો. ઘણું કરીને યરૂશાલેમમાં પણ એનું એક મંદિર બાંધવા પણ તેણે વિનવણી કરી હતી. જ્યારે તેનો પતિ મરણ પામ્યો ત્યારે તેનો પુત્ર અહાઝયાહ ૨૨ વર્ષની વયે યહૂદાહની ગાદીએ આવ્યો. તેના પર તેની દૃઢ મનની માની અસર સ્વાભાવિક રીતે જ વધારે થઇ હતી. તે પછી દેશના દેવ તરીકે બઆલની સ્થાપના કરવાનું શરૂ કરવામાં આવ્યું. બઆલનાં મંદિરો શોભાવવા માટે યહોવાહના મંદિરનાં સૌથી સુંદર સાધનો લૂંટી લેવામાં આવ્યાં. પરંતુ જેમ આપણે જોયું તેમ યેહૂએ તેને મારી નાખ્યો, અને તેણે માત્ર એક જ વર્ષ રાજ કર્યું.

અહાઝયાહના મરણ વખતે તેનો એકે દીકરો ૬ કે ૭ વર્ષથી મોટો ન હતો, તેથી રાજસત્તા અથાલ્યાહના હાથમાં આવી. યેહૂ પ્રત્યે તેમજ તેણે યહોવાહ પ્રત્યે જે વલણ અખત્યાર કર્યું હતું તે પ્રત્યેનો તેનો તિરસ્કાર

આપણે સમજી શકીએ છીએ. તેના દૃષ્ટિબિન્દુ પ્રમાણે તેના પુત્રના મરણનું કારણ યહોવાહ હતો, તેથી તેનો બદલો વાળવા તે યહોવાહની ભજનસેવા નાબૂદ કરવા ઇચ્છતી હતી. ઇશ્વર પ્રત્યેના ધિક્કાર તેમજ પોતાની મહત્ત્વાકાંક્ષાને લીધે તેણે દાઊદના કુટુંબનો રાજવંશ ધરમૂળથી ઉખેડી નાખવાનો ઠરાવ કર્યો. જોકે તેનો ભોગ તો તેનાં પૌત્રપૌત્રી થઇ પડવાનાં હતાં તોપણ તેણે એનો અમલ કરવા ચાલ્યું. તેણે ખરેખર, ભયંકર કતલ ચલાવી, અને છ વર્ષ સુધી યહૂદાહમાં સર્વોપરી સત્તા ભોગવી. તેની સર્વોપરી સત્તાનો અર્થ બઆલની પણ સર્વોપરી સત્તા સમજવો. યહોવાહના મંદિરની જમીનમાં બઆલનું એક મંદિર બાંધવામાં આવ્યું હતું, અને વળી તેનો કેટલોક ભાગ તો યહોવાહના મંદિરના પથ્થરો વડે બાંધવામાં આવ્યો હતો. યહોવાહનું મંદિર પડી જઇને નાશ પામે એવી સ્થિતિમાં રાખવામાં આવ્યું હતું, કેમકે હવે તે પ્રજાના ઉપયોગમાં આવતું ન હતું. જેમ તેની માએ કર્યું હતું તેમ નહિ પણ યહોવાહના પ્રબોધકોની ખફગી વહોર્યા વિના તેણે શાંતિપૂર્વક બઆલનો ધર્મ આગળ ધપાવ્યો હતો.

પરંતુ તેણે મરહૂમ રાજાનાં એટલે પોતાના પુત્રનાં બધાં જ છોકરાંને મારી નાખ્યાં ન હતાં. મુખ્ય યાજક યહોયાદા અહાઝયાહની એક બહેન નામે યહોશેબા વેરે પરણ્યો હતો. જ્યારે રાજાનાં નાનાં છોકરાંને મારી નાખવામાં આવતાં હતાં ત્યારે યહોશેબા રાજમહેલમાં હાજર હતી. સૌથી નાનું છોકરૂં તદ્દન બાળક હતું. તેને લઇને તે નાઠી અને પ્રથમ તેણે તેને મહેલના એક ભંડારમાં સંતાડયો, તે પછી તેને તેણે મંદિરની એક ઓરડીમાં રાખ્યો. મુખ્ય યાજક તથા તેની વહુએ ૬ વર્ષ સુધી તે છોકરાને સંતાડી રાખ્યો, તેથી અથાલ્યાહને તેના અસ્તિત્વનો કશો જ વહેમ ન આવ્યો. વળી એ ૬ વર્ષ દરમિયાન એક દિવસે તેઓ અથાલ્યાહ પર ઓચિંતા તૂટી પડે માટે છેવટે જ્યારે અનુકૂળ વખત આવી પહોંચ્યો ત્યારે તેઓએ રક્ષકોના આગેવાનોને પોતાના પક્ષના કરી લઇને તેમને બાળરાજાની હજૂરમાં આણ્યા. ત્યાં સરદારોએ તેને વફાદાર રહેવાના સોગન લીધા, અને જે યોજના કરવામાં આવી હતી તેની હકીકત સાંભળી. જે દિવસ નક્કી

કરવામાં આવ્યો તે તો સાબ્બાથનો દિવસ હતો. તે દિવસે રક્ષકોને છૂટા કરવામાં આવ્યા, બધા સૈનિકોને મંદિરના આંગણામાં એકઠા કરવામાં આવ્યા, અને મહેલમાં એકે પુરુષને રહેવા દેવામાં આવ્યો નહિ. માણસોથી મંદિરનું આંગણું ભરાઇ ગયું હતું, અને બેવડી હારમાં સિપાઇઓને ઊભા રાખવામાં આવ્યા હતા. તેમના મુખ સામે પરમ-પવિત્રસ્થાન અને વેદી આવેલાં હતાં. ઠરાવેલા વખતે મુખ્ય યાજકે દાઊદના ભાલા તથા ઢાલો આણ્યાં, અને ગૌરવી ગતકાળ તથા દેશપ્રેમના ચિહ્ન તરીકે તે સરદારોના હાથમાં આપવામાં આવ્યાં. જ્યાં રાજાએ ઊભા રહેવું જોઇએ ત્યાં બાળરાજા યોઆશ (અથવા યહોઆશ) ને લઇ જવામાં આવ્યો. લોકસમૂહની રૂબરૂ તેને માથે મુગટ પહેરાવવામાં આવ્યો, અને તેના હાથમાં "નિયમનું પુસ્તક" આપવામાં આવ્યું. તે વખતે સર્વ માણસોએ તાળીઓ પાડીને મોટે અવાજે પોકાર કર્યો, કે "ઈશ્વર રાજાનું રક્ષણ કરો." એ અવાજ રાજમહેલમાં રાણીના કાને પડયો, અને શું થયું તે જાણવા માટે તે દોડતી આવી. પરિસ્થિતિ તરત જ સમજી જઇને તેણે પોતાનાં વસ્ત્રો ફાડયાં અને બૂમ પાડી, કે "ફિતૂર! ફિતૂર!" તેને પકડી લેવામાં આવી, અને મુખ્ય યાજકના ફરમાનથી તેને મંદિરમાંથી ઘસડી લઇને મહેલના તબેલા આગળ મારી નાખવામાં આવી.

લોકો મંદિરના આંગણામાંથી જતા રહે તે પહેલાં યહોયાદા તેમને રાષ્ટ્રિય કરાર—એક બાજુએ યહોવાહ અને બીજી બાજુએ રાજા તથા લોકો વચ્ચે, તેમજ રાજા તથા પ્રજા વચ્ચેનો, કરાર કરવા સમજાવ્યા, દાઊદના કુટુંબ તથા ઈશ્વર પ્રત્યેના નવા ઉત્સાહના શિખરે પહોંચેલા લોકોએ બઆલના મંદિર પર એવો ધસારો કર્યો કે વેદી અને મૂર્તિઓ ઉથલાવી પાડી અને મંદિરના ભૂકેભૂકા કરી નાખ્યા, અને તેમણે મંદિરના પૂજારીને મારી નાખ્યો. દરમિયાન યહોયાદાએ યહોવાહના મંદિરને માટે રક્ષકો નીમ્યા. તે પછી લોકોસહિત સરદારો તથા સૈનિકોએ મહેલ તરફ કૂચ કરી. ત્યાં યોઆશને તેના પિતૃઓના રાજ્યાસને બેસાડવામાં આવ્યો. આ રાજ્યક્રાંતિ આવકારદાયક નીવડી, "તેથી દેશના સર્વ લોક હરખાયા ને નગરમા શાંત થઇ."

બાળરાજા પર યહોયાદા મુખ્ય યાજકનો ભારે ઉપકાર થયો હતો, એ જાણીને તેણે તેની દોરવણી મુજબ રાજનીતિ ઘડી કાઢી. યહોયાદા એવો શક્તિમાન હતો, કે તેણે લોકની નજરે યાજકપદ ઉચ્ચ કોટિએ પહોંચાડયું. યાજકપદ તેના જેવું પહેલાં કદી પણ ન હતું. જ્યારે યહોયાદા મરણ પામ્યો ત્યારે તેને દાઊદનગરમાં રાજાઓના કબરસ્તાનમાં દફનાવ્યો, "કારણ કે તેણે ઈસ્રાએલમાં ઈશ્વર તથા તેના ઘર પ્રત્યે ભલાઈ દર્શાવી હતી." ઈશ્વરના ઘર પ્રત્યે તેણે એવી ભલાઈ દર્શાવી, કે તેનું સમારકામ હાથમાં લેવા તથા તે ચાલુ રાખવા તેણે રાજાને સમજાવ્યો. યહોયાદાનું ચલણ જોઈ યરૂશાલેમના રાજકુંવરોના મનમાં અદેખાઈ ઊપજી. તેના મરણ પછી તેઓએ તરત જ ઘટતાં પગલાં ભર્યાં, અને હાજીહા કરીને રાજાને પોતાના પક્ષનો કરી લીધો, તેથી ધર્મ પણ વધુ શિથિલ બની ગયો. ઉચ્ચસ્થાનોએ બઆલની પૂજાનાં પુરાણાં ચિહ્ન ફરીથી દૃષ્ટિગોચર થવા લાગ્યાં. ઈશ્વરના પ્રબોધકોનો વિરોધ વ્યર્થ નીવડવા લાગ્યો, તેથી પ્રાબોધિક વિરોધ એટલી બધી હદે વધ્યો કે એક દિવસે માજી પ્રમુખ્ય યાજકનો પુત્ર ઝખાર્યાહ રાજાની રૂબરૂ જાહેરમાં બોલ્યો : "તમે યહોવાહની આજ્ઞાનું ઉલ્લંઘન કેમ કરો છો તમે આબાદ થતા નથી? તમે ઈશ્વરને તજી દીધો છે, તેથી તેણે તમને પણ તજી દીધા છે." એ વચનો સાંભળીને રાજા તથા પ્રજાને એટલો બધો ક્રોધ ચઢયો, કે તેઓએ તે અનુપકારી રાજાના ફરમાનથી તેને તેજ સ્થળે પથ્થરે મારીને મારી નાખ્યો (સરખાવો માત્થી ૨૩; ૩૫). તે મરતા યાજકે કહ્યું, કે "ઈશ્વર આ જુઓ, અને તેનું પ્રતિફળ આપો."

પ્રકરણ ૧૫મું

હઝાએલ, ઇસ્રાએલને માટે એક બીજો કોરડો

(૨ રાજા. ૮; ૭-૧૫: ૧૦; ૩૨, ૩૩: ૧૨; ૧૭,૧૮: ૧૩; ૨૨-૨૫).

આ તો શાંતિનો જમાનો હોવાથી એલીશા સીરીઆના પાટનગર દમાસ્કસની મુલાકાતે જઇ શકયો. ત્યાં જવાનો તેનો હેતુ જો કે જણાવવામાં આવ્યો નથી તોપણ એટલું તો ચોક્કસ છે, કે યહોવાહના કામને અર્થે તે હઝાએલના પ્રયત્નોને કામમાં લેવા માગતો હતો, એટલું જ નહિ પણ તે તેના દેશમાં લડાઇની જે ઘાતકી રીતોનો અમલ કરતો હતો તે વિષે તેને ચેતવણી આપવા પણ ઇચ્છતો હતો. સીરીઆનો રાજા બેન-હદાદ માંદો હતો, તેથી જ્યારે તેને માલૂમ પડયું કે એક પ્રખ્યાત ઇશ્વિરભક્ત મારા નગરમાં આવ્યો છે, ત્યારે તેણે કીમતી ભેટ લઇને પોતાના મુખ્ય અમલદારને તેની પાસે મોકલ્યો. તેણે તેને પોતાની માંદગીનું શું પરિણામ આવશે તે જાણી લાવવા કહ્યું. આવી રીતે તે એલીશાનો હેતુ બર લાવવામાં સાધનભૂત થયો, કારણ કે તેજ અમલદારને મળવા એલીશા આવ્યો હતો; તે તો હઝાએલ હતો. પ્રબોધકે તેને ખાતરી આપી કે રાજા રોગથી સહેલાઇથી બચી જશે, છતાં નક્કી મરણ પામશે. પછી સીરીઅન સરદારના મોં સામે ઇરાદાપૂર્વક જોઇ રહીને એલીશા ચોધાર આંસુએ રડી પડયો. હઝાએલે તેને રડવાનું કારણ પૂછયું, ત્યારે તેણે તેને કહ્યું, કે "તું ઇસ્રાએલપુત્રો પર જે વિપત્તિ લાવવાનો છું તે હું જાણું છું; તેઓના કિલ્લાઓને તું આગ લગાડીશ, તેમના જુવાનોને તું તરવારથી કતલ કરીશ, તેમનાં બાળકોને તું પછાડીને ટુકડા કરીશ તથા તેમની ગર્ભવતી સ્ત્રીઓને તું ચીરી નાખીશ." તે જમાનામાં આ કામ તો લડાઇમાં સામાન્ય હતાં, પણ તેની ભયંકરતાને લીધે નહિ, પરંતુ પ્રબોધક તેને જે ઉચ્ચ માન આપતો હતો તેને લીધે હઝાએલના મનમાં નવાઇ ઉત્પન્ન થઇ. તેણે કહ્યું, કે "તારો સેવક ફક્ત એક કૂતરા તુલ્ય છે. તે કોણ માત્ર કે તે એવું મહાન કાર્ય કરે?" તેમ છતાં એલીશાએ તેને ખાતરી આપી

કે એક રાજા તરીકે તે એ સર્વ કામ કરશે. જ્યારે હઝાએલ તેના રાજા પાસે પાછો ગયો ત્યારે તેણે વાતચીતમાં આમાંનું કશુંજ તેને કહ્યું નહિ, માત્ર તે માંદગીમાંથી જરૂર સાજો થશે એવું પ્રબોધકે વચન આપ્યું છે તેની ખબર તેને આપી. પોતાના મહત્ત્વને લગતી ભવિષ્યવાણી પૂરી કરવા સારૂ હઝાએલે બેન-હદાદને ગુંગળાવીને મારી નાખ્યો, અને તેની ગાદી તે પચાવી પડયો.

એ યાદ રાખવું જોઇએ કે આહાબ અને બેન-હદાદ એકબીજાના સહકારમાં જોડાયા હતા, અને એસિરીઆના વધતા જતા બળને રોકવા તેમણે ઉત્તર તરફ કુચ કરી હતી, પરંતુ એસિરીઅન રાજા શાલ્માનેસેરે તેમને કરકર આગળ હરાવ્યા હતા. હવે યેહૂ જ્યારે ઇસ્રાએલ પર પોતાની સત્તા જમાવવાના કામમાં રોકાએલો હતો ત્યારે સીરીઅન લોકોના હુમલાથી પોતાના રાજ્યની પૂર્વ તરફની હદનું રક્ષણ કરવા સારૂ તેણે શાલ્માનેસેરનો આશ્રય લીધો હતો. તેણે સીરીઆ પર ચડાઇ કરી, પણ હઝાએલે તેને દમાસ્કસમાંથી બે વાર મારી હઠાવ્યો. છેવટે એસિરીઅન લોકોએ નિરાશ થઇ લડાઇ પડતી મૂકી. આથી ઇસ્રાએલની વિરુદ્ધ લડાઇ કરવાનું હઝાએલને એક નવું કારણ અને તક મળ્યાં. તેણે પોતાના પ્રાંતની છેક નજીકના પ્રદેશ પ્રતિ કુચ કરીને તેને વેરાન કરી મૂકયો; "એટલે યરદનથી પૂર્વ તરફ આર્નોનની ખીણ પાસેના અરોએરથી માંડીને ગિલઆદ તથા બાશાન સુધી આખા ગિલઆદ દેશને, ગાદીઓને, રેઉબેનીઓને તથા મનાશ્શેહીઓને હરાવ્યા." આ મુલાકાત ઘણી જ ભયાનક હોવી જોઇએ, કારણ કે ૭૦–૮૦ વર્ષો પછી પણ તે લોકોના સ્મરણમાં તાજી ને તાજી જ હતી. તેના અનુસંધાનમાં જ આમોસ પોતાનો પ્રબોધ શરૂ કરે છે :—

"દમાસ્કના ત્રણ ગુનાને લીધે, હા, ચારને લીધે હું તેની શિક્ષા માંડી વાળીશ નહિ; કેમકે તેઓએ ગિલઆદને લોઢાના ઝૂડિયાથી ઝૂડયો છે; પણ હું હઝાએલના ઘરમાં અગ્નિ મોકલીશ, ને તે બેન-હદાદના મહેલોને ભસ્મ કરી નાખશે. વળી હું દમાસ્કની ભૂંગળ તોડી નાખીશ, ને આવેનની ખીણમાંથી તેના રહેવાસીઓને, ને બેથ-એદેનમાંથી રાજદંડ ધારણ કરનારને નષ્ટ કરીશ; ને અરામના લોકો કીરમાં ગુલામગીરીમાં જશે, એમ યહોવાહ કહે છે."

યહૂદાહ રાજ્યમાં માર્ગે કરીને હઝાએલે દરિયા કાંઠે આવેલા મેદાનમાં થઇને પલિસ્તીઓનું ગાથ કબજે કર્યું, અને યરૂશાલેમને ઘેરો ઘાલ્યો. આ ઘાતકી સીરીઅન રાજાને શહેરમાંથી પાછો કાઢવા જે કાંઇ ભોગ આપવો પડે એ તો યહૂદાહના રાજા યહોઆશને મન નજીવું લાગતું હતું. તેથી "તેના પિતૃઓએ, એટલે યહૂદાહના રાજાઓ યહોશાફાટે, યહોરામે, તથા અહાઝયાહે જે પવિત્ર વસ્તુઓ અર્પણ કરી હતી તે, તથા પોતાની અર્પણ કરેલી વસ્તુઓ, તેમજ યહોવાહના મંદિરના તથા રાજાના મહેલના ભંડારમાં જે સોનું મળી આવ્યું તે સર્વ લઇને અરામના—સીરીઆના રાજા હઝાએલ પર મોકલ્યાં; એટલે તે યરૂશાલેમથી જતો રહ્યો." આ તો ઇ. સ. પૂર્વે ૮૧૦માં બન્યું. આમ સીરીઆનો રાજા પહેલી જ વખતે યહૂદાહના પાટનગર સુધી પ્રવેશ કરી શકયો હતો.

પરંતુ એ કરતાંએ વધુ કારમો ઘા પણ આ નિર્દય સૈનિકે કર્યો હતો. તે ખરેખર, દેશને માટે એક કોરડા તરીકે માલૂમ પડયો હતો. યેહૂના પુત્ર યહોઆહાઝની કારકિર્દીમાં તેના લશ્કરી બળનો તેણે સંપૂર્ણ વિનાશ કર્યો હતો. "ઇસ્રાએલ પર યહોવાહનો કોપ સળગી ઊઠયો; તેણે તેમને અરામના રાજા હઝાએલને તથા તેના દીકરા બેન-હદાદને વારંવાર સ્વાધીન કીધા." ઇશ્વરે પોતાના લોકોની આવી અધોગતિ થવા દીધી તેનો ખુલાસો કરવાનો રસ્તો 'તેના કોપ' વગર બીજો સૂઝી શકતો ન હતો. એ અધોગતિ તો તેની પરિસીમાએ પહોંચી હતી, કારણ કે જેમાં સર્વ પુરુષોની ભરતી કરવામાં આવતી હતી તે ઇસ્રાએલપુત્રોનું બધું જ લશ્કર, ઘટાડીને ૫૦ સવારો, ૧૦ રથ અને ૧૦,૦૦૦ પાયદળ કરતાં વધુ રહેવા દેવામાં આવ્યું ન હતું. અરામના રાજાએ તેના સૈન્યને ખળીની ધૂળ જેવું નિર્માલ્ય કરી નાખ્યું હતું."

નેપોલીઅન બોનાપાર્ટ "યૂરોપમાંથી કચરો વાળી કાઢનાર" તરીકે ઓળખાતો આવ્યો છે. પવિત્ર શાસ્ત્રનો વધુ અભ્યાસ કરનારાઓએ હઝાએલનું કામ પણ એજ દૃષ્ટિબિન્દુથી જોવું જોઈએ. દેશજાતિઓના ઈતિહાસમાં એવો સમય પણ આવે છે કે તેમને બચાવી લેવા સારૂ આવાં ભયાનક કામ કરવાં પડે છે, એજ રીતે ખ્રિસ્તી મંડળીમાં પણ જ્યારે ભયંકર સડો પેસે અને તે ભ્રષ્ટ થઈ જાય ત્યારે પ્રભુ

ઈસુની સેવા કરવા તેને લાયક કરવા સારૂ આવા ભારે ઉપાયની જરૂર પડે. જ્યારે યૂરોપમાં ખ્રિસ્તી ધર્મમાં બહુ બગાડ પેઠો ત્યારે જ ઈસ્લામ ધર્મ તેમાં પ્રવેશ કરી શકયો. આ પરથી માલૂમ પડશે કે વ્યક્તિગત ખ્રિસ્તી આત્માનું શુદ્ધિકરણ કરવા સારૂ વિપત્તિ, હા, ભારે વિપત્તિ પણ આવશ્યક છે. સતાવણીથી ખ્રિસ્તી માણસો આત્મિક જીવનમાં પ્રવેશ કરે છે, સુધરેલા ચારિત્ર્યનું સૌંદર્ય એ છે, અને તે માત્ર અગ્નિથી—સંકટથી જ પ્રાપ્ત થાય છે. પરંતુ ઈશ્વર પોતાના લોકોને શિક્ષા કરવા ક્રુર પ્રજાને કામમાં લે છે તેમાં આપણે શું સમજવું? શું તેમનો ન્યાય કરવામાં નહિ આવે? એનો નિર્ણય તો પ્રાબોધિક આત્મા વડે પાછળથી સમજાશે.

પ્રકરણ ૧૬મું

ઇસ્રાએલનો રાજા યહોઆશ

(૨ રાજા. ૧૩ અને ૧૪મો અધ્યાય.)

એલીશા મરણપથારીએ પડયો હતો. સાઠેક વર્ષો થયાં તેણે ઇસ્રાએલી પ્રજાની બાબતોમાં દોરવણી કરી હતી, અને યહોવાહની તરફેણમાં રાજનીતિ ઘડી હતી, અને તે જમાનાના સૌથી મહાન માણસ તરીકે તે ઓળખાવા લાગ્યો હતો, પરંતુ તેનાં છેલ્લાં ૪૫ વર્ષનાં કામ નોંધવામાં આવ્યાં ન હતાં. હવે તે મરણ પામવાનો હતો એવામાં યેહૂનો પૌત્ર રાજા યહોઆશ તેને માન આપવા આવ્યો. આ વયોવૃદ્ધ પ્રબોધક તથા જુવાન રાજા વચ્ચે ગાઢી મૈત્રી હોવી જ જોઇએ, કારણ કે રાજા તેની આગળ રડયો અને બોલ્યો, "મારા બાપ, મારા બાપ, ઇસ્રાએલના રથો તથા તેઓના ઘોડેસવારો!" તે એમ કહે એ તો વાજબી જ, કારણ કે યેહૂના કુટુંબ પ્રત્યે એલીશાએ કાંઇ ઓછા ઉપકાર કર્યા ન હતા. વળી ઇસ્રાએલી પ્રજામાંના બીજા કોઇ પણ માણસે કર્યું ન હતું એટલું બધું તેણે સીરીઆ તરફથી થતા જુલમને લીધે થએલી લડાઇમાં કર્યું હતું. ઇસ્રાએલના પક્ષમાં કરવાના છેલ્લા ઘા વિષે પ્રબોધકે પોતાને જાગૃત કીધો, તેણે રાજાને કહ્યું, કે "ધનુષ્ય તથા બાણો લે." તેણે તે લીધાં. એ બંને જણ મહેલની ઉઘાડી બારી આગળ બેઠા હતા, અને ત્યાંથી પૂર્વમાં સીરીઆ તરફ દૃષ્ટિ પડતી હતી. પછી પ્રબોધકે રાજાને કહ્યું, કે "તારો હાથ ધનુષ્ય પર મૂક," તેણે એમ કર્યું. પછી વૃદ્ધ પ્રબોધક જાણે આકાશમાંથી આશીર્વાદ વરસાવવા તથા પોતાની હિંમત રાજાને આપવા માગતો હોય તેમ તેણે પોતાનો હાથ રાજાના હાથ પર મૂકયો, અને તેને બાણ છોડવા કહ્યું. જ્યારે બાણ પૂર્વ દિશામાં હવામાં ઊડયું ત્યારે તેણે કહ્યું, કે "આ યહોવાહના જયનું બાણ, એટલે અરામ ઉપર જયનું બાણ; તું અફેકમાં અરામીઓને મારીને તેમનો નાશ કરશે." પરંતુ એટલાથી પ્રબોધકને સંતોષ થયો નહિ,

કારણ કે એ ભયંકર શત્રુ તરફથી પોતાનો દેશ કેટલા બધા જોખમમાં હતો તે તે સારી પેઠે જાણતો હતો. તેણે રાજાને બાણો લેવા તથા તે જમીન પર મારવા ફરમાવ્યું. જો કે રાજાએ જાણ્યું કે આ કૃત્ય તો ચિહ્નરૂપ છે, તોપણ માત્ર જમીન પર ત્રણ જ વાર મારીને તે સંતોષ પામ્યો. પ્રબોધક ગુસ્સે થયો અને તેણે પાંચ કે છ વાર કેમ ન માર્યું એમ તેણે તેને પૂછ્યું; કારણ કે તેને એમ લાગ્યું કે એ તો પોતાના દુશ્મન પ્રત્યેના અડગ નિશ્ચયના અભાવે રાજાએ એમ કર્યું હતું. આ તો એલીશાના મરણસમયનું ફરમાન હતું, અને તેણે સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય ત્યાં સુધી સીરીઆ સામે લડવાનુ રાજાને ઉત્તેજન આપ્યું.

આ બનાવની અસરને લીધે યહોઆશે સીરીઆ સાથે યુદ્ધ શરૂ કર્યું. હઝાએલ મરણ પામ્યો હતો, અને તેની પછી તેનો વધુ નબળો પુત્ર બેન-હદાદ ગાદીએ આવ્યો હતો. વળી બીજા એક કારણને લીધે પણ ઇસ્રાએલપુત્રોને જીત મેળવવાની આશા હતી. એસિરીયન રાજાએ પોતાના સૈન્યસહિત દમાસ્કસ તરફ કૂચ કરીને તે જીતી લીધું હતું. તેથી સીરીઅન લોકો ઇસ્રાએલની ચઢાઇ સામે પોતાનો બચાવ કરી શકયા નહિ. પરિણામ એ આવ્યું કે પૂર્વનાં જે શહેરો હઝાએલે જીતી લીધાં હતાં તે સર્વે પાછાં લઇ લેવામાં આવ્યાં. યરદનની પેલી પારનો પ્રદેશ તેઓએ કબજે કર્યો. યહોઆશે ત્રણ વખતે (એલીશાના પ્રબોધ પ્રમાણે) સીરીઅનોએ મારી હઠાવ્યા.

ઇસ્રાએલમાં યહોઆશના રાજ્ય દરમિયાન યહૂદાહની ગાદીએ અહાઝયાહ હતો. તે શરૂઆતે પોતાના બંધુ રાજા સાથે મિત્રાચારીનો સંબંધ રાખતો જણાયો હતો. યહૂદાહના લોકોને ઘણું કરીને એ અગત્યનું લાગતું હતું કે રાતા સમુદ્રનો વ્યાપારી માર્ગ તેમને માટે ખુલ્લો રહે. અદોમે તે રસ્તો બંધ કર્યો હતો તેથી તેમણે તેમની સાથે યુદ્ધ કીધું. આ યુદ્ધમાં ઇસ્રાએલે તેમને સાથ આપવા કહ્યું, પરંતુ યહૂદાહના એક પ્રબોધકે ધમકી આપી કે જો ઇસ્રાએલીઓને પાછા કાઢવામાં નહિ આવે તો વિપત્તિ આવી પડશે, તેથી તેમને પાછા ઘેર મોકલવામાં આવ્યા. રસ્તે જતાં તેમણે વેર વાળવા માટે યહૂદાહનાં કેટલાંક નગરો લૂંટી લીધાં.

અહાઝયાહે અદોમને હરાવ્યું, સેલા લઇ લીધું, અને પકડેલા કેદીઓને પર્વતની કરાડ પરથી ફેંકી દઇ મારી નાખ્યા. તે પોતાની સાથે સેવાભક્તિ સારૂ અદોમીઓના દેવો પણ લેતો આવ્યો.

ઘર તરફ પાછા ફરતાં અહાઝયાહે યહોઆશને લડાઇનું આહ્વાન કર્યું. કદાપિ કોઇ અજાણ્યા રાજકીય કારણને લીધે, અથવા તો અદોમ સાથેની લડાઇમાં જીત મેળવ્યાના મિથ્યા અભિમાનને લીધે, અથવા લોહી વહેવડાવવાના શોખને લીધે તેણે આ પગલું ભર્યું હશે. પરંતુ ઇસ્રાએલના રાજાએ તો તેની મશ્કરી કરતાં કહ્યું, કે "લબાનોન પર ઊંટકંટાએ લબાનોન પરના એરેજવૃક્ષની પાસે સંદેશો મોકલી કહાવ્યું કે 'તારી દીકરીને મારા દીકરા સાથે પરણાવ'; એવામાં લબાનોનનું એક જંગલી જનાવર ત્યાં થઇને જતું હતું તેણે તે ઊંટકંટાને [પગતળે] ખૂંદી નાખ્યો." આ સાંભળીને અયાઝયાહ તો ક્રોધમાં ગાંડો બન્યો, કારણ કે એ તો યહોવાહથી બન્યું એ માટે કે તે તેમને શત્રુઓના હાથમાંથી બચાવે." એ યુદ્ધમાં યહૂદાહનો સંપૂર્ણ પરાજય થયો, અને તેઓ રણક્ષેત્ર તજી નાસી ગયા. અમાઝયાહને કેદી તરીકે પકડી લેવામાં આવ્યો, અને યહોઆશે તેને યરૂશાલેમ આણ્યો. ત્યાં રહીને તેણે પોતાના પાટનગરના હાલહવાલ થતા તથા મંદિર અને મહેલનું સોનુંરૂપું લૂંટાતું જોયું. તે પછી તેને યહોઆશે ગાદી પાછી સોંપી. પરંતુ તેના લોકો તેની વિરુદ્ધ કાવતરું રચીને તેની સામે ઊઠયા, તેથી પોતાનો જીવ બચાવવા તે લાખીશ નાસી ગયો. ત્યાં તેઓએ તેને મારી નાખ્યો. પોતાના ગર્વને લીધે તે અદોમથી જે દેવો લાવ્યો હતો, તેનું ભજન કરવાથી આ આપત્તિ આવી પડી તેનું વર્ણન "કાળવૃત્તાંત"ના પુસ્તકમાં કરવામાં આવ્યું છે.

પ્રકરણ ૧૭મું

આમોસ

(૨ રાજા. ૧૫; ૨૩–૨૯ : આમોસ ૭; ૧૦થી, ૨; ૬થી, ૫; ૧૪થી, ૯; ૧૬.)

બેથેલમાં જે એતિહાસિક બનાવ બન્યો તેના વિષે હવે આપણે વિચાર કરીશું. તે શુમારે ઈ. સ. પૂર્વે ૭૬૦માં બન્યો હતો. મંદિરના આંગણામાં હજારો માણસો એકઠા થયા હતા, અને મુખ્ય યાજક અમાસ્યાહ વેદી પાસે ઊભો હતો. એટલામાં દક્ષિણના ભરવાડનો પોષાકધારી એક અજાણ્યો પુરુષ, લોકોના ટોળામાં માર્ગ કરી, જ્યારે ઊંચા સ્થળે તે પહોંચ્યો ત્યારે તેણે યહોવાહને નામે લોકોને પ્રબોધ કર્યો. તેણે તેઓને કહ્યું, કે તમારાં પાપને લીધે તમારા પર એવી વિપત્તિ આવી પડશે કે તેમાંથી અતિશય ત્વરિત ગતિમાં દોડતો સવાર કે બલવત્તમ સૈનિક છટકી જઈ શકશે નહિ. એ લોકોની એવી માન્યતા હતી કે દુનિયાની દેશજાતિઓમાં ઈશ્વરે અમને પસંદ કર્યા છે, પરંતુ એવી માન્યતા હવે તેમના કંઈ કામમાં આવે તેમ ન હતી. તેઓએ તો પાપ કર્યું હતું, અને ન્યાયી ઈશ્વર હવે ન્યાયનું પ્રતિસ્થાપન કરવાનો હતો. આ પ્રમાણે ઈશ્વરને નામે બોલનાર અજાણ્યો માણસ તો આમોસ હતો. તે યરૂશાલેમની દક્ષિણે બાર માઇલ પર આવેલા તકોઆ ગામનો ભરવાડ હતો. તે કાંઈ પ્રબોધકોના પુત્રોમાંનો ન હતો, છતાં તે યહોવાહનો સેવક હતો, અને તેણે ઈસ્રાએલપુત્રોના અપરાધ વિષે સાંભળ્યું હતું, તેની વિરુદ્ધ સાક્ષી પૂરવા સારૂ ઉત્તર તરફ મુસાફરી કરવા દેવના આત્માએ તેને ફરજ પાડી હતી. અમાસ્યાહ યાજકે રાજાને સંદેશો કહાવ્યો કે એક અજાણ્યો આદમી લોકો સાથે કાવતરું કરે છે. તેજ વખતે તેણે આમોસને દેશ છોડી જતા રહેવા કહાવ્યું, કે "હે દૃષ્ટા, જા, યહૂદાહના દેશમાં નાસી જા, ત્યાં રોટલી ખાજે, ને ત્યાં પ્રબોધ કરજે; પણ હવે પછી કદી બેથેલમાં ભવિષ્ય ભાખતો નહિ; કેમકે એ તો રાજાનું પવિત્રસ્થાન છે, ને એ રાજમંદિર છે." આમોસે તે ન માનતાં કહ્યું, કે યહોવાહે મને

ઇસ્રાએલપુત્રો પાસે મોકલ્યો છે, અને ભયંકર દુઃખ, બંદીપ્રવાસ અને મૃત્યુની આગાહી કરી છે.

ઇસ્રાએલના પ્રબોધક પર આ સંદેશારૂપી બોજો શાને લીધે આવી પડયો હતો? યહોઆશ પછી તેનો પુત્ર યરોબઆમ બીજો ગાદીએ આવ્યો હતો. સુલેમાનના રાજ્યકાળ પછી તેનું રાજ્ય સૌથી ગૌરવી બન્યું હતું. ઘણું કરીને તેના લાંબા રાજ્યકાળની આખરે આ બનાવ બન્યો હતો; વળી એ અરસામાં તેની સફળતા અને બાહોશી સર્વ લોકોના ધ્યાનમાં હતી. યરોબઆમ પોતાનું રાજ્ય દક્ષિણ તરફ મૃત સરોવરના નીચા પ્રદેશમાં વહેતા નાળા સુધી અને ઉત્તર તરફ "હમાથમાં પ્રવેશદ્વાર એટલે લબાનોનની ખીણ સુધી વિસ્તૃત કરવા શક્તિમાન નીવડયો હતો." "રાજાઓ"ના પુસ્તકમાં આપણને કહેવામાં આવ્યું છે, કે તેની જીતમાં દમાસ્કસ અને હમાથનો પણ સમાવેશ થયો હતો. આ પ્રમાણે ફરી ઇસ્રાએલનું રાજ્ય જેમ દાઊદ રાજાની કારકિર્દીમાં વિસ્તૃત બન્યું હતું તેમ આ અરસામાં પણ બન્યું. તેના માહાત્મ્ય સાથે તેની સમૃદ્ધિ વધી હતી, અને સમૃદ્ધિની સાથે મોજશોખ પણ વધ્યો હતો. ઇસ્રાએલના શ્રીમંત લોકોએ પોતાને માટે શિયાળા તથા ઉનાળામાં રહેવાનાં પથ્થરનાં ઘર બાંધ્યાં હતાં, તેમને ઘડેલા પથ્થરો તથા હાથીદાંત વડે સુશોભિત કર્યાં હતાં; તેમાં તેઓ પલંગ પર આળોટતા હતા; ટોળામાંથી હલવાનો તથા વાછરડા લાવીને ખાતા અને આળસમાં વાજિંત્રોસહિત નકામાં ગીત ગાતા હતા. તેઓ દ્રાક્ષારસ પીતા અને શરીરે અત્તર ચોળતા હતા. તેમ છતાં તેઓ ધાર્મિક સેવા કરવા કાળજી રાખતા હતા. તેઓ મંદિરમાં એકઠા મળતા, ઉચ્ચસ્થાનોએ જતાઆવતા, આવકનો દશાંશ આપતા, ઉપકારાર્થાર્પણ ચઢાવતા તથા પોતાનાં સ્વેચ્છાર્પણની જગતને જાણ કરતા હતા.

પરંતુ એ ચિત્રની એક બીજી બાજુ પણ છે. તેઓએ પ્રામાણિકપણે દ્રવ્ય મેળવ્યું ન હતું, પરંતુ ગરીબ માણસો પર જુલમ કરીને સંપત્તિ મેળવી હતી. ન્યાયાધીશો લાંચ ખાઇને ગરીબ માણસોનો ન્યાય ઊંધો વાળતા હતા, અને ખાસડાંની એક જોડને માટે ગરીબોને જાણે કે વેચતા

હતા! શ્રીમંત જમીનદારો એટલા બધા લોભી થઇ ગયા હતા, કે તેઓ બિચારા શોક કરનારાઓને તેમના માથા પર ધૂળ નાખવા પણ વાંધો લેતા હતા. સારી સ્થિતિના માણસો ગરીબોનાં ગીરે મૂકેલાં કપડાં પણ વાપરતા હતા. તેઓએ સમરૂનની શેરીઓમાં લડાઇ કરી હતી. તેઓએ ચોરી કરી હતી, અને ચોરેલી વસ્તુઓ તેમના મહેલોમાં સંઘરી રાખી હતી. અમીરો અને યાજકો મદ્યપાન કરતા, અને જેઓએ પરહેજગાર રહેવા શપથ લીધા હોય તેમને પણ તેમ કરવાનાં પરીક્ષણમાં નાખતા હતા. સ્ત્રીઓ પણ પુરુષોના જેવા કઠણ હૃદયની થઇ ગઇ હતી, અને તેઓ વધુ મદ્યપાન કરવા મળે માટે ગરીબ માણસો પર જુલમ કરવા પોતાના પતિઓને સમજાવતી હતી! વ્યાપારમાં પણ સડો પેસી ગયો હતો. વેપારીઓ માલ ખરીદ કરતી વખતે ભારે વજનનાં અને વેચતી વખતે હલકા વજનનાં કાટલાં રાખી ઠગાઇ કરતા હતા, અને ઘઉંના ભૂંસા જેવા નકામા માલનો સારામાં સારી કિંમતે વેપાર કરતા હતા? "તેઓમાં યુસફના જેવો ભાવ ન હતો." તેઓ એક બાજુ આવું કરતા હતા અને બીજી બાજુ યહોવાહનું ભજન કરતા હતા; અને વળી અમે તો યહોવાહના લોક છીએ એવું માનતા હતા! યહોવાહ અમારો દેવ છે તેનું તેઓ ગૌરવ ધરાવતા, અને તેમને ખાતરી હતી કે જ્યાં સુધી અમે તેનું ભજન કરીએ છીએ ત્યારે અમારે માથે કશી જ આફત ઊતરવાની નથી. આવા વિચારના તથા ભ્રષ્ટ અને ધિક્કારપાત્ર જીવન ગાળનારા માણસોની આગળ યહોવાહ તરફથી ન્યાયશાસનનો સંદેશો લઇને આમોસ આવ્યો હતો.

ઈસ્રાએલપુત્રો એવી દલીલ કરતા હતા કે ઈશ્વરે દુનિયાની સમસ્ત દેશજાતિઓમાંથી માત્ર અમને જ તેનું પ્રકટીકરણ કર્યું છે તેથી અમે તો સહીસલામત છીએ. આમોસે તેમને યહોવાહના નામે જવાબ દીધો, કે "પૃથ્વીની સર્વ કોમોમાંથી ફક્ત તમારી જ કાળજી મેં રાખી છે માટે તમારા સર્વ અન્યાયોની શિક્ષા હું તમને કરીશ." તેઓ દલીલ કરતા હતા કે યહોવાહ અમને મિસર દેશમાંથી કાઢી લાવ્યો છે. આમોસે તેમને જવાબ દીધો કે યહોવાહે તો પલિસ્તીઓને કાફટોરથી, અને સીરીઅન લોકોને કીરમાંથી આણ્યા છે, પરંતુ તેથી કોઈ તેના ન્યાયશાસનથી બચી શકવાના નથી. તેઓએ કહ્યું કે અમે તો સર્વ પર્વ પાળ્યાં છે, અને નિયમિતપણે અર્પણ ચઢાવ્યાં છે, તેના જવાબમાં તેઓને દેવનાં વચનો નીચે મુજબ કહેવામાં આવ્યાં :—

"હું તમારા ઉત્સવોને ધિક્કારૂં છું, ને તમારાં ધાર્મિક સંમેલનોથી હુ મગ્ન થઈશ નહિ. જો કે તમે તમારાં દહનીયાર્પણો તથા ખાદ્યાર્પણ ચઢાવવા માંડશો, તોપણ હુ તેમને સ્વીકારીશ નહિ; ને તમારાં પુષ્ટ પશુઓનાં શાંત્યર્પણોને પણ હું ગણકારીશ નહિ. તારાં ગીતોનો ઘોંઘાટ મારાથી દૂર કર; કેમકે હું તારી સારંગીઓનું ગાયન સાંભળીશ નહિ. પણ ન્યાયને પાણીની પેઠે ને નેકીને મોટી નદીની પેઠે વહેવા દો."

આમોસના પ્રબોધમાં મુખ્ય મુદ્દાની વાત આ છે: ઈશ્વર તે કોઈ અમુક લોકોનો જ નથી, અથવા અમુક અર્પણ જ કે કર્મક્રિયા ઇચ્છતો નથી, પરંતુ તે તો માત્ર ન્યાયીપણાનો જ ઈશ્વર છે, માટે "ભલું શોધો, ભૂંડું નહિ, એથી તમે જીવતા રહેશો; ને ત્યારે તમે કહો છો તેમ સૈન્યોનો દેવ યહોવાહ તમારી સાથે રહેશે. ભૂંડું ધિક્કારો, ભલું ચાહો, ભાગળમાં ન્યાયને સ્થાપિત કરો; તો કદાપિ સૈન્યોનો દેવ યહોવાહ યુસફના બાકી રહેલાઓ પર કૃપા રાખે."

જે માણસો અન્યાયીપણું આચરે છે તથા ગરીબ માણસો પર જુલમ ગુજારે છે તેમના પર દેવનો કોપ સળગી ઊઠશે. "પ્રભુ યહોવાહ કહે છે, કે જુઓ, એવા દિવસો આવે છે કે જે વખતે હું દેશમાં દુકાળ મોકલીશ, અન્નનો દુકાળ નહિ, કે પાણીનો નહિ, પણ યહોવાહનું વચન સાંભળવાનો [દુકાળ મોકલીશ]. તેઓ સમુદ્રથી સમુદ્ર સુધી ને ઉત્તરથી તે છેક પૂર્વ સુધી ભટકશે. યહોવાહનું વચન શોધવાને તેઓ અહીંતહીં દોડાદોડ કરશે, પણ તે તેઓને મળશે નહિ."

આવા ભયાનક શાસનકાળની રાહ જોવા છતાં પ્રબોધક આમોસ પોતાનો સંદેશો આશારહિત પૂરો કરતો નથી. નજીકના ભાવિમાં વિપત્તિ, બંદીપ્રવાસ અને મૃત્યુ ભલે આવી પડે, પરંતુ એક એવો દિવસ આવશે કે ઈશ્વર પોતાના લોકોને પુનઃસ્થાપિત કરશે. કહ્યું છે, કે "હું મારા ઈસ્રાએલ લોકની ગુલામગીરી પાછી ફેરવીશ, ને તેઓ ઉજ્જડ નગરને બાંધીને તેઓમાં વસશે; તેઓ દ્રાક્ષાવાડીઓ રોપીને તેઓનો દ્રાક્ષારસ પીશે; તેઓ બાગબગીચા બનાવીને તેમનાં ફળ ખાશે. હું તેઓને તેઓના પોતાના દેશમાં રોપીશ, ને જે દેશ મેં તેઓને આપ્યો છે તેમાંથી તેઓને ફરી કદી પણ ઉખેડી નાખવામાં આવશે નહિ, એ પ્રમાણે તારો દેવ યહોવાહ કહે છે."

પ્રકરણ ૧૮મું

હોશીઆ

(૨ રાજા. ૧૪; ૨૩–૨૯ : હોશી. ૨ : ૧૧ અને ૧૪મો અધ્યાય)

બેથેલ મુકામે આમોસે પ્રબોધ કર્યો અને લોકોને તેમનાં પાપ વિષે ચેતવણી આપ્યાને લીધે તેમનો કોપ પ્રદિપ્ત થયે પચીસ વર્ષ વીતી ગયાં હતાં. પરંતુ તેઓ તેથી બિલકુલ ચેત્યા નહિ. તેઓ સ્વછંદે હમેશના જેવું જીવન ગાળતા હતા, અને ગરીબ માણસોનાં દુ:ખો પ્રત્યે બેદરકાર રહ્યા હતા. આમ જે વિપત્તિઓ વિષે તેમને કહેવામાં આવેલું હતું તેમાં તેઓ વધારે ઊંડા ઊતરી રહ્યા હતા. યરોબઆમ બીજા પછી તેનો પુત્ર ઝખાર્યાહ ગાદીએ આવ્યો હતો. તેને છજ માસ પછી શાલ્લૂમે મારી નાખ્યો હતો. શાલ્લૂમને એક માસમાં જ મનાહેમે મારી નાખ્યો હતો. મનાહેમે ૧૦ વર્ષ રાજ કર્યું હતું. તેના પુત્ર પેકાયાહને બે વર્ષમાં પેકાહે મારી નાખ્યો હતો. આ પ્રમાણે આ અંધાધુંધી તો પ્રજાનો એક રોગ થઇ પડી હતી. આ અરસામાં લોકો વિભાજિત થઇ સ્વામીત્વ મેળવવા ભયંકર રીતે લડતા હતા. સંઘબળ તૂટી ગયું હતું. હોશીઆ કહે છે, કે "દેશમાં સત્ય, કૃપા કે ઇશ્વરનું જ્ઞાન જરા પણ નથી, સોગન ખાવા, વિશ્વાસઘાત કરવો, ખૂન કરવું, ચોરી કરવી, ને વ્યભિચાર કરવો તે સિવાય બીજું કંઇ જ નથી; તેઓ ખાતર પાડે છે, ને રક્તપાત પાછળ રક્તપાત થાય છે." આવી ધાલમેલ અને બદફેલીના સમયમાં હોશીઆ પ્રબોધક ઊભો થયો. તેની વાર્તા તથા તેનાં કૃત્યો વિષે હવે આપણે વિચાર કરીશું.

એ તો સત્ય જ છે કે કવિઓ કાવ્યદ્વારે આપણને જે શીખવે છે તે તેઓ દુ:ખ સહન કરતાં કરતાં શીખે છે. વળી એ તો કરુણાજનક રીતે સત્ય છે કે હોશીઆ ભારેમાં ભારે દુ:ખની મારફતે જે સત્ય શીખ્યો હતો તે તો ઇશ્વરે માણસોને આપેલા સર્વોત્તમ આશીર્વાદ તરીકે માલૂમ

પડેલું છે. એજ સત્ય પ્રભુ ઇસુ ખ્રિસ્તે આપણને શીખવ્યું, તેથી મનુષ્યજાત આશા અને આનંદથી ભરપૂર થઇ છે. તે સત્ય તો એ છે કે ઇશ્વર માણસજાતને ચાહે છે. આમોસે ઇશ્વરના અવિકારી ન્યાયીપણાનું પ્રકટીકરણ કર્યું હતું. એ ન્યાયીપણું તો તેના હાથમાં સખ્તાઇ અને બીકમાં પરિણમ્યું હતું. આમોસના કરતાં બહુ ભયંકર સંજોગોમાં હોશીઆએ ઇશ્વરના હૃદયની કોમળતાનું પ્રકટીકરણ કર્યું. આ કોમળતાનો ખ્યાલ તો તેની પહેલાંના એકે પ્રબોધકને સ્વપ્ને પણ આવ્યો ન હતો. તેને એ અનુભવ આવી રીતે થયો: તે જુવાનીમાં દિબ્લાઇમની દીકરી ગોમેર વેરે પરણ્યો હતો. તેમને ત્રણ છોકરાં થયાં ત્યાં સુધી તેમણે સુખી જીવન ગાળ્યું હતું. એ અરસામાં પણ ઇસ્રાએલપુત્રોની સ્થિતિ તેના આત્માને માટે એક બોજા સમાન હતી; તેનાં છોકરાંને તેણે જે નામ આપ્યાં હતાં તે તો ઇસ્રાએલપુત્રોનાં પાપસૂચક હતાં: યિઝ્રએલ એટલે દંડાજ્ઞા, લો-રૂહામાહ એટલે નિર્દય અને લો-આમ્મી એટલે વિદેશીય. જે બદફેલીના સમયમાં તેઓ જીવન ગાળતાં હતાં, તેના ભયંકર પાપના વિષ અને જાહેર લોકમતની અધોગતિથી તેનું કુટુંબ મુક્ત રહી શકયું ન હતું. તેની વહુએ પાપ કર્યું હતું. તેની પાસેથી તે નાસી ગઇ હતી. કયાં નાસી ગઇ તે તે જાણતો ન હતો. આવા સંજોગોમાં હોશીઆ જ્યારે પોતાનાં છોકરાંના ચહેરા સામે જોતો તથા વિચાર કરતો હશે ત્યારે તેને થતાં ભારે દુ:ખ, સંતાપ તથા અંગત અધોગતિની લાગણી વિષે આપણે કલ્પના કરી શકીએ છીએ. પરંતુ જેમ જેમ વખત વીતતો ગયો, અને તે કામમાં પરોવાએલો રહ્યો અને પોતાના જીવન તથા ઘરકુટુંબનો બોજો ઉપાડતો ગયો, તેમ તેમ તેનાં દુ:ખ અને સંતાપ ઘટવા લાગ્યાં. ગોમેરનું દુ:ખ પોતાના દુ:ખ કરતાંએ વધારે ભારે છે એની યાદ હોશીઆને આવતી ગઇ તેમ તેમ તેના પ્રત્યેનો તેનો પ્રેમ પ્રબળ થતો ગયો. પોતાનાં ત્રણ છોકરાંની મા એક ગુલામડી તરીકે જીવન ગાળે છે એ વિચાર તેને અસહ્ય લાગ્યો. તેના પ્રત્યેના પ્રેમે તેને કંઇક પગલું ભરવા ફરજ પાડી. તેણે તેને શોધી કાઢી, એક ગુલામડીની કિંમત આપીને તેણે તેને મુક્ત કરી, તેને પોતાને ઘેર આણી, અને તેને તે સુધારી શકે માટે તેણે તેને પોતાના ઘરકુટુંબથી અલાહિદી રાખી. છેવટે તેણે તેને પોતાનાં સંતાનોનું માતૃસ્થાન પાછું સોંપ્યું.

આના કરતાં વધુ વિપત્તિગ્રસ્ત અને અધોગતિનો અનુભવ કદાપિ આપણને થશે નહિ. તેમ છતાં માનવી અનુભવ સામાન્ય હોય છે. આપણે માત્ર પોતાને માટે જ દુ:ખ ભોગવતાં નથી. આવી જમીનદોસ્ત કરી નાખતી પાયમાલીદ્વારે ઈશ્વરે પ્રબોધકની આંખ સામે લટકતો પડદો ચીરી નાખ્યો. તેનાં દુ:ખોમાં પણ માણસજાત કલ્પી ન શકે એવું સત્ય તેની આગળ ચમક્યું, કે "ઈશ્વર મારા કરતાં ઊતરતો હોઈ શકે નહિ: તે પણ પોતાના અવિશ્વાસુ લોકો પર પ્રેમ કરતો હોવો જ જોઈએ." આમોસે તો જોયું હતું કે ઈશ્વર તે માત્ર કાંઈ અમુક દેશજાતનો કે કર્મક્રિયાનો દેવ નથી, પરંતુ તે તો ન્યાયીપણાનો તથા સત્યનો જ ઈશ્વર છે. હોશીઆએ જાણે કે દારુણ અગ્નિની ભઠ્ઠી વડે જોયું કે ઈશ્વર તો પ્રેમનો—પ્રેમસ્વરૂપ દેવ છે, અને તેનો પ્રેમ કદી કરમાતો નથી કે કદી નિરાશ કરતો નથી.

હોશીઆના પ્રબોધમાંના જે ભાગમાં ઈસ્રાએલપુત્રો પરના યહોવાહના પ્રેમ વિષે કહેવામાં આવ્યું છે તે બહુ લાગણીભર્યો છે. જાણે કે તે પોતે જ પોતાના લોકોને માટે દુ:ખ ભોગવી રહ્યો છે, (તે તેમને કહે છે કે) ઈશ્વર તેમને તેમનાં પાપને લીધે શિક્ષા કરશે; તોપણ તેઓના દુ:ખના દહાડામાં પણ તેઓ તેના લોક છે તે તે વિસરી જશે નહિ. તે કહે છે:—

"ઈસ્રાએલ બાળક હતો ત્યારે હું તેના પર પ્રીતિ રાખતો હતો, ને મારા પુત્રને મેં મિસરમાંથી બોલાવ્યો. જેમ જેમ [પ્રબોધકોએ] તેમને તેડાવ્યા તેમ તેમ તેઓ તેમનાથી દૂર જતા ગયા; તેઓએ બઆલીમને બલિદાન આપ્યાં, ને ઘડેલી મૂર્તિઓની આગળ ધૂપ બાળ્યો, તોપણ મેં એફ્રાઈમને ચાલતાં શીખવ્યો; મેં તેઓને બાથમાં લીધા; મેં તેઓને સાજા કર્યા, પણ તેઓએ તે ધ્યાનમાં લીધું નહિ. મેં તેઓને માનવી બંધનોથી, પ્રીતિની દોરીઓથી ખેંચ્યા; હું તેમના પ્રત્યે તેમની ગરદન પરથી ઝૂંસરી ઉઠાવી લેનારના જેવો હતો, ને મેં તેઓની આગળ ખાવાનું મૂક્યું" (૧૧; ૧-૪).

"તેઓના પાછા હઠવાથી [તેઓ પર જે આપત્તિ આવી છે તેથી] હું તેમને મુક્ત કરીશ, હું ઉદારપણાથી તેમના પર પ્રીતિ રાખીશ; કેમકે મારો ક્રોધ તેમના પરથી ઊતર્યો છે. હું ઈસ્રાએલના હકમાં ઝાકળરૂપ થઈશ; તે કમળની પેઠે ખીલશે, ને લબાનોનની પેઠે પોતાનાં મૂળ ઊંડાં નાખશે" (૧૪; ૪, ૫).

પ્રબોધક હોશીઆ પોતાના કડવા અનુભવદ્વારે જે શીખ્યો તે આ છે: ઈશ્વર માણસ કરતાં ઊતરતો હોઈ શકે જ નહિ, તે માણસ કરતાં ઓછો ધીરજવાન કે ઓછો પ્રેમી હોઈ શકે જ નહિ. જો માણસ પ્રેમની ખાતર હોશીઆની પેઠે માફ કરે છે તો ઈશ્વર પાપી માણસો પ્રત્યે પોતાનું અંતઃકરણ કઠણ કરી શકે જ નહિ. આ તો ઈશ્વર વિષેનો એક તદ્દન નવો જ વિચાર હતો. એ વિચાર દર્શાવવાને લીધે માનવજાતિના શિક્ષકોમાં હોશીઆને ઉચ્ચ પદ પ્રાપ્ત થયું છે.

હજી એક બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જો આમ છે તો ઈસ્રાએલપુત્રો પર આ જે બધી વિપત્તિઓ પડી તેનો અર્થ શો? જો યહોવાહ ઈસ્રાએલપુત્રો પર પ્રેમ જ રાખનો હતો તો પછી તેમની સામાજિક પાયમાલી, ગુનાની પરંપરા, અને તેમને હરાવવા બાબતે એસ્સિરીઆની ધમકી એ બધું શા માટે? પોતાના લોકોનું રક્ષણ કરવા, તેમને તેમના શત્રુઓથી છોડાવવા અને તેમને આબાદી તથા શાંતિ આપવા શું પ્રેમ ઈશ્વરને તૈયાર ન કરે? પ્રબોધકનું પોતાનું અંતઃકરણ જ તેનો પ્રત્યુત્તર આપે છે. તેના અજીત પ્રેમે ગોમેરને ગુલામગીરીમાંથી બચાવવા સારૂ તેને ખરીદવા મોકલ્યો, પરંતુ તેથી કાંઈ તે તેનાં પાપ વિષે બેદરકાર રહી ના શકયો. જાણે કે અરણ્યમાં પોતાના કુટુંબ પ્રત્યેના નવા અને કાયમ ટકે એવા પ્રેમની ખાતરી, અને તેની કસોટી થવી જોઈએ, તથા તેને માટે તેને તાલીમ પણ મળવી જોઈએ. આવું તો વિયોગ અને દુઃખદ્વારે જ થઈ શકે. તેનું પાપ કેવું શરમભર્યું અને કેવું નીચ હતું તેનું ભાન તેને થએલું હોવું જ જોઈએ. ઈશ્વર ઈસ્રાએલપુત્રો પ્રત્યે આવી રીતે શા માટે વર્તનો હતો તેનું કારણ તો એજ હતું. ઈશ્વર પોતાનાં છોકરાંને નાસીપાસ કરતો હતો, તેમના માર્ગમાં કાંટાની વાડ કરતો હતો, રસ્તો શોધી કાઢવો મુશ્કેલ બનાવતો હતો, તેઓની દ્રાક્ષાવાડીઓ અને અંજીરીઓ ભેલાડી મૂકીને તે તેમને ગારાવાળી જમીનમાં વાળી લાવતો હતો. તે તેમને અરણ્યમાં રખડાવતો હતો, પરંતુ છેવટે તો તે તેમના પ્રત્યે દયાળુપણે વર્તવાનો હતો. "હું તેને ત્યાંથી તેની દ્રાક્ષાવાડીઓ, તથા આશાના દ્વાર તરીકે આખોરની ખીણ આપીશ; અને જેમ તે પોતાની જુવાનીના દિવસોમાં તથા પોતે મિસરમાંથી બહાર નીકળી આવી હતી તે દિવસોમાં [કરતી] તેમ તે ત્યાં ઉત્તર આપશે (હોશીઆ ૨; ૧૫). વળી હું સદાને માટે મારી સાથે તારૂં વેવીશાળ કરીશ; હા, હું નેકીથી, ન્યાયથી, રહેમનજર-થી તથા કૃપાથી મારી સાથે તારૂં વેવીશાળ કરીશ. હા, હું વિશ્વાસુપણે મારી સાથે તારૂં વેવીશાળ કરીશ; અને તું યહોવાહને ઓળખશે (હોશીઆ ૨; ૧૯, ૨૦).

પ્રકરણ ૧૯મું

યશાયાહનું કાર્ય

(૨ રાજા. ૧૫ : ૧૯: યશા. ૬, ૭, ૮, ૯; ૧-૭)

હવે પાલેસ્ટાઇન પડતો મૂકીને એક બીજા દેશ તરફ વળવું એ આવશ્યક છે. પૂર્વમાં ઘણે દૂર ઇરાની અખાતના મથાળા નજીક તીગ્રીસ તથા યુફ્રેતીસ નદીઓ વચ્ચેની એક ફળદ્રુપ ખીણુ આવેલી છે. તે ખાલ્દીઅન નામે ઓળખાતી એક મહાન પ્રજાનું રહેઠાણુ હતું. જે જમાના વિષે આપણે વિચાર કરવાના છીએ તે એટલે હજારો વર્ષ પૂર્વે ત્યાં ઉચ્ચ સંસ્કૃતિ હતી. ત્યાંથી જ ઇબ્રાહીમે યહૂદી પ્રજા ઊભી કરવા સારૂ મુસાફરી કરી હતી. એ ખાલ્દી દેશ એસ્સિરીઆની પણ માતૃભૂમિ હતો. તેના વિષે હવે આપણે વિચાર કરવાના છીએ. એસ્સરીઆ તો તીગ્રીસ નદીના ઉપલાણના પ્રદેશમાં આવેલો હતો, અને તેનું પાટનગર નીનવેહ હતું. આ પહેલાં, વર્ષો પર એસ્સિરીઅન તો એક બળવાન પ્રજા હતી, પરંતુ પાછળથી તેની પડતી થઇ હતી. આ અરસામાં એક સમર્થ પુરુષ ગાદીએ આવ્યો હતો. તે તેનો તથા યહુદી અને બીજી પ્રજાઓનો ઇતિહાસ બદલી નાખવાનો હતો. તેનું નામ તિગ્લાથ-પિલેસર અથવા પૂલ હતું. તેને પશ્ચિમ એશીઆનાં રાષ્ટ્રોને પોતાના અધિકાર નીચે એકત્ર કરીને એક સમર્થ રાષ્ટ્ર બનાવવાની તીવ્ર આકાંક્ષા હતી. એ હેતુ બર લાવવા સારૂ તેણે એક મહાન જાથુ લશ્કર ઊભું કરીને વ્યવસ્થિત કર્યું હતું. વળી તેણે એક ચોક્કસ રાજનીતિ અખત્યાર કરી હતી અને નબળા રાજ્યોને કચડવા પણ નક્કી કર્યું હતું. પોતાની યોજના અનુસાર તેણે પરાજિત થએલા માણસોને કેદી તરીકે બીજા દેશોમાં લઇ જવાની તથા તેમનાં ઘરોમાં પોતાને વફાદાર રહેવા સ્વદેશી માણસોને વસાવવાની યુક્તિ શરૂ કરી. આ તિગ્લાથ-પિલેસર ત્રીજાએ યરોબઆમ બીજાના રાજ્યકાળમાં પશ્ચિમ દિશા તરફ માર્ગ કરીને તથા એશિયા માઇનરનાં રાજ્યોને હરાવીને તે હવે દક્ષિણમાં સીરીઆ તરફ કૂચ કરતો હતો. જ્યારે

મનાહેમ ઇસ્રાએલની ગાદી પચાવી પડયો ત્યારે તેણે સ્વાભાવિક રીતે જ આશા રાખી હતી કે પોતાના દુશ્મનોને હરાવવા તે એસ્સિરીઅન લોકોની મદદ મેળવી શકશે. વળી એક હજાર તાલંત રૂપું આપીને તેણે તે મેળવી પણ ખરી. તિગ્લાથ-પિલેસરની મદદ વડે તે ૧૦ વર્ષ સુધી પોતાની પદવી જાળવી રાખી શકયો. પરંતુ એ એસ્સિરીઅન સંબંધની વિરુદ્ધ ઇસ્રાએલમાં એક મજબૂત પક્ષ ઊભો થયો હતો, અને ઘણું કરીને એ પક્ષના આગેવાન તરીકે પેકાહ રાજપદ મેળવી શકયો હતો. તે પછી તરત જ સીરીઆના રાજા રસીને તિગ્લાથ-પિલેસરની સામે થવા પેકાહનો સહકાર મેળવ્યો, અને પોતાનું સ્વાતંત્ર્ય પુનઃ પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો. તેમાં વખતે યહૂદાહનો રાજા વિરુદ્ધ પડે એવું જોખમ હતું. તેની સામે સખત પગલાં ભરવાનું તેમને આવશ્યક લાગ્યું. જો તે તેમની સાથે ન ભળે તો તેઓ તેને પદભ્રષ્ટ કરી તેની ગાદીએ તેમના મળતિયા તાબીલને બેસાડવા ઇચ્છતા હતા. યહૂદાહના રાજા આહાઝે તો તેમની સાથે જોડાવા ના પાડી, તેથી તે બે રાજાઓએ તેના દેશ પર ચડાઇ કરી. તેઓની યોજના એવી હતી કે સીરીઆએ મૃત સરોવર ફરી વળીને યહૂદાહ પર દક્ષિણ તરફથી હુમલો કરવો, અને તેજ વખતે ઇસ્રાએલે તેના પર ઉત્તર તરફથી તૂટી પડવું, અને છેવટે બંને લશ્કરોએ યરૂશાલેમને ઘેરી લેવું. "દાઊદના વંશના રાજકર્તાને ખબર પડી કે અરામ એફ્રાઇમ સાથે મળી ગયો છે ત્યારે તેનું મન તથા તેના લોકોનાં મન જેમ વનનાં ઝાડ પવનથી કંપે છે તેમ ગભરાયાં." હવે આહાઝ તથા તેના સલાહકારોને ઊગરવાનો એક જ માર્ગ જણાયો. તે માર્ગ તો મનાહેમની પેઠે એસ્સિરીઅન લોકોની મદદ માગવાનો હતો. જો તિગ્લાથ-પિલેસરના ક્રૂર સૈનિકો સીરીઆ તથા ઇસ્રાએલને ધમકી આપે તો તે બે રાજાઓ આપોઆપ આત્મરક્ષણને અર્થે યરૂશાલેમનો ઘેરો ઉઠાવી જાય.

આ પ્રશ્નના સંબંધમાં યહૂદાહના રાજદ્વારી પુરુષોમાં એક સૌથી મોટો નામે યશાયાહ પ્રબોધક બહાર પડયો. તેના અંગત જીવન વિષે આપણે બહુ જ થોડું જાણીએ છીએ, પરંતુ એક રાજદ્વારી પુરુષ તરીકે તો તે જાણીતો છે. તેની સેવાનાં ૪૦ વર્ષ દરમિયાન લોકો પર

તેની સૌથી ભારે અસર થવા પામી હતી. તેના વિષે કહેલું છે, કે "તેના સિવાય બીજા કોઇ પણ પ્રબોધક વિષે એટલી બધી સાચી વાત નહિ કહી શકાય કે તેની આત્મકથા તો તેના જમાનાનો ઇતિહાસ છે." એનું કારણ એ હતું કે યશાયાહ કંઇ ઇશ્વર તથા તેની ઇચ્છા લોકોને પ્રકટ કરનાર એક પ્રબોધક જ નહિ, પરંતુ રાજાએ પ્રજાની દોરવણી કરવા કયો રસ્તો લેવો તે વિષેની જેને સ્પષ્ટ સમજણ હતી એવો તે એક રાજનીતિજ્ઞ પુરુષ પણ હતો. તેણે રાજા તથા રૈયતને માટે સનાતન ન્યાયીપણાના સિદ્ધાંતો પર આધારભૂત રાજનીતિ ઘડી કાઢી હતી. વળી તેજ નીતિ તો ઇશ્વરના રાજ્યને માટે બધા માણસોનાં મન ઘડી રહી હતી.

ઈશ્વરની સેવા કરવા સારૂ પોતાને તેડવામાં આવ્યો હતો તે વિષે યશાયાહ આપણને કહે છે. એ તો ઉઝ્ઝીયાહના રાજ્યકાળના છેલ્લા વર્ષમાં બન્યું હતું. તેણે દર્શનમાં જોયું કે ઈશ્વર પોતાના મંદિરમાં રાજ્યાસને બિરાજેલો છે, અને તેની ચારે તરફ દૂતો ઊભા છે. તેણે તેઓનું ગાયન સાંભળ્યું, કે

"પવિત્ર, પવિત્ર, પવિત્ર છે સૈન્યોનો [દેવ] યહોવાહ,
આખી પૃથ્વી તેના ગૌરવથી ભરપૂર છે."

પોતાનાં તથા પ્રજાનાં પાપની લાગણી તેમજ બીકથી ભરપૂર થઈને તેણે મોટેથી કહ્યું, કે 'અફસોસ છે મને, મારૂં આવી બન્યું છે,' પરંતુ તેને ખાતરીથી કહેવામાં આવ્યું કે તારાં પાપ માફ કરવામાં તથા દૂર કરવામાં આવ્યાં છે. વળી જ્યારે તે ઈશ્વરને પોતાના કામમાં મદદ કરવા કોઈને બોલાવતો સાંભળે છે ત્યારે તે તેને માટે પોતાનું જીવન ઈશ્વરને અર્પણ કરે છે. તે અર્પણ ઈશ્વર સ્વીકારે છે, અને તેને કામ સોંપે છે કે, જા, ને આ લોકોને કહે, કે

"સાંભળ્યા કરો પણ ન સમજો; જોયા કરો પણ ન જાણો. આ લોકોનાં મન જડ કર, ને તેમના કાન ભારે કર, ને તેમની આંખો મિચાવ, રખેને તેઓ આંખોથી જુએ, કાનથી સાંભળે, અને મનથી સમજે, અને પાછા ફરીને સાજા કરાય."

ઈશ્વરે લોકોને ઉત્તરોત્તર કરેલા પ્રકટીકરણ છતાં તેમના મનની કઠણતાને લીધે પ્રબોધકને માઠી અસર થઈ હતી. તેણે જોયું કે આનો અંત તો ન્યાયશાસન તથા પૂરો વિનાશ થયા વિના રહેશે જ નહિ. તેમ છતાં ઈશ્વર ઈસ્રાએલી પ્રજાને

હમેશને માટે તજી દેશે નહિ, પણ ઈસ્રાએલના અવશેષને હયાત રાખવામાં આવશે. તે બી તરીકે રહેશે, અને તેમાંથી ઈશ્વરના ખરા લોકો ઊભા થશે. એવી રીતે યશાયાહને પ્રબોધ કરવા સારૂ તેડવામાં આવ્યો હતો.

એ દર્શનને પાંચ વર્ષ વીતી ગયાં હતાં. ત્યારે ઇસ્રાએલનો રાજા પેકાહ તથા સીરીઆનો રાજા રસીન પોતપોતાના સૈન્યસહિત યરૂશાલેમની ચારે બાજુ ફરી વળીને લોકોને ભૂખે મારવાની તથા તેમને ઉથલાવી પાડવાની ધમકી આપે છે. આવા સંજોગોમાં આહાઝ તથા તેના દરબારીઓ તિગ્લાથ-પિલેસેરને મોકલવા માટે એક અરજ ઘડી રહ્યા હતા. તેની વિનંતી એ હતી કે તે તેમને દરવાજો ઠોકતા દુશ્મનોથી છોડાવે. એ મદદ બદલ તે તિગ્લાથ-પિલેસેરનો ખંડિયો રાજા બનવા ખુશી હતો. એ સમયે ઇશ્વરે યશાયાહને ફરમાવ્યું કે જા, રાજાને મળ, અને તેણે નક્કી કરેલી નીતિ વિષે તેને ચેતવ. યશાયાહે આહાઝને આ સલાહ આપી, કે "સાવધ રહે, ને શાંત થા, બીતો નહિ." યશાયાહે કહ્યું, કે આહાઝ શાથી ગભરાયો હતો? પેકાહ અને રસીન તો ધુમાતા ખોયણાના બે છેડા જેવા છે. તેમનું કાવતરું તો નિષ્ફળ થવાનું છે. તેઓનો તો કશો જ હિસાબ નથી. પરંતુ આહાઝના પક્ષમાં તો ઇશ્વર છે. ઇશ્વર પર ભરોસો રાખો, અને તમને કશું થવાનું નથી. પ્રબોધકે કરેલી આ વિનવણીની કશી જ અસર આહાઝના મન પર થઇ નહિ તે પ્રબોધકે તો જોયું. એ બે લશ્કર તો આહાઝને માટે ખરેખરાં જોખમરૂપ હતાં એ લશ્કરને તે કોટ પરથી જોઇ શકતો હતો, પરંતુ યશાયાહના શબ્દો તેને મન કેવળ ખાલી શબ્દો જ હતા. રાજાને સમજાવવામાં નિષ્ફળ નીવડવાથી યશાયાહ તેને આકાશથી કંઇ ચિહ્ન બતાવવા કહે છે. જો તે ઇશ્વરની વિનંતી કરે તો તે તેને લશ્કરોના જેવું જ દૃશ્ય ચિહ્ન બતાવે. પરંતુ પોતે અધર્મી હોવાના બાને તે તેમ કરવા પણ ના પાડે છે. તેમ છતાં પ્રબોધક તેને ખાતરીપૂર્વક કહે છે કે ઇશ્વર તેને એક ચિહ્ન બતાવશે:—

"જુઓ, કુંવારી ગર્ભવતી થઈને પુત્ર જણશે, અને તેનું નામ તે ઈમ્માનૂએલ પાડશે. તે ભૂંડું નકારવાને તથા ભલું પસંદ કરવાને સમજણો થશે, ત્યારે તે દહીં તથા મધ ખાશે. એ છોકરો ભૂંડું નકારવાને તથા ભલું પસંદ કરવાને સમજણો થશે તે પહેલાં જે બે રાજાથી તું ભયભીત થાય છે, તેમનો દેશ ઉજ્જડ થશે."

બીજા શબ્દોમાં કહીએ તો છોકરો જન્મે અને સારાનરસાનો ભેદ પારખવા કેળવાય તે પહેલાં ઇસ્રાએલ તથા સીરીઆ એ બન્નેને ઉથલાવી પાડવામાં આવશે. એ સત્યનું ચિહ્ન "ઇમ્માનૂએલ—દેવ આપણી સાથે એ છે. બીજી બાજુએ જોતાં રાજાની નીતિ યહૂદાહ પર અકલ્પ્ય વિપત્તિ લાવશે; આસ્સિરીઆ અને મિસર સર્વોપરીપણું મેળવવા તેના દેશને રણક્ષેત્ર બનાવશે, અને તેને ખેદાનમેદાન કરી નાખશે. જમીન પડતર રહેશે, અને દ્રાક્ષાવાડીઓમાં માત્ર ઝાંખરાં તથા ઊંટકંટા ઊગશે.

યરૂશાલેમના આ ઘેરાને અંગે આ મહાન પ્રબોધકના જીવનનું એક બીજું ચિત્ર જોવા મળે છે. યહોવાહ તેને એક પાટી લેવાનું, તથા તે પર સાધારણ લિપિમાં 'માહેર-શાલાલ-હાશ-બાઝ' એમ લખવાનું કહે છે. (તેનો અર્થ ઉતાવળ, બગાડ, ત્વરા અને લૂંટ છે); અને બે સાક્ષીઓની રૂબરૂ તેને એક જગાએ મૂકવા કહે છે. લોકો તેને લટકતી જોઈને વાંચશે ત્યારે પ્રબોધકના એ કામના અર્થ વિષે તેઓ ચર્ચા કરશે અને તેમને નવાઈ લાગશે. જ્યારે તેના ઘેર દીકરો જન્મ્યો અને તેણે લખાણ પ્રમાણે તેનું નામ પાડ્યું, ત્યારે તેનો અર્થ સ્પષ્ટ થયો. યહોવાહે તેને કહ્યું, કે "જ્યારે તે છોકરામાં મારા બાપ, મારી મા, એમ કહેવાની સમજણ આવશે તે પહેલાં દમાસ્કસનું દ્રવ્ય તથા સમરૂનની લૂંટ આશ્શૂરના રાજાની પાસે લઈ જવામાં આવશે" ઈશ્વરને નામે યશાયાહે રાજા તથા પ્રજાને એક વાર ફરીથી ખાતરીપૂર્વક કહ્યું, કે ઈસ્રાએલ તથા સીરીઆથી ડરવાનું કંઈ જ કારણ નથી. જેના હાથમાં સર્વ સૈન્ય છે તે યહોવાહ પર ભરોસો રાખો. દુ:ખના દહાડામાં માણસો વહેમ તરફ વળ્યા, પરંતુ એ બહેતર છે કે તેઓ ઈશ્વર તરફ વળે. તે પછી પ્રબોધક આનંદનું ગીત ગાઈ ઊઠે છે :—

"અંધકારમાં ચાલનાર લોકે મહાન પ્રકાશ જોયો છે, મરણછાયાના દેશમાં વસનારા પર અજવાળું પ્રકાશ્યું છે; તેં પ્રજાની વૃદ્ધિ કરી છે; તેં તેમનો આનંદ વધાર્યો છે. કાપણીમાં થતા આનંદ પ્રમાણે, તેમજ લોક લૂંટ વહેંચતાં હરખાય છે તે પ્રમાણે તેઓ તારી સંમુખ આનંદ કરે છે. કેમકે મિદ્યાનને દિવસે થયું તે પ્રમાણે તેના ભારની ઝૂંસરીને, તેની ખાંધ પરની કાઠીને, ને તેના પર જુલમ કરનારની લાકડીને તેં ભાંગી નાખી છે. સૈનિકોના ધબકારા કરતા જોડા, ને રક્તમાં બોળેલાં વસ્ત્ર, તે સર્વ બળતણની પેઠે અગ્નિમાં બાળી નાખવામાં આવશે, કેમકે આપણે સારૂ છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે. તેની

—

ખાંધ પર રાજ્યાધિકાર રહેશે, ને તેને અદ્ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, ને શાંતિનો સરદાર એ નામ આપવામાં આવશે. દાઊદના રાજ્યાસન ઉપર ને તેના રાજ્ય ઉપર તેને ઈન્સાફ તથા ન્યાયીપણાથી તે સમયથી તે સર્વકાળ સુધી સ્થાપવા તથા દૃઢ કરવા સારૂ તેની સત્તાની વૃદ્ધિનો તથા શાંતિનો પાર રહેશે નહિ. સૈન્યોના [દેવ] યહોવાહની ઉત્કંઠાથી આ થશે."

બધાં ચિહ્નો વિપરીત લાગે તો એ યહૂદાહના લોકોનો બચાવ કરવા ઈશ્વરનું પરાક્રમ છે એ વાત પર લોકોનો દૃઢ અને અડગ વિશ્વાસ બેસે એવી યશાયાહની ઘણી ઇચ્છા હતી. હવે તેને એક ગૌરવી દિવસનું દર્શન થાય છે. તે દિવસે દાઊદની ગાદીએ એક સમર્થ રાજા આવશે. તે તેમનો તારણહાર થશે. વળી તે હમેશને માટે ન્યાયીપણા તથા શાંતિનું રાજ્ય સ્થાપન કરશે. એ ઉપરથી જે એકલા દુશ્મનની બીક બધાં જ માણસોને લાગવી જોઈએ તેના હાથમાંથી ખરેખર છોડાવનાર આવશે એ આશા અને વિશ્વાસનું દર્શન પ્રથમ યશાયાહના મનમાં અને ત્યાર પછી તેની મારફતે ઈશ્વર પર ભરોસો રાખનારાં બધાં માણસોના મનમાં થયું. યશાયાહના વખતમાં આ આશા ફળી જ નહિ. પરંતુ આપણા સંબંધમાં તો એ વચન ફળીભૂત થયું છે. નાઝારેથનો પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણો ઈમ્માનૂએલ, એટલે દેવ આપણી સાથે, તે તો શાંતિનો સરદાર થયો છે.

પ્રકરણ ૨૦મું

સમરૂનની પડતી અને સમરૂની લોકોની ઉત્પત્તિ

(૨ રાજા. ૧૬; ૭-૨૦ અને ૧૭મો અધ્યાય).

યશાયાહની સલાહની અવગણના કરી આહાઝે પોતાને ફાવતો માર્ગ લીધો. તે એસિરીઆનો ખંડિયો રાજા બન્યો, અને પોતાના હેતુમાં સફળ પણ નીવડયો. તેણે એસિરીઆના રાજા તિગ્લાથ-પિલેસેર પાસે ભેટસહિત સંદેશિયા મોકલ્યા. તિગ્લાથ-પિલેસેરે તકનો લાભ લઇને તરત જ સીરીઆ અને ઇસ્રાએલ એ બે બળવાખોર રાજ્યો પર હુમલો કર્યો. તેણે દમાસ્કસ તરફ કૂચ કરી, થોડા વખત પછી તે જીતી લીધું અને તેના રાજા રસીનને મારી નાખ્યો. વળી તે ત્યાંના ઘણા લોકોને બંદીવાન તરીકે કીર લઇ ગયો. તે પછી તેણે ઇસ્રાએલ પર હુમલો કર્યો અને તેના સૌથી ઉત્તરે આવેલા ભાગ પર ચડાઇ કરીને ત્યાંના લોકોમાંના કેટલાકને પણ બંદીવાન તરીકે પકડી લીધા. આથી સ્વાભાવિક રીતે જ સમરૂનમાં ચળવળ ઊભી થઇ. પરિણામે જે રાજા દેશ પર આ વિપત્તિ લાવવાના સાધનભૂત બન્યો હતો તેની વિરુદ્ધ એટલે એસિરીઆની તરફેણમાં એક પક્ષ ઊભો થયો. તેનો નેતા હોશીઆ હતો. તેણે હિંમતવાન પુરુષોનો સંઘ જમાવ્યો, પેકાહ પર હુમલો કર્યો અને તેને મારી નાખીને તેની ગાદી લઈ લીધી. અલબત, તિગ્લાથ-પિલેસેરે તેને ટેકો આપ્યો હતો. આમ કંઇક મુદતને માટે યરૂશાલેમનો બચાવ થયો, અને યશાયાહના ભવિષ્યવાદ પ્રમાણે થયું નહિ. તેથી રાજાના સલાહકારોને તો એમ જ લાગ્યું કે તેઓએ યહોવાહના પ્રબોધકની સલાહની અવગણના કરી એ વાજબી જ કર્યું!

હવે આહાઝ તો એસિરીઆના રાજાનો ખંડિયો બની ગએલો હોવાથી દમાસ્કસ જઇ રાજાને વફાદારી બતાવ્યા વગર તેને બીજું કશું જ વધુ અગત્યનું લાગ્યું નહિ. તે સીરીઆની રાજધાની દમાસ્કસમાં રહેતો

હતો તે વખતે એક વેદીની તેના પર જેટલી અસર થઇ તેટલી બીજા કશાની ન થઇ. તે વેદી તો ત્યાંના દેવોમાંના એક દેવના નામે ઊભી કરવામાં આવી હતી. યહોવાહ તથા તેના સાચા ભજન વિષે સમજણ-રહિત હોવાને લીધે તેણે તે વેદીનો નમૂનો લઇને તે યરૂશાલેમના મુખ્ય યાજક પર મોકલ્યો. તેણે તેને ફરમાવ્યું કે આબેહૂબ તેના જેવી જ એક વેદી બનાવીને તે યહોવાહના મંદિરમાં જ્યાં સુલેમાનના વખતથી એક વેદી હતી તેની જગાએ મૂકવી. આહાઝ તો તેનાં જીવનકાર્યોમાં યહોવાહ પર વિશ્વાસ રાખી શક્યો નહિ, છતાં તેને યહોવાહના મંદિરને માન આપવાનું ગમતું હતું ! તે મંદિરમાં ચાલતી ભજનસેવાની સુંદરતા જોઇ શક્યો હતો, તેમ છતાં તેણે મૂર્તિપૂજક રાજાને ખંડણી ભરવા સારૂ યહોવાહનું મંદિર ઉજ્જડ કરી મૂક્યું હતું, અને ખજાનો ખાલી કરી નાખ્યો હતો !

હોશીઆ ઇસ્રાએલની ગાદી પચાવી પડયો હતો, અને પોતે એસ્સિરીઅન સત્તાને આધીન થયો હતો. એ આનંદહીન દેશના આનંદહીન રાજાઓના છેલ્લા રાજા તરીકે નિર્માણ થયો હતો. જોકે તે તેના પૂરોગામીઓના જેટલો ખરાબ માણસ કે રાજા ન હતો, છતાં ઉત્તરના પ્રજાજીવનનો અંત લાવવાનું કામ તેના હિસ્સે આવ્યું. સત્ય વાત આ હતી કે ધરમૂળથી દેશને હચમચાવી નાખે એવી ધાર્મિક ક્રાંતિ સિવાય દેશને સંપૂર્ણ નાશમાંથી બચાવી શકે એવી બીજી એકે બાબત હતી જ નહિ ; પણ આ વાત હોશીઆ તથા લોકોના મગજમાં ઊતરી જ નહોતી. તેણે સ્વાતંત્ર્ય મેળવવા એક નિર્જીવ યુદ્ધ કર્યું, અને તે તો નાશમાં પરિણમ્યું. તે આવી રીતે બન્યું : ખંડણી તરીકે આપવાની રકમ તો અસહ્ય બોજારૂપ બની, છતાં એથી કેવી રીતે મુક્ત થવું તે તેને સૂઝયુંજ નહિ. એટલામાં તિગ્લાથ–પિલેસેર મરણ પામ્યો અને શાલ્માનેસેર ગાદીએ આવ્યો. એ સમયમાં રાજાની ફેરબદલી વખતે રાજદરબારમાં અનિશ્ચિતપણું અને તકલીફ ઊભાં થતાં હતાં. એવા સમયમાં ખંડિયા રાજાઓ પોતા પરની ઝૂંસરી ફેંકી દેવા પ્રયત્ન કરે એ તો સ્વાભાવિક જ છે. ફીનીશીઆ અને બીજાં રાજ્યોએ સ્વતંત્ર થવા પ્રયત્ન કર્યો. તેમનું અનુકરણ કરવામાં હું પણ નિર્ભય છું એમ

હોશીઆએ ધાર્યું. ખાતરીપૂર્વક સફળતા મેળવવા સારૂ તેણે મિસરની મદદ માગી. પોતાના કોઇપણ ખંડિયા રાજાને આમ કરવા દે એવો શાલ્માનેસેર ન હતો, તેથી દક્ષિણ તરફ કૂચ કરીને તે પ્રથમ ફીનીશીઆ પર અને પછી ઇસ્રાએલ પર તૂટી પડયો. તેણે હોશીઆને બંદીવાન તરીકે પકડયો, અને એક રાજદ્રોહી તરીકે પુરવાર થતાં તેને કારાગૃહમાં પૂરવામાં આવ્યો. તેને લાગ્યું કે સમરૂનને તો નબળું પાડવું જ જોઇએ. તે આસપાસની જમીનથી ૩૦૦ ફૂટ ઊંચે એક અલગ પહાડ પર બાંધેલું તથા મજબૂત કિલ્લેબંદીવાળું હોવાથી બહુ જ રક્ષિત સ્થળે આવેલું હતું. તેણે ૩ વર્ષ સુધી એસ્સિરીઅન લશ્કર સામે ટક્કર ઝીલી, પરંતુ છેવટે જીતવાની આશા રહી નહિ. આખરે તે પડયું અને એસ્સિરીઆનો રાજા સાર્ગોન (કારણ કે ઘેરા દરમિયાન શાલ્માનેસેર મરણ પામ્યો હતો) ઘણાખરા શ્રીમંત લોકોને બંદીવાન તરીકે બાબેલની પાડોશના પ્રદેશમાં લઇ ગયો. સાર્ગોન પોતે તેનું વર્ણન આ પ્રમાણે કરે છે: "મેં સમરૂનને ઘેર્યું અને જીત્યું; તેના ૨૭,૨૯૦ માણસોને હું કેદી તરીકે લઇ ગયો; તેઓના ૫૦ રથ મેં લઇ લીધા; મેં તેઓ પર એક હાકેમ નીમ્યો, અને પહેલાંના રાજાએ ભરવાની ખંડણીનો બોજો મેં તેઓ પર નાખ્યો." આ બનાવ ઇ. સ. પૂર્વે ૭૨૨માં બન્યો.

આ ભયંકર આપત્તિથી આખો દેશ કેવી રીતે ઘેરાઈ ગયો અને દુઃખો અને તાબેદારીમાં કેવી રીતે ગરક થઈ ગયો તે વિષે તથા પોતાના લોકોની વિરુદ્ધ ઈશ્વરે પ્રકટ કરેલા આ ન્યાયશાસનની વાર્તાનો ખુલાસો જે ઈતિહાસકારો પાછળથી કહેવાના હતા તેઓએ તે કેવી રીતે મેળવ્યો તે વિષે સમજવું એ અઘરૂં નથી. જ્યારે આ આપત્તિ માથા પર ઝઝૂમી રહી હતી ત્યારે બધાં માણસનું ધ્યાન તે તરફ ખેંચાયું હતું. કેટલાક તો તેના ઉત્તમ પરિણામની આશા રાખતા હતા પણ બીજા કેટલાક તો તેના ભયંકર પરિણામથી ડરતા હતા. તે વિષે પ્રબોધક યશાયાહ શું ધારતો હતો? તે વિષે તેના મહા પ્રબોધમાંના એક ભાગ એટલે ૨૮મા અધ્યાય પરથી આપણે જાણી શકીએ છીએ:—

"અફસોસ છે એફ્રાઈમના છાકટાઓના ગર્વિષ્ઠ મુગટને, તથા દ્રાક્ષારસથી પાડી નાખવામાં આવેલાની રસાળ ખીણના મથાળા પરના તેના મહાન શોભા આપનાર ચીમળાનાર ફૂલ[ને અફસોસ]! જુઓ, પ્રભુનો એક પરાક્રમી ને સમર્થ [વીર] છે; તે કરાંની આંધી, નાશ કરનાર તોફાન, જબરાં ઊભરાતાં પાણીના પુરની પેઠે તેઓને જમીન પર જોરથી પછાડશે. એફ્રાઈમના છાકરાઓનો ગર્વિષ્ઠ મુગ

પગ તળે કચરાશે, ને મોસમ આવ્યા પહેલાં પાકેલા પ્રથમ અંજીરને જોનાર જુએ છે, તે હાથમાં આવતાં જ ગમી જાય છે તેના જેવી ગતિ રસાળ ખીણને મથાળે આવેલા તેના મહાન શોભા આપનાર ચીમળાનાર ફૂલની થશે." અને તે વૃત્તાંતમાં બીજા કરતાં ઓછું મહત્ત્વ આપેલું નહિ હોય.

એસ્સિરીઆનો રાજા સાર્ગોન ઇસ્રાએલપુત્રોને બંદીપ્રવાસમાં લઇ ગયો ખરો, પરંતુ આપણે તેના પોતાના વૃત્તાંત પરથી જ જાણીએ છીએ કે તે સર્વે યાજકોસહિત ૨૭,૨૯૦ માણસોને જ લઈ ગયો હતો. એ હકીકતમાં તેણે કંઈ બાકી રાખ્યું હોય એ અસંભાવત છે. તે સારીપેઠે જાણતો હતો કે શ્રીમંત લોકોનો અસંતોષ જ મારે માટે જોખમરૂપ છે, તેથી તેણે શહેરના ગરીબવર્ગના બધા લોકો તેમજ ખેડૂતોને પડતા મૂક્યા હતા. જે માણસોને તે લઇ ગયો તેઓને સ્થાને વસાવવા સારૂ તેણે "બાબેલમાંથી, કૂથાહમાંથી, આવ્વામાંથી, હમાથમાંથી તથા સફાર્વાઇમમાંથી માણસોને લાવીને" વસાવ્યા. તેઓ આખા દેશમાં ફેલાઇ ગયા અને તે દેશનાં માણસો સાથે ભળી જઇને તેમની સાથે તેમણે આંતરલગ્ન કર્યાં. કેટલાંક વર્ષ વીત્યા પછી તેઓ રીતરિવાજ, દેશભક્તિ અને ધર્મની બાબતમાં તેમની સાથે એક થઇને તેમની એક નવી કોમ ઊભી થઈ. આ મિશ્ર પ્રજા સમરૂની તરીકે જાણીતી છે.

પરંતુ જ્યારે આ લોકો પ્રથમ સમરૂનમાં આવ્યા ત્યારે તેઓ યહોવાહ તથા તેના ભજન વિષે જ્ઞાનરહિત અને તદ્દન વિધર્મી હતા. તેઓ પર આવી પડેલી એક આપત્તિથી તેઓનું ધ્યાન આ બાબત તરફ ખેંચાયું. યરદનનાં જંગલોમાંથી સિંહોએ ધસી આવીને ફાળ પડાવી અને ઘણાને મારી નાખ્યા. નવા વસેલા લોકો ઈશ્વરની વાસ્તવિક વિધિઓ કરતા નથી, અને દેશના દેવને ઘટતું માન આપતા નથી તેથી ગુસ્સે થએલો દેવ તેનો બદલો લે છે એટલો જ ખુલાસો તેઓ કરી શકતા હતા. એ દેવને કેવી રીતે પ્રસન્ન કરવો તે તેઓ જાણતા ન હતા, તેથી તેમણે એસ્સિરીઆના રાજા પાસે સંદેશિયા મોકલીને તેને વિનંતી કરી કે તે બંદીવાન તરીકે લઈ ગએલા યાજકોમાંથી જે "તે દેશના દેવ વિષે" જાણતો હોય એવા એક યાજકને મોકલે. તેમની અરજ સ્વીકારવામાં આવી, તેથી યાજકોમાંનો એક પોતાના વતનમાં પાછો આવ્યો અને બેથેલમાં વસ્યો. તે સ્થળ તો રાજ્યનું પ્રાચીન પવિત્ર ધામ હતું. તે

પછી તો લોકો એ દુઃખદાતા દેવને જે ઘટતું હોય તે ચઢાવવા માટે બેથેલ જવા લાગ્યા હશે. પરંતુ તેઓએ કોઇપણ રીતે પોતાનો ધર્મ બદલ્યો નહિ. જેમના પર તેમનો વિશ્વાસ બેઠો હતો, અને જે તેમને સંકટના સમયે ખાતરીપૂર્વક સહાય કરતા હતા તે દેવોને તેઓ માનતા હતા. જે એક બાબતથી તેઓ ડરતા હતા તે એ હતી કે રખેને અદૃશ્ય પરાક્રમ તેમને હેરાન કરે કે મારી નાખે. તેઓ એવું ઇચ્છતા હતા કે એ અદૃશ્ય પરાક્રમ તેમને તંદુરસ્ત રાખે અને ખેતીને માટે તેમને પાણી પૂરું પાડે. વળી તેઓ માનતા હતા કે ઠરાવેલી વિધિઓ કરવાથી તથા અમુક સંખ્યામાં અર્પણો ચઢાવવાથી તેઓ એ બધું સાધી શકશે. યહોવાહ એવો જ દેવ છે અને એની કૃપા તેઓ એજ રસ્તે મેળવી શકશે એ સિવાય બીજો ખ્યાલ તેઓને ન હતો, તેથી "તેઓ યહોવાહથી બીતા હતા અને પોતાના દેવોની સેવા કરતા હતા." તેઓ પોતાના દેવોની મદદ સૌથી વધુ ફાયદાકારક ગણતા હતા; તેમ છતાં યહોવાહને પણ ખુશ કરીને તેને શાંત રાખવા બહુ આતુર હતા. તેઓ, તેમજ તેમની પેઠે હજારો યહૂદીઓ પણ હજી જાણતા ન હતા, કે જે સેવાથી યહોવાહ પ્રસન્ન થાય છે તે તો નીતિ-વિષયક સેવા છે, હૃદયની સેવા છે, હા, આપણી ઇચ્છાના સમર્પણની સેવા છે.

સાચા યહૂદી સાથેના તેમના સંબંધનો ખુલાસો કરવા આટલી હકીકત પૂરતી છે. સમરૂનીઓએ માત્ર "પંચગ્રંથ"ને સ્વીકાર્યો હતો, તેનું સ્પષ્ટ કારણ એ હતું કે તેમાં જ દેશના દેવ વિષેના રીતરિવાજ વર્ણવવામાં આવ્યા છે, અને તેઓને પોતાના હેતુ સાધવા એજ પૂરતો હતો. તેમ છતાં યહૂદી લોકો તેમને ધિક્કારતા હતા, કારણ કે તેઓ વાસ્તવિક રીતે જોતાં યહૂદી નહિ પણ વિધર્મી હતા. તેઓ તો તેમને તિરસ્કારમાં માત્ર કૂથીઓ અથવા બાબેલોનીઅન કહેતા હતા. તેઓએ કહ્યું, કે "જે કૂથીઓનો રોટલો ખાય છે તે જાણે ભુંડણનું માંસ ખાય તેના જેવો છે.

પ્રકરણ ૨૧મું

હિઝકીયાહ

(૨ રાજા. ૧૮; ૧–૮. યશા. ૧ અને મીખાહ ૬).

હિઝકીયાહ બહુ નાની વયે ગાદીએ આવ્યો. જે સમયે તે ગાદીએ આવ્યો તે સમય બહુ મુશ્કેલીભર્યો હતો, તેમ છતાં તેનું રાજ્ય બહુ ઝળહળી ઊઠશે એવું તેણે બતાવી આપ્યું; કારણ કે જે કંઇ ભલું હતું તે પર તેણે પોતાનું લક્ષ દોર્યું હતું. તે કવિ હતો એટલું જ નહિ પણ તે વ્યાપાર તથા ખેતીવાડીના કામમાં સારો રસ લેતો હતો; અને જ્યાં સુધી પોતાની રૈયત સમૃદ્ધ થઇ ત્યાં સુધી તે તેના સામાજિક હિતના કામમાં રચ્યોપચ્યો રહ્યો હતો. એ સર્વ ઉપરાંત તે એક ધર્મસુધારક હતો. પોતાના પ્રાથમિક જીવનથી માંડીને જ તે પ્રબોધકોના પક્ષમાં હતો એવું માલૂમ પડે છે. તે પ્રબોધકોમાંના બે સૌથી મોટા નામે યશાયાહ અને મીખાહ આ અરસામાં પાટનગરમાં રહેતા હતા. તેઓ દ્વારા ઇસ્રાએલપુત્રોને યહોવાહના ખરેખરા ભજન પ્રતિ વાળવા તેણે પ્રયત્ન કર્યો. તેઓ પુરાણા પિત્તળના સર્પની પૂજા કરવા ટેવાયા હતા. પેઢીઓ થયાં એ સર્પને તો સ્વાભાવિક રીતેજ ઇશ્વરે તેમના પર દર્શાવેલી દયાના ચિહ્ન તરીકે ગણવામાં આવતો હતો; પરંતુ વખત જતાં તે તો ઇશ્વરનું પોતાનું સ્થાન લઇ પડયો હતો. વળી કેટલાક લોકો તો એમ માની બેઠા હતા, કે તેમાં કંઇક દૈવી પરાક્રમ રહેલું છે! હિઝકીયાહે તેના ભાંગીને કકડેકકડા કરી નાખ્યા, અને તેણે તેને "નહુશ્તાન" એટલે 'માત્ર એક પિત્તળનો કકડો' એવું નામ આપ્યું.

વળી પ્રબોધકોએ તેને એ સમજતો કર્યો હતો, કે જેને તેઓ ઉચ્ચ-સ્થાનો કહેતા હતા તે તો પ્રજાના બગાડનાં કેન્દ્ર થઇ પડ્યાં હતાં. આ ઉચ્ચસ્થાનો તો જે જગાએ લોકો અતિ પ્રાચીન સમયથી દેવનું ભજન કરવા એકઠા થતા હતા તે જગા હતી. સામાન્ય રીતે તે કોઇ ઊંચી

જગાએ બાંધવામાં આવ્યાં હતાં, અને હમેશાં તેની પાસે એક સ્તંભ અથવા ઘડયા વગરનો પથ્થર ઊભો કરવામાં આવતો હતો, અને વળી એક ઝાડનો દાંડો પણ 'અશેરાહ' તરીકે ત્યાં ખડો કરવામાં આવતો હતો. આ બધાં તો કનાની લોકોનાં પવિત્ર ચિહ્નો હતાં, અને ઇસ્રાએલ-પુત્રો જ્યારે પહેલવહેલા આ દેશમાં આવ્યા ત્યારે તેઓએ પોતે તેમનું ભજન કરવા તે ગ્રહણ કર્યાં હતાં. આ ઉચ્ચસ્થાનોમાં થતા પ્રાચીન ભજનને અંગે સૌથી ભૂંડા રીતરિવાજો ઉદ્‌ભવ્યા હતા, અને ઇસ્રાએલપુત્રો તેમાં ગરક થઇ ગયા હતા, તેથી બધા પ્રબોધકો પોકાર કરીને કહેતા, કે "ઉચ્ચસ્થાનો કાઢી નાખો, સ્તંભોને ભાંગી નાખો અને અશેરાહ મૂર્તિને કાપી નાખો; કારણ કે ધર્મનું શુદ્ધિકરણ કરવાનો માત્ર એજ રસ્તો છે." આ હિલચાલમાં હિઝકીયાહે પોતાના પૂરા બળથી ઝંપલાવ્યું, અને એ જમાનાનો રાજા યરૂશાલેમના મંદિરમાં યહોવાહનું સાચું ભજન કરવા જેટલું કરી શકે તેટલું તેણે કર્યું. તેમાં તે અમુક અંશે સફળ થયો; કારણ કે હવે પછી આપણે જોઇશું કે એક સૈકા પછી પણ યોશીયાહને ઘણું કરવાનું બાકી રહ્યું હતું. ધર્મસુધારો તો હમેશાં ધીમે ધીમે થાય છે, અને ભૂંડાઇનો નાશ કરવો એ કામ હમેશાં કઠીન છે. જે રીતરિવાજો પેઢીઓ ગત ઊતરી આવ્યા હતા, અને જેને લોકો પવિત્ર માનતા આવ્યા હતા તેને નાબૂદ કરવા હિઝકીયાહે પ્રયત્ન કર્યો ત્યારે તેને માલૂમ પડયું કે લોકો ભારે કડવાશસહિત તેની સામે થયા, અને જ્યારે એ વાતો તેની નજર બહાર ગઇ ત્યારે ફરી પાછા તેઓ એનેએજ માર્ગે વળી ગયા.

જ્યાં પ્રાચીન વેદીઓ ઊભી હતી અને પુરાણા રીતરિવાજ પાળવામાં આવતા હતા ત્યાં જે લોકો રહેતા હતા તેઓની સ્થિતિ એવી હતી. પરંતુ યરૂશાલેમના રહીશોને તો ખાતરી હતી કે તેઓનું શહેર તો યહોવાહનું નિવાસસ્થાન છે, તેથી તેઓ પોતે પરદેશીની ચડાઇ તથા તેમની ભ્રષ્ટતાથી સહીસલામત છે. પરદેશીઓ દુર્બળ દેવની પૂજા કરે છે. તે દેવને તો યહુદાહનો શક્તિમાન દેવ ઉથલાવી પાડી શકે જ. એ જમાનાના વિચારો અનુસાર કોઇ પણ પ્રજા તેના દેવ કરતાં વધુ શક્તિમાન ન હતી, અને યહોવાહ તો સર્વ દેવોમાં સર્વશક્તિમાન હતો; તેથી તે તો પોતાના શહેરનો બચાવ સફળતાપૂર્વક કરવાનોજ. તેઓને એમ લાગતું હતું કે

જો અમે યહોવાહની સેવા કરીશું તો અમે સહીસલામત રહીશું અને યહોવાહનું ભજન કરવું એટલે તેની વિધિઓ તથા કર્મક્રિયા કરવી. ન્યાય, ન્યાયીપણા તથા શુદ્ધ જીવન ગાળવા વિષે તેમને કંઇ જ લાગતુંવળગતું ન હતું. દેવ વિષે તેઓ એટલું જ ધારતા હતા કે અમે ઇશ્વરનું ભજન કરીએ અને તેને અર્પણ ચઢાવીએ એટલે પત્યું. મીખાહ નામે એક પ્રબોધક એ અરસામાં થઇ ગયો અને કામ કરી ગયો છે તે એવું કહે છે. વળી તે એ જમાનાના યરૂશાલેમના જે લોકપ્રિય પ્રબોધકો લોકોને સન્માર્ગે દોરતા હતા તેઓ વિષે નીચે પ્રમાણે કહે છે :—

"લોકો સિયોનને રક્તપાત કરીને ને યરૂશાલેમને દુષ્ટ કૃત્યો કરીને બાંધે છે; તેના નેતાઓ લાંચ લઇને ઇન્સાફ કરે છે, ને તેના યાજકો પગાર લઇને બોધ કરે છે. ને તેના પ્રબોધકો પૈસા લઇને જોશ જુએ છે; એમ છતાં પણ તેઓ યહોવાહ પર આધાર રાખે છે, ને કહે છે, કે "શું યહોવાહ આપણી મધ્યે નથી? આપણા પર કશી આપત્તિ આવશે નહિ." તેઓ યરૂશાલેમમાં રહેતા, ત્યાં યહોવાહનું મંદિર હતું, અને તેમાં યહોવાહનું સાચું ભજન કરવામાં આવતું હતું, તેથી તેઓ પોતાને આ પ્રમાણે સહીસલામત માનતા હતા. તેઓ દલીલ કરતા હતા, કે "ઇશ્વર પોતાનું ભજન મૂર્તિપૂજક લોકોના અશુદ્ધ હાથમાં કદી જવા નહિ દે, તેના પોતાના ભજનને માટે તો તે અંત સુધી તેમની સાથે લડવાનો જ." પરંતુ તે વિષે યશાયાહ તથા મીખાહને જૂઠા પ્રબોધકો તથા તેમના અનુયાયીઓ સાથે ઝગડો થયો. તેઓ એમ પણ માનતા હતા કે યહોવાહ પોતાના ભજનને અંગે શત્રુઓ સામે લડશે, પરંતુ તેમ છતાં ભજનને લગતો એ પ્રચલિત મત ખોટો અને ઇશ્વરને તિરસ્કાર ઉપજાવે એવો છે એમ પણ માનતા. લોકો તો વિધિઓ અને કર્મક્રિયા પર આધાર રાખતા હતા, પરંતુ તેમાં યહોવાહને તો કશો જ રસ રહ્યો ન હતો.

યશાયાહ એક દિવસે મંદિરના આંગણામાં આવી ચઢયો, અને યહોવાહના આ સનાતન સત્ય વિષે તેણે તેમને હૃદયપૂર્વક નીચે પ્રમાણે કહ્યું :—

"હે સદોમના ન્યાયાધીશો, તમે યહોવાહની વાત સાંભળો, હે ગમોરાહના લોકો, આપણા દેવના નિયમ[શાસ્ત્ર] પ્રત્યે કાન દો. યહોવાહ કહે છે કે મારી

આગળ તમે પુષ્કળ યજ્ઞ કરો છો તે શા કામના? હું ઘેટાંનાં દહનીયાર્પણોથી તથા માતેલાં જાનવરોના મેદથી ધરાઈ ગયો છું; અને ગોધા, હલવાન તથા બકરાનું રક્ત મને ભાવતું નથી. તમે મારૂં દર્શન કરવા સારૂ આવો છો, ત્યારે મારાં આંગણાં તમે પગ તળે ખૂંદો છો, એમ કરવાને કોણે તમારી પાસે માગ્યું છે? બીજાં વ્યર્થ ખાદ્યાર્પણ લાવશો મા, ધૂપ તો મને ધિક્કારપાત્ર લાગે છે; ચંદ્રદર્શન તથા સાબ્બાથ [તથા] સભા ભેગી કરવી,—અન્યાય સાથેનો ધર્મમેળો હું સહન કરી શકતો નથી. તમારાં ચંદ્રદર્શનનાં તથા બીજાં પર્વોથી મારૂં મન કંટાળે છે, તેઓ મને બોજારૂપ થઈ પડે છે; સહન કરી કરીને હું થાકી ગયો છું. જ્યારે તમે પોતાના હાથ જોડશો, ત્યારે હું તમારી તરફથી મારી નજર અવળી કરીશ; તમે ઘણી પ્રાર્થનાઓ કરશો, પણ તે હું સાંભળનાર નથી; તમારા હાથ રક્તથી ભરેલા છે. સ્નાન કરો, શુદ્ધ થાઓ, તમારાં ભૂંડાં કર્મો મારી આંખ આગળથી દૂર કરો; ભૂંડું કરવું મૂકી દો; સારૂં કરતાં શીખો: ન્યાય શોધો, જુલમથી દુઃખી થતાં માણસોનું રક્ષણ કરો, અનાથને ઇન્સાફ આપો, વિધવાની હિમાયત કરો."

અહીં આપણે પ્રબોધકને પવિત્ર શહેરના લોકોને પ્રાચીન જગતનાં સૌથી ભ્રષ્ટ નગરો સાથે સરખાવતો જોઈએ છીએ. વળી જે ભજનસેવાને તેઓ પોતાનું ગૌરવ અને પોતાની સહીસલામતીના સાધનરૂપ સમજતા હતા તેને તો તે યહોવાહને નામે તિરસ્કાર અને ઠપકાસહિત ત્યાજ્ય જણાવે છે. અને જો તેઓ તેને પૂછે કે ઈશ્વર અમારી પાસેથી શું ઇચ્છે છે? પ્રબોધક તેમને આનંદસહિત નીચે પ્રમાણે ત્યારે જવાબ આપે છે:—

"યહોવાહ કહે છે, કે આવો, ને આપણે વિવાદ કરીએ; તમારાં પાપ જો કે લાલ [વસ્ત્રના] જેવાં હોય તોપણ તે હિમ સરખાં શ્વેત થશે; જો તે કીરમજના જેવાં રાતાં હોય, તોપણ તે ઊન સરખાં થશે. જો તમે રાજી થઈને [મારૂં] માનશો તો દેશની ઉત્તમ પેદાશ ખાશો. પણ જો તમે મારાથી વિમુખ થઈને દ્રોહ કરશો તો તમે તરવારથી માર્યા જશો; કેમકે એ યહોવાહના મુખનું વચન છે."

આને નીચેના પરિચ્છેદ સાથે સરખાવો:—

"હું શું લઈને યહોવાહની હજૂરમાં આવું, ને મહાન દેવને નમસ્કાર કરૂં? શું હું દહનીયાર્પણો લઈને, એક વરસના વાછરડાને લઈને તેની આગળ આવું? શું હજારો ઘેટાંથી કે તેલની હજારો નદીઓથી યહોવાહ રાજી થશે? શું મારા અપરાધને લીધે હું મારા પ્રથમજનિતનું બલિદાન આપું? મારા આત્માના પાપને લીધે મારા અંગના ફળનું અર્પણ કરૂં? હે મનુષ્ય, સારૂં શું છે તે તેણે તને બતાવ્યું છે; ન્યાયથી વર્તવું, દયાભાવ રાખવો, તથા તારા દેવની સાથે નમ્રતાથી ચાલવું એ સિવાય યહોવાહ તારી પાસે બીજું શું માગે છે? (મીખાહ ૬; ૬–૮).

પ્રકરણ ૨૨મું

સાન્હેરીબે યરૂશાલેમને ઘાલેલો ઘેરો

(૨ રાજા ૧૮; ૧૩-૩૭ અને ૧૯ તથા ૨૦મો અધ્યાય)

હિઝકીયાહ બહુ જ મુશ્કેલીભર્યો સમયમાં યહૂદાહની ગાદીએ આવ્યો હતો. એ અરસામા એસિરીઅન લોકોએ સમરૂન જીતી લીધું હતું, અથવા તેઓએ પોતાનાં સૈન્ય ઉત્તર રાજ્યની આજુબાજુ જમા કીધાં હતાં. યહૂદાહમાં તો એ ઘડીઓ ખરેખરી ચિંતાજનક હતી—તેના વતનીઓ આમથી તેમ જાઆવ કરતા હતા, દરેક જાહેર સ્થળે માથે આવેલા જોખમ વિષે લોકો એક બીજા સાથે વાદવિવાદ કરતા હતા. વળી રાજ્યના આગેવાનો ગુપ્તમાં યોજના અને યુક્તિપ્રયુક્તિઓ ગોઠવતા હતા. આવી પરિસ્થતિમાં એવા દેશને માટે ઉત્તમ રાજનીતિ કઇ હતી એ પ્રશ્ન તે વખતે પ્રાધાન્ય ભોગવતો હતો. નકશા તરફ નજર નાખવાથી માલૂમ પડશે કે યહૂદાહ તો એ જમાનાની દુનિયાની બે મહાન રાજ્યસત્તા એટલે એસિરીઅન અને મિસર વચ્ચેના પ્રદેશમાં આવેલો હતો. વ્યાપારી માર્ગ તો તેના દરિયા કાંઠેના મેદાનમાં થઇને જતો હતો. તેના રહીશો તો પહાડી હતા, અને તેઓ યહૂદાહના ઉપલા પ્રદેશમાં આવેલાં સુરક્ષિત સ્થળોમાં વસતા હતા. દુનિયાની પ્રજાઓની રાજદ્વારી બાબતોમાં તટસ્થ રહેવામાં જ તેમની સહીસલામતી રહેલી હતી. આમ તટસ્થતા ઇસ્રાએલની રાજનીતિ હતી. પરંતુ ઇસ્રાએલપુત્રો તો એસિરીઅન રાજ્યને ખંડણી ભરતા હતા; એ સ્થિતિ તો આ યુવાન રાજાને તેના બાપ તરફથી વારસામાં મળી હતી, પરંતુ સ્વતંત્ર અને સ્વાભિમાની પ્રજાએ પ્રતિવર્ષે ખંડણી ભરવી પડે એ તો અસહ્ય હતું. આને લીધે તેમને બંડ કરવાનું પરીક્ષણ જાથુ રહેતું. દરિયા કાંઠેના મેદાનમાં પલિસ્તીઓનાં મજબૂત શહેરો આવેલાં હતાં. ત્યાંના લોકોએ આજ અરસામાં એસિરીઅન ધૂંસરી ફેંકી દેવાનો પ્રયાસ કર્યો હતો. તેઓને ખાતરીપૂર્વક વિજય મળે માટે તેમણે મિસર તથા યહૂદાહની મદદ માટે

માગણી કરી હતી. એ અરસાના યરૂશાલેમમાંના પુરુષોની માન્યતા એવી હતી કે મિસરની મદદથી તેઓ આ બંધનમાંથી મુક્ત થઇ શકશે. એ કેવી મોટી ભુલ એમ યશાયાહને લાગ્યું. તે પોતાના શરીર પર તાટ પહેરીને પોતાના દેશને માટે શોક કરતો હતો. તે આ વખતે તે ઉતારી મૂકીને જાહેર સ્થળે ઉઘાડે પગે તથા 'ઉઘાડા શરીરે' આવ્યો. એટલે તેણે પહેરેલો પહેરવેશ તો ગુલામનો હતો. તેણે જાહેર કર્યું કે જેઓ એસિરીઆથી બચવા મિસર પર આધાર રાખશે તેઓને એવી જ રીતે બંદીપ્રવાસમાં લઇ જવામાં આવશે (યશા. ૨૦). યશાયાહની એ સલાહ તો જેવી તેના બાપ આહાઝને લાગી હતી તેવી જ હિઝકીયાહને પણ લાગી. તે સલાહ એ હતી, કે "ઊંઘતા કૂતરાઓને ઊંઘી રહેવા દો, દુનિયાની એ સમયની રાજનીતિ સાથે તારે કશી જ લેવાદેવા નથી; તારી સહી-સલામતી તો કેવળ તટસ્થ રહેવામાં છે." આહાઝના રાજ્યકાળમાં તે એસિરીઆ સાથેના સહકારના સબંધમાં વિરુદ્ધ પડયો હતો, અને હમણાં તે બળવો કરવાની વિરુદ્ધ પડયો, અને તટસ્થ રહેવા સમજાવવા લાગ્યો.

એસિરીઆનો રાજા સાર્ગોન મરણ પામ્યો હતો, અને સાન્હેરીબ ગાદીએ આવ્યો હતો. આપણને માલૂમ છે કે રાજાના ફેરફાર સમયે જ્યાં સુધી ગાદીએ આવનાર રાજા થાળે ન પડે ત્યાં સુધી ઘણું કરીને ઘણી મુશ્કેલીઓ ઊભી થાય છે. એવા અંધાધુંધીના સમયમાં ખંડિયા રાજાઓને સ્વતંત્ર થઇ જવાનો સંભવ હોય છે, તેથી આ તકનો લાભ લઇને બાબેલનના રાજા મરોદાખ બાલઅદાને બંડ કર્યું. યહુદાહસહિત બીજાં ખંડિયાં રાજ્યો પણ મને સાથ આપશે એવી આશા તે સ્વાભાવિક રીતે જ રાખતો હતો. એવું લાગે છે કે આ અરસામાં જ હિઝકીયાહ માંદો પડયો હતો, અને તે ધારતો હતો કે હું મરણ પામીશ. ખરેખર, યશાયાહે પણ તેને એમ જ કહ્યું હતું. તેમ છતાં હિઝકીયાહે આતુરતા-પૂર્વક ઈશ્વરની પ્રાર્થના કરી, અને તેના જવાબમાં પ્રબોધક યશાયાહની મારફતે તેને ખુશ ખબર મળી કે તે સાજો થશે. તેના પુરાવામાં જે ચિહ્ન આપવામાં આવ્યું તે જો કે આપણને અગમ્ય લાગે છે તો પણ તેને કહેવામાં આવ્યું કે છાયાયંત્રમાં પડછાયો દશ અંશ પાછો હઠશે. હિઝકીયાહ સાજો થયો કે તરત જ મરોદાખ બાલઅદાને તેની પાસે

એક એલચી મોકલ્યો. તેનું બાહ્ય કારણ મિત્રાચારી દર્શાવવાનું, પરંતુ ખરી રીતે જોતાં તો રાજકીય હેતુ સાધવાનું હતું. તેને એમ લાગ્યું હશે કે આવા સહકારથી તેઓ બધા બળવત્તર થશે અને એવી રીતે તેઓ ઇષ્ટ મુક્તિ પ્રાપ્ત કરી શકશે. ગમે તેમ હોય તો પણ બાબેલનના રાજાની મહેરબાનીના બાને હિઝકીયાહની એટલી બધી ખુશામત કરવામાં આવી કે "તેણે ખુશ થઇને તેને મૂલ્યવાન વસ્તુઓથી ભરેલો પોતાનો આખો મહેલ, એટલે [તેમાંનું] સોનુંરૂપું, સુગંધીઓ, મૂલ્યવાન તેલ, તથા તેનો આખો મહેલ અને તેના ભંડારોમાં જે જે મળી આવ્યું તે સર્વ દેખાડયું; તેના મહેલમાં કે તેના આખા રાજ્યમાં જે તેણે તેમને દેખાડયું નહિ એવું કંઇ ન હતું" આપણી દૃષ્ટિએ તો પોતાની સમૃદ્ધિનું તેનું છોકરવાદીભર્યું અભિમાન માલૂમ પડે છે; પરંતુ યશાયાહના દૃષ્ટિબિંદુએ તો એ કરતાંએ વિશેષ માલૂમ પડયું. એનો અર્થ તો તે એ કરતો હતો કે આવી રીતે હિઝકીયાહને પ્રજાઓના ઝગડામાં સંડોવીને જે તટસ્થતાની નીતિ પર તેમની સહીસલામતીનો આધાર હતો તેનો ત્યાગ કરાવવામાં આવતો હતો. તેથી પ્રબોધકે રાજાને કહ્યું, કે "યહોવાહનું વચન સાંભળ; એવા દિવસો આવે છે કે જ્યારે તારા મહેલમાં જે સર્વ છે તે, તથા તારા પિતૃઓએ જેનો આજ સુધી સંગ્રહ કરી રાખ્યો છે તે સર્વ, બાબેલમાં લઇ જવામાં આવશે; કંઇ પણ પડતું મૂકવામાં આવશે નહિ. તારા દીકરાઓ કે જેઓ તારામાંથી ઉત્પન્ન થશે, જેઓને તું જન્મ આપશે તેઓને તેઓ લઇ જશે, ને તેઓ બાબેલના રાજાના મહેલમાં ખોજા થશે." હિઝકીયાહ તો ધાર્મિક પુરુષ હતો, તેથી તેણે ઇશ્વરની સનાતન ઇચ્છાને આધીન થઇ માથું નમાવીને કહ્યું, કે "યહોવાહની જે વાત તું બોલ્યો છે તે સારી છે." બાબેલનને લગતી યશાયાહની ભવિષ્યવાણી થોડા જ વખતમાં સાચી પડી. સાન્હેરીબની આગેવાની નીચે એસ્સિરીઅન લોકોએ મરોદાખ બાલઅદાનને હરાવ્યો, અને તેને તેના પાટનગરમાથી હાંકી કાઢવામાં આવ્યો.

સાન્હેરીબે બાબેલનના રાજા પર વિજય મેળવ્યો હતો તેથી હવે તેને જે ખંડિયાં રાજ્યોએ આ બળવામાં સાથ આપ્યો હતો તેઓ પ્રતિ વળવાનો તેને અવકાશ મળ્યો હતો, તેથી હવે તેણે પશ્ચિમમાં ફિનિશિઆ,

પલિસ્તીઓ, યહૂદાહ અને મિસર તરફ કૂચ કરી. હિઝકીયાહ મુશ્કેલ સ્થિતિમાં મૂકાએલો હતો. તેને ભાગ્યે જ શક્ય લાગ્યું હશે કે એસ્સિરીઆનો રાજા બીજા સહકાર કરનાર રાજ્યો સામે ટકી શકશે. જો મિસર તેમની સાથે ખરેખર બળવામાં ભાગ લેવાનું હોય તો તેઓ સહીસલામત રહેશે. હવે યરૂશાલેમમાં એક એવો પક્ષ હતો કે તે યશાયાહની તટસ્થ રાજનીતિનો પ્રખર વિરોધી હતો. તે તો અંતઃકરણપૂર્વક ઉત્તર પ્રતિ વલણ રાખતો હતો, એટલું જ નહિ પણ એસ્સિરીઆને ચાલુ ખંડણી ભરવી પડે તેની વિરુદ્ધ હતો. તે પક્ષ રાજાને પોતા તરફ વાળીને યશાયાહની સલાહની વિરુદ્ધ કરવા તથા પોતાનું દૃષ્ટિબિન્દુ સ્વીકારાવવા શક્તિમાન નીવડયો. રાજા તેમની ઇચ્છાને આધીન થયો, તેથી યશાયાહે નીચે પ્રમાણે પ્રબોધ કર્યો :—

"યહોવાહે કહેલું છે, અફસોસ છે બળવાખોર છોકરાઓને! તેઓ યોજના કરે છે, પણ મારી નહિ; તેઓ પાપ પર પાપ ઉમેરવા સારૂ પેયાર્પણ રેડે છે, પણ તે મારા આત્માને અનુસરીને નહિ. તેઓ મને પૂછયા વિના ફારૂનના બળથી બળવાન થવા સારૂ તથા મિસરની છાયામાં શરણ મેળવવા સારૂ મિસરમાં ચાલ્યા જાય છે! તેથી ફારૂનનું બળ લજ્જારૂપ, ને મિસરની છાયાનું શરણ તમને અપજશરૂપ થશે. જો કે તેના સરદારો સોઆનમાં છે, અને તેના એલચીઓ હાનેસ પહોંચ્યા છે, પણ જે લોકથી તેમને મદદ મળવાની નથી, જેઓ સહાયકારક ને ઉપયોગી થવાના નથી, પણ લજ્જાસ્પદ તથા અપમાનકારક છે, તેમનાથી તેઓ સર્વે લજ્જિત થશે" (યશા. ૩૦ ; ૧–૫).

આમ છતાં હિઝકીયાહે તેમની સાથે સહકાર કર્યો, અને પોતાની ધારણા પ્રમાણે વહેલી બનનાર બાબતોને માટે તેણે તૈયારી કરવા માંડી. શત્રુઓને પાણી ન મળે માટે તેણે તેનું જોડાણ કાપી નાખ્યું; શહેરને કિલ્લેબંધી કરી, અને પડી ગએલા કોટ ફરી બાંધ્યા અને સમાર્યા. તેણે શેરીઓમાં સેનાપતિઓને એકઠા કર્યા, અને તેમની આગળ મહા હિંમત અને આશાભર્યું ભાષણ કર્યું. યશાયાહ જેનો ઇન્કાર કરવા તૈયાર હતો એવી વાતોની બડાઇ હાંકતાં તેણે તેમને કહ્યું, કે "બળવાન

તથા હિંમતવાન થા, એસ્સિરીઆના રાજાથી તથા તેની સાથે જે મહામોટું ટોળું છે તેથી પણ બીતા કે ગભરાતા નહિ. તેની સાથે તો માનવી હાથ છે, પરંતુ આપણી સાથે તો આપણને મદદ કરવા અને યુદ્ધ લડવા માટે આપણો દેવ યહોવાહ છે." આપણને કહેવામાં આવ્યું છે, કે લોકોએ તો "હિઝકીયાહના વચન પર વિશ્વાસ રાખ્યો."

આ અરસામાં સાન્હેરીબ દક્ષિણ તરફના પ્રદેશને ઉજ્જડ કરી રહ્યો હતો. તેણે ફિનિશિઆને ઉથલાવી પાડયું હતું, અને પલિસ્તીઓનાં શહેરો એક પછી એક જીતી લેતો આવ્યો હતો. હવે જ્યારે યહૂદાહ તદ્દન એકલું પડયું હતું ત્યારે તે તેના તરફ વળ્યો. તેણે પોતે કરેલાં કામનું સ્મારક પોતાની પાછળ મૂકયું હતું. તેણે ૪૬ યહૂદી શહેરો, કિલ્લા અને નગરોને ઘેરો ઘાલીને તે જીતી લીધાં હતાં. વળી તે અસંખ્ય ખચ્ચર, ગધેડાં, ઊંટ અને ઘેટાંસહિત જુવાન અને વૃદ્ધ ૨,૦૦,૦૦૦ પુરુષો તથા સ્ત્રીઓને હાંકી ગયો, અને જેમ પક્ષીને પાંજરામાં પૂરવામાં આવે તેમ તે હિઝકીયાહને યરૂશાલેમમાં પૂરતો ગયો એમ તે પોતે કહે છે. વળી આપણને પવિત્ર લેખક કહે છે, કે "હિઝકીયાહે તેને ૩૦ તાલંત સોનું અને ૩૦૦ તાલંત રૂપું એટલે યહોવાહના ઘરમાંથી તથા રાજમહેલના ભંડારમાંથી તેમજ મંદિરના દરવાજા તથા સ્તંભો પરથી ઉખેડી લઇને તે સાન્હેરીબને ખુશ કરવા આપ્યું; તેથી સાન્હેરીબ ત્યાંથી ચાલ્યો ગયો. હવે તો અમે સહીસલામત છીએ અને એસ્સિરીઅન લોકો હવે કદી અમારા પર ચઢી આવવાના નથી એવા વિચારે યરૂશાલેમના લોકો મોજશોખમાં પડયા. તેઓ પોતાના ઘરનાં છાપરાં પર ચઢીને એસ્સિરીઅન લશ્કરને મેદાનના પ્રદેશ તરફ કૂચ કરી જતું જોતા હતા. આ આનંદ કરવાનો સમય નથી એ યશાયાહ તો જાણતો હતો, કારણ કે તેણે તેઓના કરતાં દૂરનું ભાવિ જોયું અને વળી તેઓના વિષે ઇશ્વરનો જે ઊંડો હેતુ હતો તે પણ જોયો.

"તને શું થયું છે વારૂ, કે તારાં સઘળાં માણસો ધાબા પર ચઢી ગયાં છે? અરે, શોરબકોરથી ભરપૂર અને ઘોંઘાટ કરનાર નગર, મોજીલા શહેર, તારા મારેલા તો તરવારથી મારેલા નથી, ને યુદ્ધમાં મરણ પામેલા નથી, તારા સર્વ અધિકારીઓ એકત્ર થઈને નાઠા, તીરંદાજોએ તેમને બાંધ્યા, તારામાંથી જે સર્વ હાથ આવ્યા,

તેઓને એકત્ર બાંધવામાં આવ્યા, તેઓ આઘે નાઠા હતા" (યશા. ૨૨; ૧-૩). "મારા કાનોમાં સૈન્યોના દેવ યહોવાહે કહ્યું, કે ખરેખર, આ અન્યાયનું પ્રાયશ્ચિત્ત તમારા મરણ સુધી થશે નહિ; પ્રભુ સૈન્યોના દેવ યહોવાહે એમ કહ્યું છે" (યશા. ૨૨; ૧૪).

ખરેખર, લોકો જોખમમુક્ત થયા પહેલાં આનંદના પોકાર કરતા હતા. સાન્હેરીબ ભાગ્યે જ યરૂશાલેમ છોડી ગયો હશે એટલામાં તો તેને સ્ફુરી આવ્યું કે જેઓ સહેલાઇથી બળવો કરી શકે એવા માણસોના હાથમાં આવું કિલ્લેબંદીવાળું શહેર મૂકી જવું એ તો સહીસલામતીભર્યું નથી. હજી તો તેને તેના સૌથી બળવાન શત્રુઓને વશ કરવાના હતા તે મિસરનું સૈન્ય તો તેની આગળ જ હતું; આવા સંજોગોમાં તેને એમ લાગ્યું કે યરૂશાલેમને પોતાની પાછળ અજિત મૂકવું એ તો એક જાતનું ગાંડપણ છે. આવા વિચારે લાખીશથી સંદેશિયા મોકલીને શહેરને સંપૂર્ણ તાબે કરવાની માગણી તેણે અતિશય ગર્વભર્યા કઠણ શબ્દોમાં રજૂ કરી મિસરની સહાય પર આધાર રાખવાના તેમના વિચારને તેણે હસી કાઢ્યો, એટલું જ નહિ પણ યહોવાહ પર તેઓ વિશ્વાસ રાખતા હતા તેની પણ તેણે મશ્કરી કરી! વળી તેણે પોતાને યહોવાહનો સંદેશિયો હોવાનો દાવો રજૂ કર્યો અને કહ્યું, કે "શું હું યહોવાહની આજ્ઞા વિના આ જગાનો નાશ કરવા સારૂ તેના પર ચઢી આવ્યો છું? યહોવાહે મને કહ્યું છે કે આ દેશ પર સવારી કરીને એનો નાશ કર." હિઝકીયાહના અમલદારોને એમ લાગ્યું કે આવા શબ્દો લોકોના સાંભળતાં બોલવા જોઇએ નહિ, તેથી તેમણે અરામી ભાષામાં વાટાઘાટ ચલાવવા માગણી કરી. એરિસરીઅન લોકોએ તેમ કરવા ના પાડી અને તેમણે કહ્યું, કે તેઓ માત્ર રાજાની પાસે જ નહિ પણ લોકોની પાસે પણ આવ્યા છે. હિઝકીયાહ બહુ ભયભીત થયો. તેણે પોતાનાં વસ્ત્ર ફાડયાં, અને શોકનાં વસ્ત્ર પરિધાન કરીને તે યહોવાહના મંદિરમાં ગયો. તે ઉપરાંત તેણે છેવટે યશાયાહને પણ મદદ અને સલાહ આપવા વિનંતી કરી. યશાયાહે તો તેને સ્પષ્ટ જવાબ આપ્યો, કે "યહોવાહ કહે છે, જે વચનો તેં સાંભળ્યાં છે, ને જે વડે આશ્શૂરના રાજાના સેવકોએ મારી વિરુદ્ધ દુર્ભાષણ કર્યું છે તેથી તારે બીવું નહિ. હું તેનામાં એક આત્મા મૂકીશ. તે એક

અફવા સાંભળીને પોતાના દેશમાં પાછો જશે; ને ત્યાં હું તેને તરવારથી મારી નંખાવીશ."

આશ્શૂરના સેનાપતિએ તેના રાજા પાસે પાછા જઈને હિઝકીયાહે જે કહ્યું હતું તે તેને કહી સંભળાવ્યું. એજ અરસામાં મિસરનું સૈન્ય મિત્રરાજ્યોને મદદ કરવા આવી પહોંચ્યું હતું, તેથી સાન્હેરીબ યહૂદીઓના વિરોધને લીધે તેમને શિક્ષા કરી શકે એવી સ્થિતિમા ન હતો. તેથી તેણે શહેરને સ્વાધીન કરવાની બીજી માગણી કરી. તેમાં પણ પહેલાંના જેવી જ ઉદ્ધતાઈ હતી અને યહોવાહ પ્રત્યે પહેલાંના જેવો જ તિરસ્કાર પણ રહેલો હતો. એ માગણીનો કાગળ લઈને હિઝકીયાહ યહોવાહના મંદિરમાં ગયો, તેણે તે કાગળ યહોવાહ આગળ ખુલ્લો કર્યો, અને તેની મદદ મેળવવા પ્રાર્થના કરી: "હે ઇસ્રાએલના દેવ યહોવાહ, કરૂબો ઉપર બિરાજમાન, પૃથ્વીનાં સર્વ રાજ્યોનો તું, એકલો તું જ દેવ છે; તેં આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કીધાં છે. હે યહોવાહ, કાન દઈને સાંભળ; હે યહોવાહ, આંખ ઉઘાડીને જો; જીવતા દેવની નિંદા કરનારા સાન્હેરીબનાં વચનો તું સાંભળ. હે યહોવાહ, ખરેખર, આશ્શૂરના રાજાઓએ બીજી પ્રજાઓનો તથા તેમના દેશોનો નાશ કીધો છે, ને તેઓના દેવોને બાળી નાખ્યા છે; કેમકે તેઓ દેવો ન હતા, પણ માણસોના હાથોનું કામ હતું, એટલે તેઓ લાકડાના તથા પથ્થરના હતા, માટે તેઓએ તેમનો નાશ કર્યો છે. હે અમારા દેવ યહોવાહ, હું તારા કાલાવાલા કરૂં છું, કે અમને તેના હાથમાંથી બચાવ, કે પૃથ્વીનાં સર્વ રાજ્યો જાણે કે તું, હે યહોવાહ, તું એકલો જ દેવ છે." આ આતુરતાભરી પ્રાર્થનાનો યશાયાહની મારફતે એસ્સિરીઅનોને એવો પ્રત્યુત્તર મળ્યો કે સાન્હેરીએ જે તિરસ્કાર દર્શાવ્યો છે તે તો ઇસ્રાએલના પવિત્ર દેવની વિરુદ્ધ દર્શાવવામાં આવ્યો છે. વળી ઇસ્રાએલના જે કામનો તેઓ તિરસ્કાર કરે છે તે તો યહોવાહને લીધે જ છે. "શું તેં નથી સાંભળ્યું, કે મેં પુરાતન કાળથી તે [ઠરાવ] કીધો છે, ને પ્રાચીન કાળથી તે ઘાટ ઘડયો છે? હવે કોટવાળાં નગરોને વેરાન કરી નાખીને તેમને ખંડેરના ઢગલા કરવા સારૂ મેં તને ઊભો કીધો છે. તે કારણથી જ તેમના રહેવાસીઓ અશક્ત થઈ ગયા, તેઓ ગભરાઈને

બહાવરા બની ગયા; તેઓ ખેતરના ઘાસ, લીલોતરી, ધાબા પરના ઘાસ તથા પુખ્ત થયા પહેલાં ચીમળાએલા કરશણના જેવા થઇ ગયા. તારૂં નીચે બેસવું, તારૂં બહાર જવું, તારૂં અંદર આવવું, તથા મારા પર તારૂં ક્રોધાયમાન થવું એ સર્વ હું જાણું છું. મારા પર તારા ક્રોધાયમાન થવાને લીધે તથા તારી ઉદ્ધતાઇ મારા સાંભળવામાં આવ્યાને લીધે હું તારા નાકમાં મારી કડી તથા તારા હોઠોની વચ્ચે મારી લગામ ઘાલીને જે માર્ગે તું આવ્યો છે તે માર્ગે થઇને હું તને પાછો ફેરવીશ.'' હિઝકીયાહને તો યહોવાહે ખાતરી આપી કે શત્રુ શહેરમાં પ્રવેશ કરશે નહિ. તે તેની સામે એક બાણ છોડશે નહિ. વળી ઢાલ ધારણ કરીને તેની સામે આવશે નહિ, અને તેની સામે મોરચો માંડશે નહિ.

કાઠિયાવાડમાંના એક નાના રજવાડા કરતાંએ એક નાના દેશે દુનિયાના એ જમાનાના એક સૌથી બળવાન રાજાને એવો જવાબ આપ્યો. સાન્હેરીબે જ્યારે એ પત્ર વાંચ્યો હશે ત્યારે તે કેવો ઝણઝણી ઊઠયો હશે! તે તો તરત જ પાછો વળ્યો, તેની આસપાસ તેણે છાવણી કરી, અને તેને હતું ન હતું કરી નાખવાનો નિશ્ચય પણ કર્યો. "તે રાતે યહોવાહના દૂતે આવીને આશ્શૂરીઓની છાવણીમાંના એક લાખ પંચ્યાસી હજાર માણસોને મારી નાખ્યા; લોકો મોટી સવારે ઊઠયા ત્યારે તે સઘળા મરણ પામ્યા હતા, ને તેમની લાશો ત્યાં પડી રહી હતી." આ બનાવ ઈ. સ. પૂર્વે ૭૦૧ માં બન્યો. આ પરાજય તો સાન્હેરીબને બહુ દુ:ખજનક થઇ પડયો, અને તેની પોતાના દેશ તરફની મુસાફરી પણ બહુ ભારે થઇ પડી. પરંતુ તેને એ કરતાં પણ ભારે પરિણામ ભોગવવાનું હતું, કારણ કે લગભગ ૨૦ વર્ષ પછી જ્યારે તે તેના દેવ નિસ્રોખના મંદિરમાં પૂજા કરતો હતો ત્યારે તેના પુત્રોમાંના બેએ તેને તરવારથી મારી નાખ્યો. પછી જેના વિષે આપણે હવે પછી વાંચીશું એવો તેનો એક બીજો દીકરો નામે એસાર-હાદ્દોન તેની ગાદીએ આવ્યો. યહૂદાહમાં રાજ કરી ગએલા રાજાઓમાંનો સૌથી મોટો અને ઉત્તમ રાજા હિઝકીયાહ પણ સાન્હેરીબના ખૂન પછી થોડાંજ વર્ષો બાદ મૃત્યુ પામ્યો.

પ્રકરણ ૨૩ મું

એક રાષ્ટ્રવ્યાપી સુધારો

(૨ રાજા. ૨૨ : ૨૩. સફાન્યાહ ૧ અને નાહૂમ ૨.)

એક પરાજિત અને નમ્ર બનેલા માણસ તરીકે સાન્હેરીબને યરૂશાલેમની ભાગળ છોડી ગયે ૮૦ વર્ષ વીતી ગયાં હતાં. યશાયાહ અને મીખાહ પણ લાંબી મુદત પર મરણ પામ્યા હતા, અને ઘણાં વર્ષો સુધી પ્રબોધ સાંભળવામાં આવ્યો ન હતો. આ સમય દરમિયાન ઇસ્રાએલી પ્રજા ભ્રષ્ટતાના ઊંડાણમાં ઊતરી પડી હતી અને પોતા પર ન્યાયશાસન વહોરી લીધું હતું. હજી પણ લોકો ઉચ્ચસ્થાનો પર ભજન કરતા હતા, અને વિધર્મીઓના દેવો આગળ અર્પણો ચઢાવતા હતા, પોતાનાં ઘરોનાં ધાબાં પર આકાશી પદાર્થોની પૂજા કરતા હતા, અને યહોવાહ તેમજ મિલ્કોમ એ બન્નેના સોગન ખાતા હતા. તેઓ યહોવાહ પર ભરોસો રાખતા ન હતા. તેઓ માંહોમાંહે કહેતા કે હવે યહોવાહ કશું જ કરતો નથી—ભલું કે ભૂંડું કશું જ કરીએ શકતો નથી. વર્ષો સુધી યહૂદાહની સ્થિતિ આવી હતી.

પરંતુ જે સમયે આ વાર્તા શરૂ થાય છે તે સમયે એટલે ઈ. સ. પૂર્વે ૬૨૧માં એક સારો રાજા રાજ કરતો હતો. તે જુવાન રાજાનું નામ યોશીયાહ હતું. તે તો દુનિયાએ પહેલાં નહિ જાએલા એવા સૌથી મહાન અને સૌથી ટકાઉ સુધારામાંનો એક કરવા નિર્માણ થએલો હતો. અત્યારે તે પચીસછવ્વીસ વર્ષનો હતો, અને તેને રાજ કરતાં ૧૮ વર્ષ વીતી ગયાં હતાં. તેના તેમજ આપણા સર્વના સદ્‌ભાગ્યે તેનો પિતા અને પિતામહ તેના પર કંઇ પણ અસર કરે તે પહેલાં મરણ પામ્યા હતા, તેથી તે તેની માને આશ્રરે ઊછર્યો હતો. તે બાઈ ધાર્મિક હતી એમ જણાય છે. તે ઉપરાંત તે વખતે ઉપસ્થિત થએલા બે પુરુષો યોશીયાહ પર સારી અસર કર્યા વિના રહી શક્યા નહિ. તેઓનાં નામ તો

સફાન્યાહ અને યિર્મેયાહ હતાં. ક્રાંતિને માટે સમય અનુકૂળ હતો. એ ક્રાંતિ ઉતાવળથી થઇ, કારણ કે એક ભારે જોખમ દેશ પર ઝઝૂમી રહ્યું હતું. જ્યાં સુધી પ્રજા બીતી નથી ત્યાં સુધી તે સુધારકની વાત સાંભળવામાં બહુ જ શિથિલ હોય છે. તે જોખમ નીચે પ્રમાણે હતું: એ જમાનાની દેશજાતિઓને અપરિચિત એવા સિથિઅન નામે ઓળખાતા સંખ્યાબંધ જંગલી અને રખડતા ભરવાડો કાળા સમુદ્રની ઉત્તરના ભાગમાં રહેતા હતા. આ અરસામાં તેઓ પોતાનાં અસલ બીડ તજીને વિખેરાઇ ગએલા હતા, અને જે પ્રદેશ વિષે હમણાં આપણે વિચાર કરીએ છીએ તેને ભેલાડી મૂકતા હતા. એ ક્રૂર અને નિર્દય લોકો હજારોની સંખ્યામાં ઊતરી પડયા હતા. તેઓ બહુ જલદ ઘોડેસવાર હતા, તેથી ગામડાં અને શહેરો તેમનાથી બચવા તૈયારી કરે તે પહેલાં તો તેઓ ત્વરિત ગતિથી તેમના પર તૂટી પડતા હતા. કોકેસસ પર્વતના ઘાટોમાં થઇને તેમણે માર્ગ કર્યો હતો, માદીઆ પર હુમલો કર્યો હતો અને એસ્સિરીઅન રાજધાની નીનવેહને પણ ધમકી આપી હતી. વળી તેઓએ મારતે ઘોડે દમાસ્કસ તરફ કૂચ કરી હતી, અને ઇસ્ર્ાએલોનની ખીણને તેમજ પલિસ્તીઓના પ્રદેશને માર્ગે થઇને તેઓના ઘોડાઓના દાબડા યહૂદાહને સીમાડે વાગતા હતા.

આ ત્રાસદાયક ચઢાઇ વિષે સફાન્યાહ પોતાના પુસ્તકના પહેલા અધ્યાયમાં નીચે પ્રમાણે કહે છે :—

"યહોવાહનો મહાન દિવસ નજીક છે, તે નજીક છે, ને બહુ ઝડપથી આવે છે. યહોવાહના દિવસનો સાદ [સંભળાય છે]. તે વખતે બળવાન માણસ પોક મૂકીને રડે છે. તે દિવસ કોપનો દિવસ, દુઃખ તથા સંકટનો દિવસ, ઉજ્જડપણાનો તથા વેરાનપણાનો દિવસ, અંધકારનો તથા ઝાંખનો દિવસ, વાદળાં તથા ગાઢ અંધકારનો દિવસ, કોટવાળાં નગરો વિરુદ્ધ તથા ઊંચા બુરજો વિરુદ્ધ રણશિંગડાનો તથા ભયસૂચક નાદનો દિવસ છે."

જાણે કે યહોવાહ એક મોટો યજ્ઞ તૈયાર કરતો હોય અને તેના અર્પણને માટે યહૂદાહ નિર્મિત થએલો હોય એવી રીતે સફાન્યાહ યહોવાહનું વર્ણન કરે છે. તેણે

મહેમાનોને નહોતર્યા છે, અને હવે તે વેદી પર દેશના રાજકુમારોને, રાજાનાં સંતાનોને તેમજ જે મૂર્તિપૂજકોએ તેનો તિરસ્કાર કર્યો છે તે સર્વને હોમવા તૈયાર છે. એ ન્યાયશાસનનો દિવસ આવી પહોંચે તે પહેલાં પ્રબોધક લોકોને પસ્તાવો કરવા ફરમાવતાં નીચે પ્રમાણે કહે છે :—

"હે પૃથ્વીના નમ્ર માણસો, તમે યહોવાહના હુકમનો અમલ કર્યો છે, માટે તમે તેને શોધો; નેકી[નો માર્ગ] શોધો, નમ્રતા શોધો; કદાચિત યહોવાહના કોપને દિવસે તમને સંતાઇ રહેવાનું સ્થાન મળે."

આ અરજે તો ઈસ્રાએલી પ્રજાની પ્રેરકબુદ્ધિને જાગૃત કરી એમ લાગે છે, કારણ કે યોશીયાહ પોતાનો એક મહાન રાષ્ટ્રિય સુધારો શરૂ કરવા તથા તે પૂર્ણ કરવા શક્તિમાન નીવડયો.

આ પહેલાં ૮૦ વર્ષ અગાઉ હિઝકીયાહે એક સુધારો શરૂ કર્યો હતો, પરંતુ તેનું પરિણામ તો નજીવું નીવડયું હતું; પરંતુ હમણાં જે સુધારો દાખલ કરવામાં આવ્યો તેથી તો આખી ઈસ્રાએલી પ્રજાના ઇતિહાસ પર જ નહિ પણ સારાએ જગત પર અસર થઇ. યોશીયાહે મંદિરનું શુદ્ધિકરણ તથા તેનું સમારકામ કરીને આ સારા કૃત્યની શરૂઆત કરી. મંદિરનું સમારકામ કરતાં કરતાં મુખ્ય યાજક હિલ્કીયાહને એક ઓળિયું જડયું. તે તેણે રાજાના ચિટનીસ શાફાનને બતાવ્યું, અને તેણે તે ઓળિયું રાજાને બતાવ્યું. તે વાંચવાથી રાજા તો ખળભળી ઊઠયો. તેણે પોતાના ચિટનીસને તથા મુખ્ય યાજકને ફરમાવતાં કહ્યું, કે "તમે જઇને આ મળેલા પુસ્તકમાંનાં વચનો વિષે મારે માટે, લોકોને માટે તથા સર્વ યહૂદાહને માટે યહોવાહને પૂછો; કેમકે આ પુસ્તકમાં આપણા વિષે જે લખેલું છે તે પ્રમાણે આપણા પિતૃઓએ કર્યું નથી; આ પુસ્તકની વાતોને તેઓએ કાન દીધા નથી, તે કારણથી યહોવાહનો જે કોપ આપણા પર સળગ્યો છે તે ભારે છે." તેઓ એ વિષે સલાહ પૂછવા હુલ્દાહ નામે પ્રબોધિકા પાસે ગયા. તેણે તેમને કહ્યું કે એ પુસ્તકમાં જે જે લખેલું છે તે બધું જ ખરૂં પડશે, કારણ કે લોકોએ માફ કરી ન શકાય એવાં પાપ કર્યાં છે; પરંતુ તેણે તેજ વખતે રાજાને એવી ખાતરી પણ આપી કે તારી દીનતા તથા તારા અનુતાપને લીધે આ શાસન તારા વખતમાં આવશે નહિ.

જે ઓળિયાએ બધા ઉપર આટલી બધી અસર કરી તે કયું પુસ્તક હશે? હાલ સામાન્ય રીતે એમ સ્વીકારવામાં આવ્યું છે કે એ તો "પુનર્નિયમ"નું પુસ્તક હતું, અથવા તેનો અમુક ભાગ હતો. આ પ્રશ્ન હજી પણ વિદ્વાનોમાં બહુ જ ચર્ચાય છે. પરંતુ આપણે એટલું તો જોઇ શકીએ છીએ કે આ પુસ્તકના અમુક ભાગને આધારે યોશીયાહે ધર્મસુધારો કર્યો હતો. તેમાં દર્શાવેલા શાપને લીધે તે બહુ જ ચિંતાતુર થયો હતો, અને તેમાંની આજ્ઞાઓ તે પાળતો હતો. યોશીયાહે લોકોને એકત્ર કર્યા અને તેમના સાંભળતાં પુસ્તક વાંચવામાં આવ્યું. "રાજા થાંભલાની પાસે ઊભો રહ્યો; ને આ કરારનાં જે વચનો આ પુસ્તકમાં લખેલાં છે તે સર્વને અમલમાં લાવવા સારૂ સંપૂર્ણ મનથી તથા સંપૂર્ણ ભાવથી યહોવાહને અનુસરવાના તથા તેની આજ્ઞાઓ, તેનાં સાક્ષ્ય તથા તેની વિધિઓ પાળવાનો તેણે યહોવાહની આગળ કરાર કર્યો, ને સર્વ લોકો એ કરારમાં સામેલ થયા." તરત જ સુધારો શરૂ થયો. જે પાત્રો બઆલ, અશેરાહ તથા આકાશી પદાર્થોની પૂજા કરવામાં વાપરવામાં આવ્યાં હતાં તેનો મંદિરમાંથી બહાર કાઢીને નાશ કરવામાં આવ્યો. એ દેવોના જે યાજકો તેમજ યહોવાહના જે જૂઠા યાજકો યહૂદાહભરમાં ઉચ્ચસ્થાનોએ એકત્ર થએલા હતા તેમને દબાવી દેવામાં આવ્યા. તેમજ મંદિરમાં વેદીની પાસે જે અશેરાહ અથવા સ્તંભ ઊભાં કરવામાં આવેલાં હતાં તેને બહાર કાઢીને બાળી મૂકવામાં આવ્યાં, અને તેની રાખ સાધારણ માણસોની કબર પર વેરવામાં આવી. પથ્થરના સ્તંભો ભાંગી નાખવામાં આવ્યા, સૂર્યના અશ્વો તથા રથો બાળી મૂકવામાં આવ્યા, અને દેશભરમાંનાં શહેરના દરવાજા આગળનાં ઉચ્ચસ્થાનો જમીનદોસ્ત કરી નાખવામાં આવ્યાં. મુખ્યત્વે કરીને યરોબઆમે જે ઉચ્ચસ્થાન બેથેલમાં ઊભું કર્યું હતું, તેના પર યોશીયાહે નજીકની કબરોમાંનાં હાડકાં બાળીને અશુદ્ધ બનાવી દીધું. આ બધાં જ ધામ તેણે ભવિષ્યમાં કદી પણ ભજન કરવા નાલાયક—ભ્રષ્ટ કરી નાખ્યાં; એ દિવસથી માંડીને યહોવાહની ભજનસેવા કેવળ યરૂશાલેમના મંદિરમાં જ થતી, એ માટે કે ઉચ્ચસ્થાનો પર થતી મૂર્તિપૂજા યહોવાહની ભજનસેવા પર કંઇ પણ અસર કરી શકે નહિ. એ ઉપરાંત રાજાએ આ વખતે જડી

આવેલા પુસ્તકમાં દર્શાવ્યા પ્રમાણે પાસ્ખાપર્વ પાળવાનો નિરધાર કીધો; અત્યાર સુધી તો કૌટુંબિક પાસ્ખા દેશમાં ગમે ત્યાં પાળવામાં આવતું હતું, પરંતુ હવે તો તે યરૂશાલેમમાં જ પાળવા ઠરાવ્યું. આ પર્વ પાળવા સંબંધી કહેવામાં આવ્યું છે, કે "ઇસ્રાએલનો ન્યાય કરનાર ન્યાયાધીશોના સમયથી [તે અત્યાર સુધી], તે ઇસ્રાએલના તથા યહૂદાહના રાજાઓની કારકિર્દીમાં પણ એવું પાસ્ખા પર્વ પાળવામાં આવ્યું જ ન હતું."

એ અરસામાં સિથિઅન લોકો દરિયા કાંઠેના માર્ગે દેશમાં થઇ પસાર થયા હતા, તેમણે યહૂદાહને કંઇ નુકસાન કર્યું ન હતું, પરંતુ જેમ તેમણે ધમકી આપી હતી તેમ મિસર તરફ ગયા હતા. મિસરના રાજાએ તેમને દ્રવ્ય આપીને પાછા કાઢ્યા હતા, તેથી તેઓ એજ રસ્તે ફરીથી કંઇ પણ હરકત કર્યા વગર યહૂદાહમાં થઇ તેમના દેશમાં પાછા ગયા હતા. આ બનાવો સમજવા સારૂ આપણે ઉત્તરમાં તેમની સાથે જઇને યુફ્રેટીસની ખીણમાં થતી લડાઇ વિષે માહિતી મેળવવી જોઇએ. ઈશ્વરના લોકોનો પાછલો ઇતિહાસ ત્યાં થએલી પ્રજાઓની હિલચાલને પરિણામે નિશ્ચિત થયો હતો. ૧૦૦ વર્ષો કરતાં વધુ સમયથી આશ્શૂર દુનિયામાં સૌથી બળવાન સત્તા ધરાવતું આવ્યું હતું, તે તો પોતાને 'દેશજાતિઓની રાણી' કહેવડાવતું હતું, અને પોતાની આજુબાજુના પ્રદેશના લોકો પર લોઢાના દંડથી રાજ કરતું હતું. પરંતુ તેના જુલમી રાજ્યને લીધે તેના તાબાની પ્રજાઓમાં ક્રોધાવેશ ઉત્પન્ન થયો હતો, તેથી તેઓ હમેશાં તેની સામે કાવતરાં કરતી હતી. આજ અરસામાં બાબેલમાં વસતા લોકોમાં અને તેજ ખીણના બીજા લોકો વચ્ચે કજીઓ ઊભો થયો હતો. એસ્સિરીઅન રાજાએ પોતાના ભાઇને બાબેલનનો હાકેમ નીમ્યો હતો, તેમ છતાં તે આશ્શૂરની ધૂંસરી ફેંકી દેવાના વિચાર કરતો હતો. એ હેતુ સિદ્ધ કરવા સારૂ તેણે પાસેનાં રાજ્યોનો સહકાર મેળવ્યો હતો, કેમકે તે રાજ્યો પણ આશ્શૂરના જુલમથી કંટાળી ગયાં હતાં. આથી આશ્શૂરના રાજાએ બાબિલન તરફ કૂચ કરી અને ભારેમાં ભારે ક્રૂરતા દર્શાવીને બળવો સમાવી દીધો. પરંતુ જે પ્રજાઓને સ્વાતંત્ર્ય વહાલું હોય છે તેમને સહેલાઇથી તો કચડી નાખી શકાતી નથી. તેઓ ફરીથી ઊભી થઇ, અને તેમણે નીનવેહ પર હુમલો કર્યો. શું ગર્વિષ્ઠ, અભિમાની

અને ક્રૂર "દેશજાતિઓની રાણી"ને ઉથલાવી પાડવી એ શક્ય છે? એ પ્રશ્ન યહૂદાહના ધાર્મિક પુરુષો માંહોમાંહે પૂછતા હતા.

ન્યાયીપણાના દેવ અને પોતાના લોકોના મિત્રે આવા સમર્થ જાલીમનું કેવી રીતે સહન કર્યું એનો ખુલાસો કરવા યહૂદાહના ધાર્મિક પુરુષો કદી પણ શક્તિમાન નીવડ્યા ન હતા. તેઓને એમ લાગતું હતું કે અમારી બધી જ મુશ્કેલીઓનો ઉકેલ અને અમારી બધી જ પ્રાર્થનાનો પ્રત્યુત્તર હવે આવતો હતો. પ્રબોધક નાહૂમ તેમને ઈશ્વરનાં વચનો કહે છે. તે તો ઘેરાનું અદ્ભુત વર્ણન કરે છે (અધ્યાય ૨): નગરની શેરીઓમાં રથો સમુદ્રનાં મોજાંની પેઠે ફરી વળ્યા છે, તેઓ એકબીજા સાથે અથડાય છે, તેઓ તો મશાલો જેવા છે અને વીજળી વેગે દોડી રહ્યા છે. શહેરનો બચાવ કરનારા લોકો પોતાના સૌથી વીરપુરુષોને આહ્વાન કરે છે, તેઓ દુશ્મનોને હાંકી કાઢવા કોટ પર દોડાદોડી કરી રહ્યા છે, નદીઓનાં દ્વાર ખોલી નાખવામાં આવ્યાં છે, અને નિરાશાજનક રીતે રાજભુવનનો ભૂકો કરી નાખવામાં આવ્યો છે. એ સર્વનો ખુલાસો પ્રબોધક આ પ્રમાણે કરે છે: એ તો પોતાના લોકના શત્રુઓની સામે ઈશ્વરે લીધેલો બદલો છે.

"યહોવાહ આવેશી દેવ છે ને તે બદલો લેનાર છે; યહોવાહ બદલો લે છે, તે કોપાયમાન થયો છે; યહોવાહ પોતાના વેરીઓને બદલો આપે છે, ને તે પોતાના શત્રુઓને માટે [કોપ] સંઘરી રાખે છે. યહોવાહ કોપ કરવામાં ધીમો ને મહા પરાક્રમી છે, તે [દોષિતને] કોઈપણ રીતે નિર્દોષ ગણનાર નથી; યહોવાહનો માર્ગ વંટોળિયામાં તથા તોફાનમાં છે, ને વાદળાં તેના પગની રજ છે. તે સમુદ્રને ધમકાવીને તેને સુકો કરી નાખે છે, ને નદીઓને સૂકવી નાખે છે; બાશાન ઝૂરે છે, ને કાર્મેલ તથા લબાનોનનું ફૂલ કરમાય છે. પર્વતો તેને દેખીને કાંપે છે, ને ડુંગરો પીગળી જાય છે; તેની આગળ પૃથ્વી, હા, જગત તથા તેના સર્વ રહેવાસીઓ હાલી ઊઠે છે. તેના રોષ આગળ કોણ ઊભું રહી શકે? ને તેના કોપના આવેશ સમયે કોણ ટકી શકે? તેનો ઉગ્ર ક્રોધ અગ્નિની પેઠે રેડાય છે, ને તેનાથી ખડકો તૂટીને તેમના કકડા થઈ જાય છે. યહોવાહ સારો છે, સંકટ સમયે તે ગઢરૂપે છે; ને તેના પર ભરોસો રાખનારાઓને તે ઓળખે છે. પણ ફરી વળતી રેલથી પોતાના શત્રુઓના સ્થાનનો તે સંપૂર્ણ અંત લાવશે, ને તેઓ અંધકારમાં આવી પડે ત્યાં સુધી તે તેઓની પૂઠે પડશે."

ઈશ્વર તેમના દુ:ખી દિવસોમાં તેમનું કેવી રીતે રક્ષણ કરતો આવે છે એ તેઓ જાણે માટે આ બધું તે પોતાના દેશબંધુઓને કહે છે. હવે પર્વતો પર ઉતાવળે

આવતા લોકોને તે જુએ છે અને તેમનો સંદેશો આ પ્રમાણે છે :—

"જુઓ, વધામણી લાવનારનાં, શાંતિની જાહેર ખબર આપનારનાં પગલાં પર્વતો પર [દેખાય છે]! હે યહૂદાહ, તારાં પર્વો પાળ, તારી માનતાઓ પૂરી કર; કેમકે હવે પછી કોઈ દુષ્ટ માણસ તારી અંદર થઈને કદી જશે નહિ; તેનું નિકંદન થયું છે."

નીનવેહનો ઘેરો બે વર્ષ પહોંચ્યો. દરમિયાન આજુબાજુનાં રાજ્યોને એવી આશા ઊપજી કે તેઓ પોતાનું સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરશે, એટલું જ નહિ પણ ખોએલા પ્રાંતો પણ પાછા મેળવશે. યોશીયાહ રાજાએ પાલેસ્ટાઇનની ઉત્તરના પ્રાંતો પર પોતાની સત્તા ફેલાવી. એ તો ઇસ્રાએલનો પ્રાચીન પ્રદેશ હતો. મિસરના રાજાએ પણ ધાર્યું કે જગત પર સત્તા જમાવવાની આ એક સારી તક છે. સર્વોપરીપણું પ્રાપ્ત કરવા સારૂ આશ્શૂર અને મિસર લાંબા વખતથી હરીફાઇ કરી રહ્યા હતાં. હવે મિસરને અનુકૂળ તક હતી. તેથી ફારૂન નકોહે ઇસ્રાએલોનની ખીણમાં થઇને યુફ્રેટીસ તરફ કૂચ કરી. યોશીયાહે તો ધાર્યું કે આ તો મારા પ્રદેશ પર ચઢી આવે છે, તેથી તેનો સામનો કરવા તે તેની સામે ગયો. કાર્મેલની ગિરિમાળાના ઢોળાવ પર આવેલા મગિદ્દો આગળ બંને લશ્કરોનો ભેટો થયો. મિસરીઓએ યોશીયાહનો સંપૂર્ણ પરાભવ કર્યો. તે પોતે મરણ નીપજે એવી રીતે ઘાયલ થયો. તેના મૃત દેહને એક રથમાં મૂકીને તેના સેવકો મગિદ્દોથી યરૂશાલેમ લઇ ગયા, અને તેને તેની પોતાની કબરમાં દફનાવ્યો. યોશીયાહ તો યહૂદાહના બધા રાજાઓમાં સૌથી લોકપ્રિય હતો. ઇતિહાસકારની સાથે આપણે પણ સંમત થઇ શકીએ છીએ કે, "જે પોતાના સંપૂર્ણ મન, ભાવ તથા બળથી મુસાના સઘળા નિયમશાસ્ત્ર પ્રમાણે યહોવાહને વળગી રહ્યો હોય એવો તેના જેવો કોઇ પણ રાજા તેની પહેલાં થયો ન હતો ને તેના પછી પણ તેના જેવો કોઇ થયો નથી."

પ્રકરણ ૨૪મું

યિર્મેયાહ

(૨ રાજા. ૨૩ ; ૩૧–૩૭ ; ૨૪ અને યિર્મેયાહ ૨૨.)

જૂની દુનિયા પર સર્વોપરીપણું મેળવવા માટે નીનવેહના કોટની આજુબાજુ જ્યારે યુદ્ધ મચી રહ્યું હતું, અને જ્યારે ફારૂન નકોહ સીરીઆને પાયમાલ કરી રહ્યો હતો, ત્યારે યોશીયાહ મરણ પામ્યો. એ અરસામાં યહૂદાહની ગાદીએ બેસવું એ કંઇ જેવું તેવું કામ નહોતું. તેમ છતાં કોઇએકને તો રાજા તરીકે નીમવાનો હતો જ, તેથી લોકના આગેવાનોએ અમુક કારણોને લીધે યહોઆહાઝને પસંદ કર્યો. તે મરહૂમ રાજાનો બીજો પુત્ર હતો. ત્રણ મહિના પછી મિસરના રાજાએ તેને ગાદી પરથી ઉઠાડી મૂક્યો, અને તે તેને બંદીવાન તરીકે મિસરમાં લઇ ગયો. તેનું ભાગ્ય તેના પિતાના કરતાંએ વધુ કરુણાજનક નીવડ્યું. તે સંબંધી કહ્યું છે, કે :

"મૂએલાને માટે ન રડો, તેને માટે શોક ન કરો ; પણ જે [સ્વદેશમાંથી] જાય છે તેને માટે બહુ રડો, કેમકે તે પાછો આવશે નહિ. તે પોતાની જન્મભૂમિને ફરી જોવા પામશે નહિ."

જેણે યોશીયાહના રાજ્યકાળમાં ઘણી જ અસર કરી હતી અને જે રાષ્ટ્રિય સુધારા વિષે આપણે વાંચી ગયા છીએ એને માટે બેશક, જેણે ભૂમિકા તૈયાર કરવામાં ઘણી જ મદદ કરી હતી તે પ્રબોધક યિર્મેયાહે ઉપર પ્રમાણે વિલાપ કર્યો હતો. તેની ઉંમર આશરે ૪૦ અને ૫૦ વર્ષની વચ્ચે હતી, અને યહૂદાહના રાજ્યનાં છેલ્લાં ૨૦ વર્ષ દરમિયાન એક આગળ પડતા રાજદ્વારી પુરુષ અને ઉપદેશક તરીકે તે જાણીતો થવાનો હતો. લોકોને તેમના સહીસલામતીનો એક જ માર્ગ બતાવવાનું, તેમજ તેમને નાશ વહોરી લેતા જોવાનું, વળી યહોવાહનું સત્ય લોકોને કહેવાનું, તથા એક ખોટી વાત તરીકે લોકોની ઉપેક્ષા તેને સાંભળવાનું અને વળી તે

જમાનાના જૂઠા પ્રબોધકોનાં વચનો માનતા તેમને જોવાનું એ બધું તેના ભાગ્યમાં હતું. યિર્મેયાહ તો એક દેશભક્ત હતો અને પોતાના દેશબંધુઓને તે ઊંડા પ્રેમથી ચહાતો હતો. તોપણ તેમને કચડી મારનાર શત્રુ તેમને માથે ગાજતો હતો. તેમ છતાં તેમને મોઢામોઢ ખબર આપવાની તેની ફરજ હતી. તેણે તેમનો બચાવ કરવા ઇચ્છયું, તોપણ સાધારણ રીતે તેના પર તેઓએ વાજબી રીતે આરોપ મૂકયો કે તે તો શહેરનો બચાવ કરવા લડતા નબળા માણસોને નાહિંમત બનાવી દે છે. આ કરતાં વધુ કરુણાત્મક ભાવિ બીજું કલ્પી શકાય નહિ. તેમ છતાં યિર્મેયાહ યહોવાહ તથા પોતાના લોકો પ્રતિની ફરજ બજાવવા ચૂકયો નહિ એમાં તેનું ગૌરવ રહેલું છે. હવે પછીના સમયના ઇતિહાસનો બાકીનો ભાગ રાજાઓ સાથે નહિ, પરંતુ યિર્મેયાહ સાથે સંબંધ રાખે છે.

ફારૂન નકોહે યહોઆહાઝને ગાદી પરથી ઉઠાડી મૂકયા પછી તેના મોટા ભાઇ યહોયાકીમને મિસરના એક ખંડિયા રાજા તરીકે ગાદીએ બેસાડયો. તે પછી તરત જ લોકો એવી અભિલાષાથી ભરપૂર થયા હતા કે હવે અમારે માટે આબાદીનો એક લાંબો સમય શરૂ થયો છે. એ જાતની ભ્રમણામાં તેઓ આવી ધારણા કરતા હતા: તેઓએ ધાર્યું કે શહેરની મધ્યમાં મંદિર આવેલું હોવાથી યહોવાહ તેઓની મધ્યે છે એ તેનો એક પુરાવો છે. એ તેનું મંદિર છે, અને જ્યાં સુધી તે ત્યાં છે ત્યાં સુધી યહોવાહ પણ ત્યાં છે, અને વળી જ્યાં સુધી ઇશ્વર તે ઇશ્વર જ છે ત્યાં સુધી તેણે શહેરનું તથા પોતાનું ભજન કરનારાંનું રક્ષણ કરવું જ જોઇએ. ઇશ્વર તો જેઓ ન્યાયીપણું આચરે છે, અને જેઓ સત્ય અને દયા ચાહે છે તેમની જ સાથે રહે છે. પ્રબોધકોના એ શિક્ષણનો પાઠ તેઓ હજી સુધી ભણ્યા ન હતા. તે ઉપરાંત તેઓ એવી ભ્રમણામાં પણ હતા કે હવે અમને મિસરનો સાથ છે તેથી અમે સહીસલામત છીએ. એક પરાક્રમી મિત્ર રાજાએ તેમજ તેમના જુવાન અને શક્તિમાન રાજાએ તેમનાં મન આશાથી ભરી દીધાં હતાં. વિશાળ ઓરડાવાળો, સુગંધીદાર છતવાળો અને લાલ હિંગળોક રંગે રંગેલા મહેલનો પાયો નાખીને રાજા પણ લોકોની આશામાં સહભાગી થયો છે એવું તેણે બતાવ્યું. તે મહેલ તો યરૂશાલેમના ગરીબ લોકો પાસે

"વેઠ કરાવીને" બાંધવામાં આવ્યો હતો. તેથી જે ગુસ્સા અને ઉપેક્ષાથી પ્રબોધક તેના વિષે બોલ્યો તે આપણે સમજી શકીએ છીએ.

એક દિવસે ઘણા લોકો મંદિરના ચોકમાં એકઠા થયા હતા. યહોયાકીમની કારકિર્દીમાં તેઓનો જે સુખદાયી પલટો થયો હતો તેના આનંદથી તેઓ ભરપૂર હતા. એટલામાં યહોવાહનો સંદેશો લઇને યિર્મેયાહ એકાએક તેઓની પાસે હાજર થયો. તે પોકારી ઊઠયો, કે "ન્યાયથી તથા પ્રામાણિકપણાથી ચાલો, અને લૂંટાએલાને જુલમગારના હાથમાંથી છોડાવો, પરદેશી, અનાથ તથા વિધવા પર અન્યાય કે બળાત્કાર ન કરો, ને આ સ્થાનમાં નિર્દોષ રકત ન પાડો." વળી તેણે આગળ વધીને તેઓને યહોવાહને નામે કહ્યું, કે મંદિર તમારૂં રક્ષણ કરવાનું નથી, વળી તેથી એમ પણ ન જાણવું, કે યહોવાહ તમારા પક્ષમાં છે: "જો તમે આ વચનો માનશો નહિ તો યહોવાહ કહે છે કે હું પોતાના સમ ખાઇને કહું છું કે આ મહેલ ઉજ્જડ થઇ જશે.'' તે પછી તે રાજા તથા તેના નવા મહેલ પર, ગરીબ કારીગરો પરના તેના જુલમ પર, તેના મહેલના વિશાળ ઓરડાઓ તથા તેની સુગંધીદાર લાકડાની છત પર તેમજ તેમાંના રાતા રંગ પર તુચ્છકાર વરસાવે છે. તે કહે છે, કે "તું એરેજકાષ્ટના [મહેલો બાંધીને] પ્રખ્યાતિ મેળવવા ઇચ્છે છે, એથી શું તારૂં રાજ્ય ટકશે?"

માટે યહૂદાહના રાજા અને યોશીયાહના પુત્ર યહોયાકીમ વિષે યહોવાહ નીચે પ્રમાણે કહે છે:—

"તેને માટે, ઓ મારા ભાઈ, અથવા, ઓ [મારી] બહેન, એવું બોલીને લોક રડાપીટ કરશે નહિ; અને, ઓ [મારા] સ્વામી, અથવા અરે! તેની કેવી જાહોજલાલી! એવું બોલીને તેઓ તેને માટે રડાપીટ કરશે નહિ. તેને યરૂશાલેમની ભાગળોની બહાર ઘસડીને ફેંકી દેવામાં આવશે, ને ગધેડાને દાટવામાં આવે છે તેમ તેને દાટશે."

યહોયાકીમના રાજ્યકાળના પહેલા જ વર્ષમાં નીનવેહનું પતન થયું. હવે પશ્ચિમ એશિયામાં એકલું બાબિલન સર્વોપરી સત્તાધારી રહ્યું. છતાં હજી જૂની દુનિયામાં સર્વોપરીપણાના હરીફ તરીકે મિસર ઊભું હતું, અને યુદ્ધ કર્યા વગર તે

પોતાની પાસેથી સર્વોપરીપણું જવા દે એવું ન હતું. તેથી ફારૂન નકોહે બાબિલનની જીતને ખાળવા માટે ઉત્તર તરફ કૂચ કરી. યુફ્રેટીસ નદીના ઉપલા ભાગમાં આવેલા કાર્કેમીશ આગળ બંને લશ્કરનો ભેટો થયો. યિર્મેયાહની ભવિષ્યવાણી પ્રમાણે ત્યાં મિસરનો સંપુર્ણ પરાભવ થયો. ૪૬મા અધ્યાયમાં તે તેનું વર્ણન આ પ્રમાણે કરે છે: "મેં તેઓને ગભરાએલા તથા પાછા હઠેલા દીઠા એ કેમ? તેઓના શૂરવીરો હારી ગયા છે, તેઓ ઝડપથી નાઠા છે, ને પાછું ફરી જોતા નથી, ચારે તરફ ભય છે એવું યહોવાહ કહે છે." જે સાંભળે છે તે પ્રત્યેક એમ પૂછે કે એનો અર્થ શો છે? ત્યારે પ્રબોધક પ્રત્યુત્તર આપે છે કે "સૈન્યોના પ્રભુ યહોવાહનો પોતાના શત્રુઓ પાસેથી બદલો લેવાનો આ દિવસ છે."

ઈ. સ. પૂર્વે ૬૦૫માં કાર્કેમીશ આગળ થએલો મિસરનો પરાજય યહૂદાહને એક ભારે ફટકા સમાન હતો, કારણ કે મિસર તો તેનું સત્તાધીશ રાજ્ય હતું. યહૂદાહ સારી પેઠે સમજી ગએલું હતું કે હવે તે વિપત્તિમાં આવી પડયા વિના રહેવાનું નથી; કારણ કે મિસરનાં ખંડિયાં રાજ્યોને જીત્યા વગર બાબિલન રહેવાનું જ ન હતું. વિજેતાઓનું એક મોટું સૈન્ય એક ભયાનક રેલની પેઠે સીરીઆ તરફ વળ્યું. તે ગાલીલ, સમારીઆ, યહૂદાહ અને પલિસ્તીઆમાં થઇ મિસરના સીમાડા સુધી ફરી વળ્યું. એ લશ્કરનો નેતા બાબેલના રાજાનો પુત્ર નબુકદનેસ્સાર હતો. શત્રુને નજીક આવતો જોઇને યરૂશાલેમના લોકોને કેવો ધ્રાસ્કો પડ્યો હશે એ આપણે સહેલાઇથી કલ્પી શકીએ છીએ. જ્યારે દુશ્મન નજીક આવી પહોંચ્યો ત્યારે છેવટ સુધી લડવું કે શરણે જવું એ વિષે તેઓ ચર્ચા કરતા હતા. એક પક્ષે કહ્યું, કે "બાબિલન સાથે સલાહ કરો, નહિ તો આપણે નાશ પામીશું." ત્યારે બીજા પક્ષે કહ્યું, કે "યરૂશાલેમ વિધર્મીઓના હાથમાં પડી શકતું નથી, કારણ કે તે તો ઇશ્વરનું નગર છે, તેનું મંદિર તેમાં છે, અને જ્યાં સુધી ત્યાં ઇશ્વર રહે છે ત્યાં સુધી તેનો નાશ કરી શકાવાનો જ નથી." આ ગરમાગરમ ચર્ચા ચાલી રહી હતી ત્યારે યિર્મેયાહે પોતાની બધી જ શક્તિઓસહિત એક વાર ફરીથી તેમાં ભાગ લીધો. તે આવ્યો તે વખતે ઘણા લોકો મંદિરના ચોકમાં એકઠા થયા હતા. તેણે ઇશ્વરને નામે જાહેર કર્યું, કે "જો તમે મારા નિયમાનુસાર ચાલવા મારૂં વચન સાંભળશો નહિ તો હું આ ઘરને શીલોહના જેવું અને

આ શહેરને પૃથ્વીની તમામ દેશજાતિઓમાં શાપરૂપ કરી નાખીશ." આવાં વચન કહેવાથી શત્રુઓની સામે ટકી રહેવા માટે લોકોને કશી જ મદદ મળે એવો સંભવ ન હતો. આ શબ્દોને લીધે લોકો ક્રોધમાં ગાંડા જેવા થઇ ગયા, અને પ્રબોધકની સામે થયા. તેઓએ તેના પર હુમલો કર્યો. યાજકો, જૂઠા પ્રબોધકો તથા લોકોએ તેને પકડીને કહ્યું, કે "તું જરૂર માર્યો જશે." આ શોરબકોર સાંભળીને શું બન્યું છે તે જાણવા માટે રાજમહેલમાંથી રાજકુમારો ત્યાં ધસી ગયા. તેઓની આજુબાજુ હુલ્લડખોર લોકોની ઠઠ જામી, અને તેઓ પોકારી ઊઠયા, કે "એ માણસને દૂર કરો, તે મરણ પામવા જોગ છે." યિર્મેયાહે કહ્યું, કે મેં તો માત્ર ઇશ્વરનાં વચન પ્રકટ કર્યાં છે. વળી પોતા સંબંધી કહું તો હું તો તમારા હાથમાં છું. ભલે, જોઇએ તો મને મારી નાખો, પરંતુ એટલું યાદ રાખજો કે એથી માત્ર તમારા અપરાધોમાં વધારો જ થવાનો છે. એ સત્ય વાત સાંભળવાથી રાજકુમારો પર સારી અસર થઇ, અને તેમણે હુકમ કર્યો, કે "આ માણસે માર્યો જવા જોગ કશું જ કર્યું નથી."

આક્રમણ કરતું લશ્કર યરૂશાલેમ પહોંચ્યું તે પહેલાં તો બાબિલનનો રાજા મરણ પામ્યો. પોતાને ગાદી મળે એ નક્કી કરવાને માટે તેનો પુત્ર નબૂકદનેસ્સાર ઉતાવળથી રાજધાનીમાં પાછો ગયો. પૂર્વમાં બખેડો ઊભો થયો તેથી થોડા વખત સુધી સીરીઆ અને પાલેસ્ટાઇનને જે કરવું હોય તે કરવા દેવું પડયું હતું. આથી તેઓના મનમાં એવો મૂર્ખાઇભર્યો વિચાર આવ્યો કે બળવો કરવાથી અમે હજુ પણ સ્વતંત્ર થઇ શકીએ છીએ. આ બળવામાં યહોયાકીમ તેમની સાથે જોડાયો. આવી રાજનીતિને લીધે ખરાબ પરિણામ આવશે તે રાજાને શીખવવા કોઇ શક્તિમાન ન હતું એમ દેખાય છે. ઇશ્વર ગમે તે આપત્તિ મોકલે, અને પ્રબોધક તેને ગમે તે ચેતવણી આપે તોપણ તે નહિ જ સમજે. પરંતુ એટલા માટે પ્રબોધક કંઇ અટકયો નહિ. લોકોના સાંભળતાં વાંચી શકાય માટે તેણે પોતાના પ્રબોધનો એક પુસ્તકરૂપે સંગ્રહ કર્યો. એ વખતે એક મોટો ઉત્સવ ઊજવવાનો હતો. તેમાં ભાગ લેવા માટે યહૂદાહનાં બધાં જ નગરોમાંથી લોકોનાં ટોળેટોળાં મંદિરના ચોકમાં એકઠાં થયાં હતાં. તે વખતે યિર્મેયાહના ચેલા બારૂખે તેમાં રસ્તો કરી તેણે અંદરના દરવાજા

આગળ ઊભા રહીને ઈશ્વરનાં વચનો મોટેથી વાંચી સંભળાવ્યાં. જે બન્યું તે રાજકુમારોને કહી સંભળાવવા માટે કોઈ એક જણ દોડયો, તેઓએ તરત જ એ પુસ્તક લઈને બારૂખને બોલાવ્યો. જ્યારે તેઓએ તેમાંનાં વચનો સાંભળ્યાં ત્યારે તેમણે ઈશ્વરનો શો સંદેશો છે તે રાજાને પણ જણાવવાનો નિશ્ચય કર્યો. શિયાળાની મોસમ ચાલતી હતી, તેથી રાજા એક સગડી પાસે તાપતો એક ઓરડામાં બેઠો હતો. તેણે તે પુસ્તક પોતાને વાંચી સંભળાવવા કહ્યું. જ્યારે ફકરા પછી ફકરા વંચાતા ગયા ત્યારે તેણે તે ચપ્પુ વડે કાપી કાઢીને અગ્નિમાં નાખ્યા. રાજકુમારોને લાગ્યું કે આ કામ તો પવિત્ર વસ્તુને ભ્રષ્ટ કરવાનો અપરાધ છે, ત્યારે તેમણે રાજાને તેમ કરતાં વારવા પ્રયત્ન કર્યો, પરંતુ તેનો કશો જ પ્રત્યુત્તર ન વાળતાં તે બધું જ બળી રહ્યું ત્યાં સુધી તે પોતાની હઠને વળગી રહ્યો. પુસ્તક બાળી મૂકવાનું કામ પૂરું થયું કે તરત જ તેણે યિર્મેયાહ તથા બારૂખની ધરપકડ કરવાનું ફરમાન કર્યું. પરંતુ તેઓને તો 'ઈશ્વરે સંતાડી દીધેલા' હતા તેથી મળી શક્યા નહિ. ઈશ્વર કે તેનો કોઈ પણ પ્રબોધક આ રીતે તો અટકી શકે જ નહિ. યિર્મેયાહે એક બીજું ઓળિયું લઈને તેમાં પુસ્તકનો ફરીથી ઉતારો કરવા બારૂખને ફરમાવ્યું. તે આખું પુસ્તક ફરી ચર્મપત્રમાં ઉતારવામાં આવ્યું. "તેમાં એ સિવાય બીજાં ઘણાં વચનો ઊમેરવામાં આવ્યાં હતાં." આ પરથી પ્રબોધકને એવી ખાતરી થઈ હતી કે હવે પોતાના દેશનો બચાવ થવો એ અશક્ય છે. રાજા તેમજ સમસ્ત પ્રજાનાં હૃદય કઠણ બની ગયાં હતાં, તેમના કાન બહેર મારી ગયા હતા, અને તેઓની આંખો આંધળી બની ગઈ હતી, રખેને તેઓ પોતાની આંખોએ જુએ, પોતાના કાનો વડે સાંભળે, અને પોતાનાં અંતઃકરણ વડે સમજે, પાછા ફરે અને તેમને સાજા કરવામાં આવે.

હવે નબૂખદનેસ્સાર યરૂશાલેમ તરફ આગળ વધ્યો. દરમિયાન કાસ્દીઓ તથા અરામીઓનાં ટોળાં આખા યહૂદાહમાં ત્રાસ વર્તાવતાં હતાં, અને લોકોને શહેરમાં આશ્રય લેવા તેમણે હાંકી મૂક્યા હતા. બાબેલનું લશ્કર ત્યાં પહોંચ્યું તે પહેલાં તો યહોયાકીમ મરણ પામ્યો હતો, અને તેનો પુત્ર યહોયાકીન ગાદીએ આવ્યો હતો. નબૂખદનેસ્સારનું લશ્કર દક્ષિણ તરફ કૂચ કરીને છેવટે યરૂશાલેમને વીંટળાઈ વળ્યું. તેની સામે

થવું એ નકામું હોવાથી યહોયાકીન (અથવા કોન્યાહ—એ નામે તે કોઇ વાર ઓળખાતો) બાબિલનના રાજાની પાસે બહાર ગયો. "તેણે યહોયાકીનને, તેની માને, તેના દાસોને, તેના કારભારીઓને તથા દેશના મુખ્ય માણસોને પકડીને યરૂશાલેમથી બાબેલ લઇ જઇને તેમને ગુલામ બનાવ્યાં. સઘળા બળવાન પુરુષો એટલે સાત હજાર, અને એક હજાર કારીગર તથા કસબી માણસો જેઓ મજબૂત તથા યુદ્ધને માટે લાયક હતા તે સર્વને બાબેલનો રાજા બંદીવાન કરીને બાબેલ લઇ ગયો." યિર્મેયાહે તે વિષે લખ્યું છે, કે "હે ભૂમિ, ભૂમિ, ભૂમિ, તું યહોવાહનું વચન સાંભળ. યહોવાહ કહે છે કે લખી રાખો કે આ પુરુષ નિઃસંતાન જશે, ને આખી જિંદગીમાં તે કદી સુખી થશે નહિ, અને તેના વંશમાંનો કોઇ પુરુષ દાઊદના રાજ્યાસન પર બેસીને તથા યહૂદાહમાં અધિકાર ચલાવીને આબાદ થશે નહિ" (યિર્મે. ૨૨ ; ૨૯, ૩૦).

પ્રકરણ ૨૫ મું

યરૂશાલેમનું પતન

(૨ રાજા. ૨૪; ૧૮ અને ૨૫. યિર્મેયાહ ૨૯ અને ૩૯મો અધ્યાય.)

નબૂખદનેસ્સારે યોશીયાહના ત્રીજા પુત્ર સિદકીયાહને યહૂદાહની ગાદીએ બેસાડયો. તે ૨૧ વર્ષની વયનો હતો. એક જુવાન પુરુષ તરીકે તેણે બાબેલના ખંડિયા રાજા તરીકેની પદવી ખુશીથી સ્વીકારી લીધી. આ અનિવાર્ય સંજોગોને આધીન થવાનું તથા દેશમાં આંતરિક સુધારો કરવા ધ્યાન આપવાનું પણ ઉત્તેજન યિર્મેયાહે તેને બેશક આપ્યું, એ નિ:શંક છે. પરંતુ બીજા માણસો પણ તેના કાન ફૂંકતા હતા. હવે કયે રસ્તે જવું એ નક્કી કરવાનું કામ આ જુવાન રાજાને માટે મુશ્કેલ હતું. બાહોશ માણસોને બંદીપ્રવાસમાં લઇ જવાયાને લીધે શહેરનો કારભાર ઊતરતી પંક્તિના માણસોના હાથમાં આવ્યો હતો. તેઓએ રાજા પર અસર કરવા પોતાથી બનતું બધું જ કર્યું. એટલામાં યહૂદાહની આજુબાજુ વસતી પ્રજાઓના રાજાઓના મનમાં એક વાર ફરીથી એવો વિચાર આવ્યો, કે બાબિલનની ધૂંસરી ફેંકી દેવાનો સમય આવી પહોંચ્યો છે. અદોમ, મોઆબ, આમ્મોન, તુર અને સીદોનના રાજાઓએ પોતાનું સ્વાતંત્ર્ય પાછું પ્રાપ્ત કરવા એક થવાનો સંદેશો સિદકીયાહને મોકલ્યો. એ આમંત્રણનો સ્વીકાર ન કરવા યિર્મેયાહે ઈશ્વરને નામે રાજાને વિનંતી કરી, અને અસરકારક રીતે વાંધો લીધો. તેણે તેને ખાતરીથી કહ્યું કે આ બળવાના પરિણામે બાબિલનને હાથે તેમનો નાશ થશે. તેણે તેને વિનંતી કરી, કે "તમે તમારી ગરદનો પર બાબેલના રાજાની ઝૂંસરી મૂકશો, ને તેના તથા તેના લોકના દાસ થશો તો તમે જીવતા રહેશો. જે પ્રજા બાબેલના રાજાની સેવા નહિ કરે તેના સંબંધી યહોવાહ બોલ્યો છે, તે પ્રમાણે તમે, એટલે તું તથા તારા લોક તરવારથી, દુકાળથી તથા મરકીથી શા માટે મરો?" વળી બીજી બાજુએ હનાન્યાહ નામે એક બીજો પ્રબોધક હતો, તે પણ યહોવાહને નામે

બોલવાનો દાવો કરતો હતો. તેણે કહ્યું કે યહોવાહ પણ બીજાં રાજ્યો સાથે સહકાર કરવાની તરફેણમાં છે. તેના પક્ષના માણસો પોતાને 'દેશભક્ત પક્ષના' કહેવડાવતા હતા. તેઓનો નેતા હનાન્યાહ હતો. તેઓએ પોતાનો બચાવ કરવા સારૂ એક વાર ફરીથી મિસરની મદદની અપેક્ષા રાખી. ત્યાંના નવા રાજાને લીધે તેમનામાં નવી આશા ઉદ્દભવી હતી, એટલે તેઓને એમ લાગ્યું હતું કે ફારૂન હોફ્રાની સરદારી નીચે અમે જીત મેળવીશું જ. તેઓએ કહ્યું, કે "યહોવાહના મંદિરનાં પાત્રો અમે પાછાં લાવી શકીશું." પરંતુ યિર્મેયાહે તેમને કહ્યું, કે "તમે તેઓનું માનશો નહિ. બાબેલના રાજાની સેવા કરશો તો તમે જીવતા રહેશો; આ નગર શા માટે ઉજ્જડ થાય? મંદિરનાં પાત્રો! યહોવાહના મંદિરમાં, યહૂદાહના રાજાના મહેલમાં તથા યરૂશાલેમમાં જે પાત્રો બાકી રહેલાં છે તે ખોવાએલાં પાછાં મેળવવાને બદલે લઇ જવામાં આવશે!" પરંતુ સિદકીયાહે તો દેશભક્ત પક્ષને આધીન થઈ બાબેલ સામે બાખડી બાંધી.

એ પછી તરત જ નબૂખદનેસ્સારનું લશ્કર તળેઉપર થઈ ગયું. તેણે વેળાસર યરૂશાલેમને ઘેરી લીધું. પ્રાચીન સમયમાં ઘેરા દરમિયાન દુશ્મનો કિલ્લો તોડવાનાં યંત્રો વડે શહેર પર હુમલો કરતા હતા. તેઓ લાકડાના કિલ્લા ઊભા કરીને તેમને કોટની નજીક અને નજીક હડસેલી જતા, અને તે પરથી તીરંદાજો તથા ગોફણધારીઓ સતત મારો ચલાવીને બચાવ કરનારાઓને તેમની જગાએથી નસાડી મૂકતા. પરંતુ તેમનું સૌથી મોટું સાધન તો એ હતું કે શહેરની ચારે તરફ સંપૂર્ણ નાકાબંધી કરીને તેમને ખોરાક મળતો અટકાવવો અને તેમને ભુખમરાથી હેરાન કરવા કે તેઓ શરણે થઇ જાય. આવા સંજોગોમાં આંતરિક સુધારો કરવાની યિર્મેયાહની વિનંતી સ્વીકારવામાં આવી, કારણ કે રાજા અને પ્રજાને ઇશ્વરની અગત્યનું ભાન થયું હતું. લોકો દાસો તથા દાસીઓને વર્ષો થયાં ગુલામ તરીકે રાખતાં આવ્યાં હતાં તેમને મુક્ત કરવા રાજાએ લોકો સાથે કરાર કર્યો. તદુપરાંત રાજાએ યિર્મેયાહ પાસે સંદેશિયા મોકલ્યા, કે તે તેઓના હકમાં યહોવાહની સલાહ પૂછે. તેણે કહ્યું, કે "કદાપિ યહોવાહ પોતાનાં બધાં ચામત્કારિક કૃત્યો પ્રમાણે આપણી સાથે

વર્તે, અને તેના પરિણામે નબૂખદનેસ્સારને ઘેરો ઉઠાવીને જતા રહેવાની ફરજ પડે." પરંતુ પ્રબોધકે તો તેમને કશી જ આશા બતાવી નહિ. તેણે કહ્યું, કે "લાંબા કરેલા હાથથી તથા બળવાન ભુજથી ને ક્રોધથી, જુસ્સાથી તથા મહાકોપથી હું પંડે તમારી સાથે લડાઇ કરીશ......તે તેઓ પર ક્ષમા, કરુણા કે દયા કરશે નહિ" (યિર્મે. ૨૧; ૫, ૭). તાબડતોબ અને સંપૂર્ણ શરણે થવાની સલાહ યિર્મેયાહે લોકોને આપી. જીવતા રહેવાનો તેમને માટે એ એક જ માર્ગ હતો.

એ અરસામાં મિસરી લોકોએ યરૂશાલેમના ઘેરાની વાત સાંભળી, તેથી ફારૂન હોફ્રા એક બળવાન લશ્કર લઇને પોતાના મિત્રોનો બચાવ કરવા ધસી આવ્યો. આ મુશ્કેલ પરિસ્થિતિનો વિચાર કરી નબૂખદનેસ્સાર યરૂશાલેમનો ઘેરો ઉઠાવી મિસરી લશ્કરનો સામનો કરવા તેની સામે કૂચ કરી ગયો. દેશભક્ત પક્ષના પ્રબોધકોએ યરૂશાલેમના જે બચાવ વિષે કહ્યું હતું તે તો આ રીતે થયો. વળી લોકોએ તો ધાર્યું કે શત્રુઓ હમેશને માટે ચાલ્યા ગયા છે. પરંતુ યિર્મેયાહે તેમને ચેતવણી આપી કે એ ધારણા ખરી નથી. તેઓ તો પાછા આવશે, શહેરની વિરુદ્ધ યુદ્ધ કરશે, તે જીતી લેશે અને તેને અગ્નિથી બાળી નાખશે. આ દમ ખાવાના ટૂંકા વખતનો લાભ લઈને યિર્મેયાહે અનાથોથ જવા ધાર્યું, કારણ કે ત્યાં તેની થોડી મિલકત હતી, તેની વ્યવસ્થા કરવા તે માગતો હતો. પરંતુ શહેરના દરવાજા આગળ એક બેવફા માણસ તરીકે તેની ધરપકડ કરવામાં આવી, અને તેને એક ભોંયરામાં કેદ કરી દેવામાં આવ્યો. ઘણા દિવસ પછી રાજાએ તેને ગુપ્ત રીતે તેડાવ્યો અને ઇશ્વર લોકોને માટે કંઇ બીજો સંદેશો આપે છે કે કેમ તે જાણવા ઇચ્છયું. તેણે રાજાને ભારે દુ:ખસહિત જણાવ્યું કે તેમને બંદીપ્રવાસમાં લઇ જવામાં આવશે એ સિવાય બીજો કંઇ જ સંદેશો નથી. તેણે રાજાને વિનંતી કરી કે તે તેને આવા ત્રાસજનક ભોંયરામાં ફરી કેદ ન કરે. સિદકીયાહે તેના પર દયા રાખીને તેને નજરકેદ રાખ્યો. જ્યાં સુધી શહેરમાં રોટલી મળતી ત્યાં સુધી ત્યાં તેને કકડો રોટલી આપવામાં આવતી.

એટલામાં નબૂખદનેસ્સાર યરૂશાલેમ શહેરના દરવાજા આગળ ફરીથી ગાજતો માલૂમ પડયો. તેણે યરૂશાલેમને ફરીથી ઘેરો ઘાલ્યો.

એટલે શહેરમાં ફરી પાછો ભૂખમરો શરૂ થયો. હજી પણ તેમને ખાતરી હતી કે જો અમે થોડી મુદ્દત શહેર ટકાવી રાખીશું તો મિસરનું લશ્કર સહાય્યમાં પાછું આવશે, અને અંતે તેઓ બાબેલના લશ્કરનો સામનો કરી શકશે. એ બધો વખત યિર્મેયાહ પોતાનો જુનો સંદેશો જાહેર કરતો હતો, કે "જે આ નગરમાં રહે છે તે તરવારથી, દુકાળથી તથા મરકીથી મરણ પામશે, પણ જે કોઇ ખાલ્દીઓને શરણે જશે તે જીવતો રહેશે, ને તેનો જીવ લૂંટ તરીકે ગણાશે" (યિર્મેયાહ ૩૮ ; ૧).

પોતાની પિતૃભુમિ માટે બહાદુરીથી લડતા સૈનિકોને આમ નિરાશ કરતા યિર્મેયાહને મારી નાખવાની સરદારોએ માગણી કરી. યિર્મેયાહની વિરુદ્ધ લોકલાગણી એટલી બધી ઉશ્કેરાઇ ગઇ હતી કે રાજા તે વિષે કશું કરી શકયો નહિ. જો કે તે તેના પ્રત્યે મિત્રભાવ રાખતો હતો, તોપણ તે તેમને દબાવી શકયો નહિ. તેણે નિરાશામાં કહ્યું, કે "જુઓ, તે તમારા હાથમાં છે." તેઓએ તેને એક હવડ કૂવામાં કેદ કરાવી દીધો. તે કૂવો એટલો બધો ઊંડો હતો કે તેને દોરડા વડે તેમાં ઉતારવામાં આવ્યો હતો. જો રાજાના એક મિસરી ચાકરે તેના વિષે ખબર આપી ન હોત અને તેને બચાવવા માટે વિનંતી કરી ન હોત તો ત્યાં જ તે ભૂખે મરી જાત. એ મિસરીએ તેને બચાવી લીધા પછી રાજાએ એક વખતે ગુપ્ત રીતે તેની મુલાકાત લીધી. તે વખતે તેણે ઘેરા વિષેની બધી જ સત્ય વાત જાણવા માગી. જ્યારે રાજાએ તેને વચન આપ્યું કે એ કહેવા માટે તેને કશી જ હરકત થશે નહિ. ત્યારે તેણે તેને ખાતરીપૂર્વક કહ્યું કે નબૂખદનેસ્સારને શરણે જવામાં જ સહીસલામતી રહેલી છે. તેણે કહ્યું, કે "જો તું બાબેલના રાજાના સરદારોના હાથમાં પોતાને સોંપી દેશે નહિ તો શહેર કાસ્દીઓના હાથમાં જશે. તેઓ તેને અગ્નિથી બાળી મૂકશે, અને તું પણ તેમના હાથમાંથી બચી જઇ શકશે નહિ." રાજાએ તેને કહ્યું કે જે યહૂદીઓ કાસ્દીઓ સાથે ભળી ગયા છે તેઓથી હું ડરૂં છું. જો કે યિર્મેયાહે તેને ખાતરીપૂર્વક કહ્યું, કે બીવાનું કશું જ કારણ નથી, અને ઇશ્વરની વાણી સાંભળવા તેને આતુરતાભરી વિનંતી કરી, તોપણ તેની સલાહ સ્વીકારવા પૂરતું મનોબળ તેનામાં હતું નહિ.

આ ઘેરા વખતે લોકોને જે ભારે દુ:ખ ભોગવવું પડયું તેનું બહુ જ કરુણાત્મક વર્ણન યિર્મેયાહના "વિલાપ" નામના પુસ્તકમાં કરવામાં આવ્યું છે. અલબત, જેમ જેમ ઘેરો ભયંકર બન્યો તેમ તેમ તેના રહીશો હતાશ બન્યા અને પોતાનો બચાવ કરવા અશક્તિમાન નીવડ્યા. આ સર્વ દુ:ખો હોવા છતાં યિર્મેયાહને પાકી ખાતરી હતી કે ઈશ્વરના લોકો પિતૃભૂમિમાં પુન:સ્થાપિત થશે, તેથી તો તેણે અનાથોથમાં મિલકત ખરીદી હતી. તેનું કરારનામું કાળજીપૂર્વક રાખી મૂક્યું હતું, અને જે અનુકૂળ સમય વિષે તેને અડગ વિશ્વાસ હતો તેની રાહ તે જોતો હતો. "સૈન્યોનો યહોવાહ, ઈસ્રાએલનો દેવ આમ કહે છે: ઘરો, ખેતરો અને દ્રાક્ષાવાડીઓ આ દેશમાં ફરીથી ખરીદવામાં આવશે," વળી તેણે પ્રબોધ કર્યો, કે ત્યાં દાઊદનો એક પુત્ર ઊભો થશે તે તે ભૂમિમાં ન્યાય તથા નીતિ પ્રવર્તાવશે, વળી સિદકીયાહનું નામ ઉચ્ચારતાં તેણે કહ્યું કે તેનું નામ તો યહોવાહ-ત્સિદ-કેનુ—યહોવાહ આપણું ન્યાયીપણું એવું પડશે. પરંતુ જો કે આ દર્શન ઉચ્ચ છે ખરૂં તોપણ જ્યારે યિર્મેયાહ દૂરથી નવા કરારના દિવસોનું સંદર્શન કરે છે ત્યારે જૂના કરારના આત્મિકપણાના સર્વોચ્ચ શિખરે તે પહોંચે છે: તે પ્રબોધ આ પ્રમાણે છે: "યહોવાહ કહે છે, કે જુઓ, એવો સમય આવે છે કે જે સમયે હું ઈસ્રાએલના વંશજોની સાથે તથા યહૂદાહના વંશજોની સાથે નવો કરાર કરીશ; જે સમયે મેં તેઓના પૂર્વજોને મિસર દેશમાંથી કાઢી લાવવા સારૂ તેઓનો હાથ પકડયો, તે સમયે મેં તેઓની સાથે જે કરાર કર્યો હતો તેના જેવો તે કરાર નહિ થાય; હું તેઓનો ધણી હોવા છતાં મારો તે કરાર તેઓએ તોડયો, એવું યહોવાહ કહે છે. પણ યહોવાહ કહે છે, હવે પછી જે કરાર હું ઈસ્રાએલના વંશજોની સાથે કરીશ, તે આ છે; હું મારો નિયમ તેઓના હૃદયમાં મૂકીશ, તેઓના હૃદયપટ પર તે લખીશ, હું તેઓનો દેવ થઈશ, ને તેઓ મારા લોક થશે. વળી યહોવાહને ઓળખો એમ કહીને, તેઓ હવે પછી દરેક પોતાના પાડોશીને તથા દરેક પોતાના ભાઈને શીખવશે નહિ, કેમકે નાનાથી તે મોટા સુધી તેઓ સર્વ મને ઓળખશે; હું તેઓના અન્યાયની ક્ષમા કરીશ, ને તેઓનાં પાપોનું સ્મરણ ફરી કરીશ નહિ એવું યહોવાહ કહે છે" (યિર્મે. ૩૧; ૩૧-૩૪).

ઘેરો અઢાર માસ પહોંચ્યો. છેવટે બાબેલના લશ્કરને શહેરમાં પ્રવેશ કરવાની જગા મળી. તે વખતે નબૂખદનેસ્સાર તો ઉત્તરે આવેલા રિબ્લાહમાં જઇ રહ્યો હતો. તેણે શહેર કબજે કરવાનું કામ પોતાના છ સરદારોને સોંપ્યું હતું. તેઓની આગેવાની નીચે લશ્કર યરૂશાલેમમાં પેઠું અને તેને ખેદાનમેદાન કરી નાખ્યું. મંદિર પર હલ્લો કરવામાં

આવ્યો. "યાજકો તથા પ્રબોધકોને ઇશ્વરના પવિત્ર સ્થાનમાં કાપી નાખવામાં આવ્યા. પવિત્ર મંદિરમાં જુવાન માણસોને તરવારથી હણી નાખવામાં આવ્યા. જુવાન કે વૃદ્ધ અને સ્ત્રી કે પુરુષો પર તેઓએ દયા દર્શાવી નહિ. જુવાન તેમજ વૃદ્ધ પુરુષોની લાશો શેરીઓમાં ભેગી પડી રહી હતી." આ ત્રાસજનક સમયે સિદકીયાહે તેના કુટુંબ તથા મુખ્ય અમલદારોસહિત નાસી છૂટવાનો યત્ન કીધો. તેઓએ અંધારામાં દક્ષિણના કોટ આગળના દરવાજામાં થઇ કિદ્રોનની ખીણ ઓળંગી, અને ત્યાંથી તેઓ યરદનની ખીણ તરફ નીકળ્યા. જો તેમના પોતાના જ દેશબંધુઓએ તેમને પરસ્વાધીન કર્યાં ન હોત તો તેઓ નાસી છૂટયાં હોત, પરંતુ કાસ્દીઓએ તેમને પકડી પાડયાં. રાજા તથા તેનું કુટુંબ તેના પોતાના જ સૈનિકોની બેવફાઇથી દુશ્મનોના હાથમાં આવ્યાં. તેમને ઉત્તરે રિબ્લાહમાં નબૂખદનેસ્સાર પાસે લઇ જવામાં આવ્યાં. ત્યાં તેમનો મુકરદમો ચલાવવામાં આવ્યો. પોતાની રૂબરૂ પોતાના મિત્રો તથા પુત્રોને મારી નંખાતા જોવાનું અતિ ભારે દુ:ખ સિદકીયાહને જોવું પડયું, અને એ દશ્ય ઇશ્વરની આ સૃષ્ટિ પર તેના ભાગ્યમાં છેલ્લું જ બને માટે તે પછી તરત જ તેની આંખો ફોડી નાખવામાં આવી. તેને બેડીઓ પહેરાવી બાબિલન લઇ જવામાં આવ્યો, અને ત્યાં તે કેદમાં મરણ પામ્યો. એ દરમિયાન યરૂશાલેમ શહેર લૂંટી લેવામાં આવ્યું હતું, મંદિરને બાળી મૂકવામાં આવ્યું હતું, કોટ તોડી પાડવામાં આવ્યો હતો, અને મંદિરનાં પાત્રો લઇ જવામાં આવ્યાં હતાં. પરંતુ સૌથી ખરાબ પરિણામ તો એ હતું કે યહૂદીઓનાં સ્વમાન અને જીવનનો સંહાર કરી નાખવામાં આવ્યો હતો. "વિલાપ" નામનું પુસ્તક લખનાર કવિ તેના વિષે નીચે પ્રમાણે વિલાપ કરે છે :—

"ગુલામો અમારા પર સત્તા ચલાવે છે,
તેઓના હાથમાંથી અમને છોડાવનાર કોઈ નથી.
રાનમાં [ભટકતા લોકો]ની તરવારને લીધે અમારો જીવ
જોખમમાં નાખીને
અમે અમારૂં અન્ન પેદા કરીએ છીએ.
દુકાળના તાપથી
    અમારી ચામડી ભઠ્ઠીના જેવી કાળી થઈ છે.
    તેઓએ સિયોનમાં સ્ત્રીઓની,

યહૂદાહનાં નગરોમાં કન્યાઓની આબરૂ લીધી.
તેઓએ સરદારોને લટકાવી દીધા,
અને વડીલોના મુખનું માન રાખ્યું નથી,
જુવાનોએ દળવાની ઘંટી ફેરવી છે,
ને છોકરાં લાકડાં[ના ભાર]થી લથડતાં ચાલે છે.
વડીલો હવે ભાગળમાં બેસતા નથી,
જુવાનો હવે ગાયન કરતા નથી.
અમારા હૃદયનો આનંદ પતી ચૂકયો છે,
નાચને બદલે રડાપીટ થાય છે" (યિર્મે. વિ. ૫; ૮-૧૫).

એ જમાનાના રિવાજ મુજબ દેશના બળવાન માણસોને બંદીપ્રવાસમાં લઇ જઇને દેશને તદ્દન નિરાધાર કરી નાખવામાં આવ્યો. ગરીબ ખેડૂતો તથા માળીઓ વગર બીજાને પડતા રહેવા દેવામાં આવ્યા ન હતા. યિર્મેયાહને પણ બંદીવાન તરીકે પકડવામાં આવ્યો. તેને રામાહ સુધી સાંકળોથી બાંધીને લઈ જવામાં આવ્યો. રાજાની નીતિ સંબંધી તેના વિચાર તથા તેમાં તેણે ભજવેલો ભાગ બાબેલના રાજાના જાણવામાં આવ્યો હશે તેથી તેને મુક્ત કરવામાં આવ્યો. પોતાના લોકો સાથે બાબેલ જવાની અથવા તો પાયમાલ થએલા શહેર યરૂશાલેમમાંના દુઃખી અવશેષ પાસે પાછા જવાની પસંદગી કરવાનું તેને કહેવામાં આવ્યું. તેણે યરૂશાલેમના ગરીબ ભાઇઓ સાથે રહેવાનું પસંદ કર્યું. રક્ષકટોળીના સરદારની બક્ષિસસહિત, નબૂખદનેસ્સારે હાકેમ તરીકે નીમેલા પોતાના મિત્ર ગદાલ્યાહ સાથે યિર્મેયાહ સહકાર કરવા લાગ્યો.

હાકેમ અને પ્રબોધકને માથે હવે કાંઇ સહેલું કામ ન હતું. તેઓએ લોકોને સમજાવવાના હતા કે તેઓ તેમના માજી દુશ્મનોની જમીનદારી સ્વીકારે અને જે પ્રદેશ ઉજજડ કરી નાખવામાં આવ્યો હતો તે તેઓ ખેડે. ગદાલ્યાહે તેમને ખાતરીપૂર્વક કહ્યું કે તેમની મહેનત નિષ્ફળ જશે નહિ, અને પાક સહીસલામત રહેશે. તેણે કહ્યું, કે "તમે દ્રાક્ષારસ, ઉનાળુ ફળ અને તેલ એકઠાં કરો, અને તમારાં પાત્રોમાં ભરો, અને જે શહેરો તમે લીધેલાં છે તેમાં વસો." બે માસ પછી રાજકુટુંબમાંના ઇશ્માએલ નામે એક માણસે જ્યારે તેઓ સાથે જમતા હતા ત્યારે તેને મારી નાખ્યો. તે

પછી ગદાલ્યાહના અનુયાયીઓની ભારે કતલ ચાલી, અને ઇશ્માએલ મિસ્પાહના માણસોને કેદ પકડીને તેમને આમ્મોન ભૂમિમાં લઇ ગયો. ત્યાંનો રાજા તેની સાથે સારો મેળ રાખતો હતો. પરંતુ તેને પકડી પાડવામાં તથા હરાવવામાં આવ્યો અને પોતાનો જીવ બચાવવા સારૂ તેને નાસી જવું પડયું. તેની ટોળીના બીજા આગેવાનોને પણ બીક લાગી કે અમારાં કામનો બાબેલના રાજાને જવાબ આપવો પડશે, તેથી તેઓ મિસરમાં નાસી ગયા. યિર્મેયાહે ઘણોએ વાંધો ઉઠાવ્યો તેમ છતાં તેને તેઓ પોતાની સાથે લઇ ગયા. તેઓ નાઇલ નદીના ત્રિકોણાકાર પ્રદેશમાં આવેલા એક શહેર તાહ્પાન્હેસમાં વસ્યા. એમ ધારવામાં આવ્યું છે કે ત્યાં યિર્મેયાહ સ્વર્ગવાસી થયો.

"દુનિયાના ઘણાખરા મહાપુરુષોની પેઠે યિર્મેયાહની પણ તેના જમાનામાં કશી જ ગણતરી ન હતી; પરંતુ જ્યારે તે મૃત્યુ પામ્યો ત્યારે તેના આત્માનો પ્રભાવ માણસો જોઇ શકયા ત્યારે જ તેઓ તેનું મહત્ત્વ અને સૌંદર્ય જોઇ શકયા. યિર્મેયાહ જે દુ:ખી જીવન ગાળી ગયો તેમાં કચડાએલી ઇસાએલી પ્રજાએ યુગો સુધી પોતાનું પ્રતિબિંબ દીઠું; વળી તેની મક્કમતા તથા દુ:ખમાંથી તેણે સાચા બનવાની તથા સહન કરવાની હિંમત મેળવી. તેના જીવનનાં દરશ્યોની રૂપરેખા અને તેનાં વચનોનો પ્રતિઘોષ ઘણાં ગીતોમાં દૃષ્ટિગોચર થાય છે; કારણ કે એ ગીતકર્તાઓ પણ શોક અને દુ:ખાગ્નિની ભઠ્ઠીમાં તેના જેવા જ વિશ્વાસુ રહ્યા હતા. પ્રબોધક તરીકે જેની કશી જ ગણના કરવામાં આવી ન હતી, તેને હવે પછી તેઓમાંના સૌથી મહાન પ્રબોધક તરીકે, હા, એકલા જ પ્રબોધક તરીકે, સ્વીકારવામાં આવ્યો છે. વળી તેના વિષે એમ પણ કહેવામાં આવ્યું છે કે જેઓના વિશ્વાસની કસોટી થઇ તેઓને તે આકાશમાંથી બળ આપતા એક દૂતના જેવો દૃષ્ટિગોચર થયો છે."

સમાપ્ત